વિભાવરી વર્મા





મિશન
2 દિલ

કોલેજમાં ધબકતાં ત્રણ દિલોની દાસ્તાન

VISIT…

LANZAROTE

Caliente.com

વિભાવરી વર્મા







લિસન 2 દિલ

કોલેજમાં ધબકતાં ત્રણ દિલોની દાસ્તાન



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

લિસન 2 દિલ

કૉલેજમાં ધબકતા ત્રણ દિલોની દાસ્તાન

વિભાવરી વર્મા

સંપર્કસૂત્ર

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

7, 'અર્થબાગ' 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441

'દ્વારકેશ', રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573

Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

Listen 2 Dil
Written by Vibhawari Varma
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-855-4

દરેક ઉંમરના
યંગ-એટ-હાર્ટ એવા
લાખો ઓનલાઇન
વાચકોને

સપ્રેમ
અર્પણ

વિભાવરી વર્માનાં પુસ્તકોની યાદી

લવ-દશક સિરિઝ

♦ લવ યુ 2 ♦ Miss યુ, બકા ♦ Made 4 ઇચ અધર
♦ Civil મૅરેજ ♦ બાર Dancer

અન્ય પુસ્તકો

♦ રેડિયો લવ લાઇન ♦ નાગમંડલ ♦ સીડી કાંડ

આવનારાં પુસ્તકો

♦ Smiling ફ્લાવર્સ ♦ Darling ડાર્લિંગ ♦ મિડનાઇટ Blue
♦ Black ઍન્ડ White ♦ બિલિયોનેર્સ Baby ♦ Cold ગેમ
♦ બેસ્ટ Friends ♦ True સ્ટોરી ♦ બ્યુટીફૂલ Puzzle
♦ મિસ્ટરિયસલી Yours ♦ મર્ડર 4 Love ♦ Heart બિટ્સ
♦ વાઈરલ Video ♦ ફીલિંગ્સ 4 Sale

પ્રસ્તાવના

ડિયર દોસ્તો,

ગુજરાતી સાહિત્યમાં કદાચ આ પહેલી ઘટના હશે જ્યાં આખેઆખી નવલકથા 'ઓનલાઇન' અને વાચકો માટે બિલકુલ 'ફ્રી' આપવામાં આવી રહી હોય.

'લિસન 2 દિલ' જ્યારે દિવ્ય ભાસ્કરની 'રસરંગ' પૂર્તિમાં ચાલતી હતી ત્યારે દર અઠવાડિયે અસંખ્ય વાચકોના email મળતા હતા. એમાંથી કંઈ સેંકડો વાચકોની એવી ડિમાન્ડ હતી કે શું આખેઆખી નૉવેલ 'સળંગ ઓનલાઇન' ના મળી શકે?

કોઈ વાચકનાં અમુક પ્રકરણો છૂટી ગયાં હોય, તો કોઈ યુવાવર્ગ કૉલેજના અભ્યાસમાં બિઝી હોવાથી નિયમિત રીતે વાંચી ના શક્યો હોય. જોકે મોટે ભાગના રિડર્સની ઇચ્છા એવી હતી કે ''મેડમ, આખેઆખી સ્ટોરી બિગિનીંગથી એન્ડ સુધી, બહુ પ્રેમથી, ફરીથી વાંચવી છે...''

સો, હિયર ઇટ ઇઝ!

Google Play Books અથવા Amazon Kindleમાંથી ડાઉનલોડ કરવા માટે તમે તમારા દોસ્તો અને બહેનપણીઓને પણ કહી શકો છો.

અને હા, વાંચતી વખતે એક વાત યાદ રાખજો... લિસન 2 યૉર દિલ!

હેપ્પી રિડિંગ...

- વિભાવરી વર્મા

E-mail : vibhavari4dil@gmail.com



‘લિસન ટુ દિલ, નો?’

વિદિશા ડ્રેસિંગ ટેબલ સામે બેઠી હતી. સરસ હેન્ડલૂમની ઑફ-વ્હાઇટ સાડી પહેરી હતી. ખાદી સિલ્કનું બ્લાઉઝ. ગળામાં નાનકડા રુદ્રાક્ષની ઇફેક્ટ આપે તેવી માળા. બસ, કપાળે મોટો 25 પૈસાના સિક્કા જેવડો ચાંદલો કરવા જતાં તેનો હાથ અટકી ગયો.

જો અભિજાત હોત તો તેણે શું કહ્યું હોત? એ જ ને ‘લિસન ટુ યૉર દિલ, વિદિશા!’

પણ દિલ કંઈ કહી રહ્યું નહોતું. વિદિશાની છાતીમાંથી એક નિઃશ્વાસ સરી પડ્યો. આજે કૉલેજમાં લેક્ચરર તરીકે જોઇન થવાનો પહેલો દિવસ હતો. વિદિશાને જૉબ પર જવાની સહેજે ઇચ્છા નહોતી થઈ રહી. ઇન ફેક્ટ, એને આ જૉબ કરવી જ નહોતી પણ તેની ફ્રેન્ડ ઉર્વીએ સતત આગ્રહ ચાલુ રાખ્યો હતો.

‘વિદિશા, ક્યાં સુધી આમ અભિજાતની યાદમાં ઝૂરતી રહીશ? તારી સામે આખી જિંદગી પડી છે. કૉલેજની જૉબ જોઇન કરીશ તો તારું મન એમાં પરોવાયેલું રહેશે. એની કૉલેજ ઇઝ ઓલ્વેઝ ફુલ ઑફ યંગ એનર્જી. તને એ કૉલેજ જ ફરી જીવવાની એનર્જી આપશે. પ્લીઝ વિદિશા, ડૉન્ટ રિફ્યુઝ ધ ઑફર.’

ઑફર પણ બહુ સરસ હતી. પાંચ આંકડાની મોટી સેલેરી. પેટ્રોલ, બુક્સ, એપાર્ટમેન્ટનું ભાડું વગેરે પાછળ જે રકમ ખર્ચાય તેનું ફુલ રિ-એમ્બર્સમેન્ટ અને સૌથી મહત્ત્વની વાત એ હતી કે એણે એના કોર્સિસ જે રીતે ભણાવવા હોય તે રીતે ભણાવવાની ફુલ ફ્રીડમ.

‘અભિજાત, હું આ જૉબ કરું?’

જે દિવસે કૉલેજમાંથી ઑફર લેટર આવ્યો હતો તે જ દિવસે તેણે અભિજાતને પૂછ્યું હતું. અભિજાતે જવાબ આપવાને બદલે સામો સવાલ કર્યો હતો. ‘મને શું પૂછે છે? આસ્ક યૉર દિલ... તારું દિલ શું કહે છે?’

‘અરે, જૉબ કરવાનું દિલ હતું એટલે જ તો મેં એપ્લાય કર્યું હતું. પણ એ વખતે વાત અલગ હતી. ત્યારે આપણી સગાઈ નહોતી થઈ.’

‘તો હવે શું ફરક પડે છે? સગાઈ કર્યા પછી ઇંગ્લિશ લિટરેચરના ક્લાસીસ ન લઈ શકાય એવું કઈ યુનિવર્સિટીના રુલ્સમાં લખ્યું છે?’

‘બી સિરિયસ અભિજાત, શું મૅરેજ પછી તું મને જૉબ કરવાનું એલાઉ કરીશ ખરો?’

‘ઓ હલોઓઓ...’ અભિજાતે એની બે આંખોની સામે જોર જોરથી ચાર ચપટીઓ વગાડતાં કડક-તીખા અવાજે કહી દીધું હતું. ‘આ મૅરેજ પહેલાં, અને મૅરેજ પછી, એવું બધું શું છે, હેં? આ તે કંઈ મોબાઇલ

નેટવર્કનો પ્લાન છે? પ્રિ-પેઇડ પોસ્ટ-પેઇડ...? એવું ના હોય. માય ડિયર વિદિશા. જસ્ટ લિસન ટુ દિલ!'

'બસ, તારી પાસે તો દરેક પ્રોબ્લેમનું એક જ સોલ્યુશન હોય છે. લિસન ટુ દિલ.'

'ઑફકોર્સ વળી!' અભિજાતે વિદિશાની હથેળી બે હાથ વડે પકડીને પોતાની છાતી પર ધરીને એકદમ ધીમા અને ભારે ગંભીર અવાજે કહ્યું હતું,

'જુઓ મૅડમ, આ છાતીની લેફ્ટ સાઇડમાં જે દિલ નામના શખ્સ બિરાજે છે ને, આપડે તો બસ, એના જ ગુલામ છીએ. અહીં વડોદરામાં એન્જિનિયરિંગનાં ચાર વરસ અને પછી અમેરિકાની યેલ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનના બીજા અઢી વરસ દરમિયાન આ મિસ્ટર દિલશાહને એકેય છોકરી સાથે ઇલુ-ઇલુની ફીલિંગ્સ થઈ નહોતી. પણ મૅડમ, આપણા સમાજની સો કોલ્ડ જુનવાણી એરેન્જ્ડ મૅરેજની સિસ્ટમ હેઠળ જ્યારે હમોએ તમોને તમારા ઘરમાં તમારા કુણા કુણા હાથ વડે ચા-નાસ્તાની ફૂલ-ફૂલવાળી ડિઝાઇનની ટ્રે ઉપાડીને હમોની તરફ હળવા પગલે આવતાં જોયાં, તે જ ક્ષણે હમોના દિલે તમોના દિલને લાઇક મારવા માટે અંદરથી ટિડિંગ કરતી ઘંટડી વગાડી હતી. બસ, ત્યારથી હમોના દિલને તમોના હૃદય સાથે-'

'ઑફ્ફો! જસ્ટ શટ અપ!' વિદિશાએ ડાઇનિંગ ટેબલ પર પડેલું ચપ્પું ઉઠાવીને મીઠી ધમકી ઉચ્ચારી હતી. 'હવે જો એક પણ શબ્દ આ કનોડિયા સ્ટાઇલમાં બોલ્યો છે ને, તો આ તારો છેલ્લો દિવસ હશે!'

'ચંડિકા ચંડિકા... સાક્ષાત્ ચંડિકા!' અભિજાતે તરત જ કોઈ ધાર્મિક સિરિયલના ભક્તની જેમ બે હાથ જોડીને ગદગદ્ થઈ જતો પોઝ આપી દીધો હતો.

અભિજાતનું ઓવર-એક્ટિંગથી છલકાતું ડાચું જોઈને વિદિશા ફૂઉઉઉ... કરતી હસી પડી હતી. બુઠ્ઠા ચપ્પુની અણી અભિજાતના દિલ ઉપર ભોંકતાં ફરી એ જ સવાલ કર્યો હતો: 'બોલને અભિ... શું કરું?'

અને અભિજાતે એ જ ઓવર એક્ટિંગના લહેકામાં સ્વયં મહાદેવજી આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રા ધારણ કરતાં ગહન અવાજે માર્ગદર્શન આપ્યું હતું: '... લિસન ટુ દિલ, વત્સ!'



બટ, વૉટ વોઝ દિલ સેઇંગ? દિલ શું કહી રહ્યું હતું? વિદિશાને હજી સમજાતું નહોતું પણ અભિજાત એ બાબતે હંમેશાં ક્લિયર હતો.

એક રાત્રે વિદિશા જમ્યાં પછી એના બેડરૂમમાં સૂતી હતી ત્યાં અભિજાતનો ફોન આવ્યો. 'લિસન, મને ગોળધાણા ખાવાનું મન થયું છે!'

'ગોળ-ધાણા?' વિદિશા ચોંકી ઊઠી હતી, 'કેવા ગોળ-ધાણા?'

'કેવા એટલે વળી? આપણી સગાઈના દિવસે ખાધા હતા, એવા! તે દિવસે કોણે બનાવેલા?'

'મમ્મીએ.'

'રાઇટ. તો આજે તારે બનાવવા પડશે. તું ફટાફટ મમ્મી પાસેથી એ ગોળ-ધાણાની રેસિપી શીખી લે હું હમણાં જ ખાવા માટે આવું છું.'

વિદિશાને હસવું આવી ગયું હતું. 'ગોળ-ધાણા ખાવા માટે? શું છેક વડોદરાથી આવવાનો છે તું?'

'આવવાનો નથી, આવી ગયો છું! તું ફટાફટ નીચે ડ્રોઇંગરૂમમાં આવ, મમ્મી કિચનમાં ગોળ શોધી રહી છે.'

'વૉટ ધ-' વિદિશા ચોંકી ગઈ હતી. રાતના પોણા દસ વાગે કોઈ થનાર હસબન્ડ તેની થનારી પત્નીના ઘરે 'ગોળ-ધાણા' ખાવા આવે? વિદિશા સહેજ કપડાં સરખાં કરીને નીચે આવી ત્યારે જોયું તો ભાઈસાહેબ એની મમ્મી અને પપ્પા જોડે સોફામાં ખડખડાટ હસતા બેઠા છે!

'વિદિશા, આઇ ટેલ યુ...' પપ્પા ખુલ્લા દિલે હસતાં હસતાં બોલ્યા હતા 'જમાઇરાજ આટલા હસમુખા હશે તેની મને લગારે કલ્પના નહોતી.'

'વડીલ, મસકાબાજી પછી કરજો. પહેલા વિદિશાને કહો કે ગોળધાણા બનાવે! અને એક મિનિટ-' વિદિશા

પાસે આવીને તેણે આંખ મિચકારતાં કહ્યું હતું. 'આવડશે ને? બાકી રિસ્કી લાગતું હોય તો ના પાડવાની છૂટ છે હોં! જસ્ટ લિસન ટુ યૉર દિલ એન્ડ ડિસાઇડ...'

બસ, બધી જ વાતમાં 'લિસન ટુ દિલ'. બાઇક પર ક્યાંક ફરવા જતાં હોઈએ અને રસ્તામાં કોઈ વરઘોડો નાચતો ગાતો જતો દેખાય તો તરત બ્રેક મારીને બાઇક ઊભી રાખે. 'બોલ વિદિશા, નાચવું છે જાનમાં? પૂછી જો દિલને...'

કોઈ મોંઘી હોટલના ભવ્ય હોલમાં ઓગણીસ જાતની વેરાયટીવાળું બુફે-ડિનર હોય તેવા રિસેપ્શનમાં ઓગણીસે ઓગણીસ આઇટમોનો ભરપેટ સ્વાદ માણ્યા પછી બહાર નીકળીને તે કહેતો 'યાર, આ ચાઇનીઝ, ઇટાલિયન, મેક્સિકન ખાઈને પેટમાં લોચો થઈ ગયો છે. ચલ, માણેકચોક જઈને રગડાપેટીસ ખાવી છે? વૉટ સેય્ઝ યૉર દિલ?'

એકવાર તો એસજી હાઇવે પર થઈ ગયેલા ટ્રાફિક જામમાંથી માંડ પોણા કલાકે કાર નીકળી હતી ત્યાં યુ-ટર્ન મારતાં કહે છે, 'બોલ, અડાલજની વાવ જોવા જવું છે? રાતના કેવી લાગતી હશે? મારી પાસે ટોર્ચ પણ છે. ક્યાંકથી મીણબત્તીઓ મળે તો લઈ લઈએ. ઇટ વિલ બિ અ વન્ડરફુલ સાઇટ... કમ ઓન, લિસન ટુ યૉર દિલ!'

વિદિશાને આઇડિયા ખૂબ જ રોમેન્ટિક લાગ્યો. 'કેન્ડલ લાઇટમાં અડાલજની વાવ! વાઉ! આઇ મીન વાવ! પણ, ત્યાંનો ચોકીદાર આપણને જવા દેશે?'

'ત્યાં જઈએ તો ખરા? પછી જોયું જશે. એ ચોકીદારની પાસે પણ એકાદ દિલ તો હશે ને? ટકોરા મારી જોઈએ. કદાચ ખુલી જાય તો બલ્લે બલ્લે...'

ચોકીદારને ચારસો રૂપિયા વત્તા મીણબત્તીના બીજા સો આપીને અભિજાતે ધરાર અડાલજની વાવમાં ગેરકાયદેસર એન્ટ્રી લીધી હતી. ત્યાં આસપાસ સળગતી લાઇનબંધ ગોઠવેલી મીણબત્તીવાળા એક ઝરૂખામાં બેસીને અભિજાતે વિદિશાનો હાથ પોતાના હાથમાં લઈને પૂછ્યું હતું, 'બોલ, હવે દિલ શું કહે છે?'

વિદિશાએ જરાય અચકાયા વિના કહ્યું હતું 'મને શી ખબર? મારું દિલ તો તું લઈને બેઠો છે...'



વિદિશા હજી અરીસા સામે જ બેઠી હતી. પાછળથી ઉર્વીએ આવીને તેને ઢંઢોળી. 'કમ ઓન વિદિશા, રેડી થઈ જા.'

વિદિશાનું દિલ બેસી રહ્યું હતું. 'રેડી? આઇ એમ નોટ રેડી ફોર ધીસ, ઉર્વી.'

ઉર્વી હળવેકથી તેના ખભા પર હાથ પસવારતાં બાજુમાં બેઠી 'લિસન વિદિશા, તારા દિલની નહીં, અત્યારે તારા માઇન્ડની વાત પર ભરોસો મૂકવાનો સમય છે.'

'સમય?' વિદિશાની આંખો છલકાઈ ગઈ. 'સમય જ ક્યાં આપ્યો અભિજાતે?'

ઉર્વીએ તેની આંખો છલકાવા દીધી. થોડી વારે વિદિશાને ટિશ્યુ પેપર આપતાં તેણે કહ્યું, 'ટાઇમ ઇઝ ધ ગ્રેટેસ્ટ હીલર... સમય ઘણા ઘાવને રુઝાવી શકે છે. કમ ઓન વિદિશા, આ એક તક તારી સામે આવીને ઊભી છે. બસ, સવાલ તારી જાતને જ એક તક આપવાનો છે. પ્લીઝ વિદિશા, ગિવ યૉરસેલ્ફ અ ચાન્સ...'

વિદિશાને પણ થયું, ચાલો, સમય જોડે એક ચાન્સ લઈ જોઈએ. બહુ બહુ તો શું થશે? નહીં ગમે તો નોકરી છોડતાં કોણ રોકવાનું છે?

તેણે ફરી પેલો 25 પૈસાના સિક્કાની સાઇઝનો ચાંદલો ઉપાડ્યો. અરીસામાં જોઈને મન મક્કમ કરીને પોતાની જાતને પૂછી જોયું. છેક ઊંડે ઊંડેથી જાણે એક પડઘો સંભળાયો: 'લિસન ટુ દિલ, વિદિ...'

વિદિશાએ બરોબર કપાળની વચ્ચોવચ એ ચાંદલો લગાડી દીધો.



કૉલેજમાં જોઇન થવાની ફૉર્માલિટીઝ પત્યા પછી ચોથો પિરિયડ વિદિશાનો હતો. વાઇસ પ્રિન્સિપાલ મિસિસ પંડ્યાએ હાથ મિલાવીને તેને ગુડલક વિશ કરતાં કહ્યું હતું, 'મિસ વિદિશા, આઇ રિયલી રિયલી રિયલી વિશ યુ બેસ્ટ ઑફ લક.'

'બાય' કરતાં પહેલાં તેમણે બે આંગળીઓ એકબીજા સાથે ક્રોસ કરી હતી. વિદિશાને જરા હસવું આવી ગયું. યાર, આ કંઈ બારમા-દસમાની એક્ઝામ થોડી હતી કે ગુડલક માટે ફિંગર્સ, ક્રોસ કરવી પડે? ઉપરથી મિસિસ પંડ્યા ત્રણ ત્રણ વાર 'રિયલી રિયલી રિયલી' બોલ્યાં! એ બિચારાં પોતે જ નર્વસ હશે. એની વે, એવા વિચારો ખંખેરીને વિદિશા કોરિડોરમાં પહોંચી.

વર્ગખંડમાં દાખલ થતાં જ આખો ક્લાસ ઊભો થઈને ફુલ સ્માઇલ સાથે બોલી ઊઠ્યો 'ગુડમોર્નિંગ વિદિશા મૅડમ! ગુડમોર્નિંગ!'

વિદિશાને નવાઈ લાગી. ઇંગ્લિશ લિટરેચરના પહેલા જ લેક્ચરમાં આખો ક્લાસ ફુલ? કોઈ બંક નહીં? કોઈ એબ્સન્ટ નહીં? જોકે વિદિશા માટે હજી બીજાં સરપ્રાઇઝીસ બાકી હતાં. 'ગુડમોર્નિંગ ક્લાસ...' કહીને તેણે સૌને બેસવા ઇશારો કર્યો. બહુ ઓછા શબ્દોમાં તે પોતાનો પરિચય આપી રહી હતી ત્યાં એક છોકરાએ કહ્યું:

'મૅડમ, તમારી ઉપરનો પંખો બંધ છે, સ્ટાર્ટ કરું?'

'વ્હાય નોટ?' વિદિશાએ કહ્યું. પેલો છોકરો સ્વિચ બોર્ડ પાસે ગયો. પંખાની સ્વિચ પાડી. એક મોટા 'ખટાક!' અવાજ સાથે વિદિશાની ઉપરનો પંખો સ્ટાર્ટ થાય એ પહેલાં તેણે જોયું કે એક જ ક્ષણમાં આખા ક્લાસે પોત-પોતાના ચહેરા ઉપર રૂમાલ અથવા દુપટ્ટો બાંધી દીધા હતા! વિદિશા હજી તેનું કારણ વિચારે ત્યાં તો પંખાનાં પાંખિયામાંથી કંઈ વિચિત્ર પ્રકારનો પાઉડર ખરી રહ્યો હોય તેમ લાગ્યું! વિદિશા હજી એ પાઉડર શેનો હશે તે વિચારે એ પહેલાં તેને ધડાધડ છીંકો આવવા લાગી!

'હાક છીં! હાક છીં! હાક છીં!' સામટી એક ડઝન છીંકો આવી ગયા પછી પણ તે બંધ થતી નહોતી. આખો ક્લાસ, સૉરી, આખો 'બુકાનીધારી ક્લાસ' ખડખડાટ હસી રહ્યો હતો કારણ કે પંખાનાં પાંખિયાં ઉપર તેમણે ખાસ્સી એવી ક્વૉન્ટિટીમાં છીંકણી પાથરી રાખી હતી!

વિદિશાએ જિંદગીમાં ક્યારેય એક ચપટી છીંકણી પણ સૂંઘી નહોતી. જ્યારે અહીં તો પૂરી 250 ગ્રામ છીંકણી તેના શરીરની આસપાસ ઘૂમરીઓ લઈ રહી હતી. તેની છીંકો કેમે કરીને અટકે એવા કઈ ચાન્સ હતા જ નહીં. છીંકો પછી ઉધરસ શરૂ થઈ ગઈ. 'હાઉ છીં' અને 'ખોં... ખોં...' કરતાં કરતાં વિદિશાની આંખો અને નાકમાંથી પ્રવાહીની ધાર ચાલવા લાગી.

નાક લાલચોળ અને ગાલ, હોઠ, ગળું ફૂલીને દડા જેવાં થઈ ગયાં. વિદિશાના ગળામાંથી એકાદ શબ્દ નીકળી શકે એટલા પણ તેના હોશ નહોતા. એ જ વખતે બારણાની બહારથી મિસિસ પંડ્યાનો કડક અવાજ સંભળાયો:

'વૉટ ઇઝ ધીસ નોન્સેન્સ ગોઇંગ ઓન?'

બીજી જ ક્ષણે આખો ક્લાસ પાછલે બારણેથી તથા વિશાળ ખુલ્લી બારીઓમાંથી કૂદકા મારતો ગાયબ થઈ ગયો. વિદિશા હજી હાંફી રહી હતી. મિસિસ પંડ્યાએ તાત્કાલિક પટાવાળાને બોલાવીને વિદિશાને વૉશરૂમમાં મોકલી આપી.

પાણીની અનેક છાલકો માર્યા પછી વિદિશા કંઈક હોશમાં આવી. નેપકિન વડે મોં લૂછતાં તે બહાર આવી ત્યારે મિસિસ પંડ્યા સહિત તમામ લેક્ચરરો તથા પ્રોફેસરોનો સ્ટાફ તેની સામે ઊભો હતો. મિસિસ પંડ્યાએ કહ્યું: 'આઇ એમ સૉરી, પણ મારે તમને કહેવું જોઈતું હતું કે નવા ફેકલ્ટી મેમ્બરનું તોફાની રીતે સ્વાગત કરવાનો અહીંયાં સ્ટુડન્ટસનો રિવાજ છે. વી આર રિયલી વેરી વેરી સૉરી...'


વિદિશા શું કહે? ખબર નહીં કેમ, એ જ ક્ષણે એના મનમાં વિચાર ઝબકી ગયો કે અભિજાત જો આ કૉલેજમાં હોત તો એણે પણ કંઈક આવું જ તોફાન કર્યું હોત ને?

વિદિશા હસી પડી. તેણે કહ્યું, ‘વૉટ સૉરી? ઇન ફેક્ટ, આઇ લાઇક્ડ ઇટ!’

આટલું કહ્યા પછી વિદિશાને લાગ્યું કે હા, તેણે પોતાના દિલનો અવાજ તો સાંભળ્યો હતો, પણ હવે કાલે શું થશે?



પુસ્તક પરિચય



ગાર્બેજથી ગ્લેમર સુધીની રિવેન્જ-સ્ટોરી

'મુંબઈમાં ડાન્સ બાર ફરી ચાલુ થશે...' આ સમાચાર મળતાં જ એક સમયની બાર-ડાન્સર, પણ હાલ બેકારીમાં કામવાળી બનેલી પાર્વતીના મનમાં નવા અરમાન જાગે છે ફરી બાર ડાન્સર બનવાના! પણ બીજી તરફ ખબર મળે છે એને દગો દઈને ભાગી ગયેલો જૂનો પ્રેમી દૂબઈમાં નવાં લગ્ન કરવાનો છે! શું કરશે પાર્વતી?


આ વિભાવરી વર્મા કોણ છે? એનો ક્યારેય ફોટો પણ કેમ નથી દેખાતો? એનો ફેસબુક એકાઉન્ટ કેમ નથી?

આ બધા સવાલો છોડો. હકીકત એ છે કે આજના મૉડર્ન જમાનાના યુવાનોની દુનિયાની વાતોમાં તથા એમના કૉમ્પ્યૂટરોમાં, સ્માર્ટ ફોનોમાં, કૉલેજ કૅન્ટીનોમાં અને યંગ-યંગ દિલોમાં જે ફિલિંગ્સ ધબકે છે એની સાથે તાલ મિલાવતી આ એક સાવ નવી ફ્રેશ કલમ છે, જેને લાખો વાચકોએ ખુલ્લા દિલે આવકારી છે!

નોટ જસ્ટ ધેટ, યંગ એર હાર્ટ હોય એવાં સિક્સ્ટી પ્લસ સજ્જન સન્નારીઓ પણ વિભાવરી વર્માને નિયમિત વાંચે છે કારણકે વિભાવરી વર્માની વાર્તાઓમાં ઉપરછલ્લો છીછરો રોમાન્સ નથી, એક મિનિંગફુલ ઊંડાણ પણ છે...

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



મોહક... રોચક... જીવંત... ધારદાર...!

Love You લાવણ્યા આ વાર્તા તમારે શા માટે વાંચવી જોઈએ? પહેલાં એ કહો કે તમે વાર્તા શા માટે વાંચો છો?

વાર્તા જીવનનો અરીસો હોય છે. સ્વકેન્દ્રી માણસો તો માત્ર કાચના અરીસામાં પોતાની જાતને નિહાળીને ખુશ થાય છે પણ જેઓ સમસ્ત માનવજાતને પ્રેમ કરે છે એ લોકો વાર્તાઓમાં જગતનો અરીસો નિહાળી જીવન વિશેની પોતાની સમજ વધારવાની કોશિશ કરે છે.

*


Love You લાવણ્યા એક લાગણીસભર અને તાજગીસભર વાર્તા છે. વાર્તા સાવ નવી છે પણ અટપટી કે ભારેખમ નથી. એના પાત્રો મોહક છે. વર્ણનો જીવંત છે. વળાંકો રોચક છે. સંવાદો ધારદાર છે.

*

Love You લાવણ્યા એ ગુજરાતી વાર્તાજગતને એક નવા નવલકથાકારની ભેટ આપી રહી છે. ગઝલકાર અને નાટ્યકાર તરીકે ઊંચી નામના ધરાવનાર રઈશ મનીઆરની આ પ્રથમ નવલકથા છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



જીવનને ભરપૂર જીવી લીધું હોય,
બધું જ સભર હોય
છતાં પાછલી જિંદગીની એક નમતી સાંજે
એકાદ ચહેરો મનમાં છલકાઈ જાય.
એવું બને ત્યારે પ્રશ્ન થાય
કઈ ક્ષણ સાચી?
કે પછી બંને જ સાચી?

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



'વૉટ સૉરી? ઇન ફેક્ટ, આઇ લાઇક્ડ ઇટ!'

કૉલેજમાં લેક્ચરર તરીકેની નોકરીના પહેલા જ દિવસે પહેલો જ ક્લાસ લેવા જતાં વિદિશાની ફીરકી લેવાઈ ગઈ હતી. સ્ટુડન્ટોએ સિલિંગ ફેનનાં પાંખિયાં ઉપર 250 ગ્રામ છીંકણી પાથરી રાખી હતી. 'મૅડમ, પંખો ચાલુ કરું?' એવું પૂછીને એક સ્ટુડન્ટે પંખાની સ્વિચ પાડી. બીજી જ ક્ષણે છોકરા-છોકરીઓએ પોતાનાં મોં રૂમાલ અથવા દુપટ્ટા વડે ઢાંકી દીધાં... અને બિચારી વિદિશા? છીંકો અને ઉધરસો ખાઈ ખાઈને એની હાલત ખરાબ થઈ ગઈ હતી.

વાઇસ પ્રિન્સિપાલ મીસીસ પંડ્યાએ આખું કારસ્તાન પતી ગયા પછી ફોડ પાડ્યો હતો કે 'સૉરી, નવા ફેકલ્ટી મેમ્બરનું જરા તોફાની રીતે સ્વાગત કરવાનો અહીંના સ્ટુડન્ટોનો રિવાજ છે.'

છતાં વિદિશા હસી પડી હતી. માત્ર એક જ વિચારે, કે જો અભિજાત આ કૉલેજમાં હોત તો એણે પણ આવું જ કંઈક કર્યું હોત ને? અભિજાત હંમેશાં કહેતોઃ 'વિદિ, લિસન ટુ દિલ...'

પણ હવે કાલે શું થશે? વિદિશાના મનમાં એક વિચાર ફરકી ગયો કે આખું વરસ સ્ટુડન્ટો આવી જ હરકતો કરતા રહેશે તો? જોકે વિદિશાને બીજા દિવસની રાહ જોવી ન પડી. કૉલેજમાં છેલ્લો પિરિયડ પતવા આવ્યો હતો. મોટાભાગના ફેકલ્ટી મેમ્બરો વિદાય લઈ ચૂક્યા હતા. મીસીસ પંડ્યા પણ 'બાય, ઓલ ધ બેસ્ટ, વેલકમ ટુ અવર કૉલેજ' વગેરે કહીને જતાં રહ્યાં હતાં. ત્યાં સ્ટાફ-રૂમની બહાર થોડી હલચલ સંભળાઈ.

વિદિશા બહાર આવીને જુએ છે તો આખેઆખો ક્લાસ ડાહ્યોડમરો થઈને બહાર ઊભો છે. 'શું વાત છે?' વિદિશાએ પૂછ્યું.

'મૅડમ, વિ આર રિયલી વેરી સૉરી.' વાંકડિયા વાળવાળો એક માસૂમ લાગતો છોકરો બોલ્યો. 'મૅડમ, અમારા તોફાનથી તમારી તબિયત બગડી જશે એવો અમને કોઈ અંદાજ નહોતો. જુઓને, હજી તમારું નાક લાલઘૂમ છે.'

'ઇટ્સ ઓકે.' વિદિશા હસી. 'તમે તમારો ફર્સ્ટ-ડે વેલકમનો રિવાજ પાળ્યો ને? ઇન ફેક્ટ, મને આ તોફાન ગમ્યું!'

'શું વાત કરો છો?' 'રિયલી?' 'ઓ વાઉ!' 'મૅડમ આપણાં જેવાં જ છે નહીં?' 'ધેટ મિન્સ કે તમે પ્રિન્સિપાલને કોઈ કમ્પ્લેન નહીં કરો ને?'

કાબરોનાં ટોળાંને શાંત કરતી હોય તેમ વિદિશાએ કહ્યું, 'હોતું હશે? હું પણ તમારા જેવી જ છું ને? થોડી મસ્તી ના હોય તો કૉલેજ લાઇફનો મતલબ શું છે?'

'થેન્ક યુ સો મચ મૅડમ!' વાંકડિયા વાળવાળા છોકરાએ ભગવાનને પગે લાગતા હોઈએ તેમ વિદિશા સામે હાથ જોડ્યા, 'મૅડમ, જો એમ જ હોય તો બીજી એક રિક્વેસ્ટ છે.'

'બોલો ને!' વિદિશાએ ખુલ્લા દિલનું સ્માઇલ આપ્યું. તરત જ બધા સ્ટુડન્ટોએ પોતાની પીઠ પાછળ રાખેલા ફૂલોના બુકે કાઢતાં કહ્યું, 'મૅડમ, અમે તમને વેલકમ કરવા માટે આ ગુલદસ્તાઓ આપવા માગીએ છીએ! એન્ડ પ્લીઝ ફરગિવ અસ? પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ...'

'ઓકે...' વિદિશા હસવા લાગી. 'તુમ્હીં ને દર્દ દિયા હૈ, તુમ્હીં દવા દેના!'

વિદિશાની શાયરીથી બધા સ્ટુડન્ટો ખુશ થઈ ગયા. વિદિશાએ કહ્યું, 'આમ બહાર શું ઊભા છો? અંદર સ્ટાફ-રૂમમાં આવો ને!'

સ્ટુડન્ટોનું ઝુંડ અંદર આવ્યું. સૌએ વારાફરતી વિદિશાને બુકે આપી આપીને સેલ્ફીઓ લીધી. અમુક સ્ટુડન્ટોએ મીઠાઈનાં બોક્સ ખોલીને, આગ્રહ કરતાં કરતાં વિદિશાને પેંડા ખવડાવવા માંડ્યા. એક, બે, ત્રણ એમ કરતાં વિદિશા સ્ટુડન્ટોના આગ્રહને વશ થઈને પૂરા સાત પેંડા ખાઈ ગઈ. બધા સ્ટુડન્ટો 'થેન્કયુ મૅડમ...' કરતાં બહાર જતા રહ્યા. બસ, પેલો વાંકડિયા વાળવાળો, માસૂમ લાગતો છોકરો હજી ઊભો હતો. વિદિશાએ પૂછ્યું, 'કેમ, તારે નથી જવાનું?'

'મૅડમ, આઇ એમ સૉરી, પણ તમે બહુ જ ભોળાં છો.'

'કેમ? સ્ટુડન્ટોના બુકે લેવા, પેંડા ખાવા, એમાં કંઈ ખોટું થોડું છે?' વિદિશાનો જવાબ સાંભળીને પેલો છોકરો બાજુમાંથી એક ખુરશી ખેંચીને સામે બેઠો.

'જુઓ મૅડમ, મારું નામ મેહુલ છે. આખા ક્લાસમાં હું જ એક સીધો છોકરો છું. બાકીના તમામ સ્ટુડન્ટો શયતાનોની આખી ફોજ છે. તમે હજુ કેમ સમજતાં નથી?'

'એમાં સમજવાનું શું છે?' વિદિશાએ ખભા ઉલાળ્યા. 'ઇન ફેક્ટ, મને તો બધા બહુ વોર્મ અને હસમુખા લાગ્યા.'

'ત્યાં જ તમારી ભૂલ થાય છે. તમને શું લાગે છે. આ બધા તમને વેલકમ કરવા આવ્યા હતા? સૉરી કહેવા આવ્યા હતા?'

'હાસ્તો વળી, કેમ?'

જવાબમાં મેહુલે ટેબલ પર પડેલાં આઠ-દસ વેલકમ કાર્ડઝમાંથી એક ઉપાડીને બતાડતાં કહ્યું, 'આ જુઓ... શું લખ્યું છે? Welcome Vidisha Medameને બદલે તમામ કાર્ડઝમાં આ રીતે લખ્યું છે... Welcome VidiSHAMEdame!'

વિદિશા ચોંકી ગઈ! પોતાના નામના સ્પેલિંગમાં SHAME શબ્દને સાંકળી લેવાની કરામત પર હસવું? કે આને અપમાન સમજવું? મેહુલે આગળ ચલાવ્યું:

'તમને તે મીઠાઈનાં આખે આખાં બોક્સ પધરાવ્યાં છે ને? એ ખોલીને એકાદ મીઠાઈ ચાખી જુઓ... એકેએક મીઠાઈ પ્લાસ્ટિકની છે! સો ટકા બનાવટી અને એકદમ નકલી!'

'હેં?' વિદિશા ડઘાઈ ગઈ. મેહુલે તો એ જ માસૂમ ચહેરો લઈને સામે બેઠો હતો. તેણે કહ્યું 'આ તો કંઈ નથી. તમને આગ્રહ કરી કરીને જે પેંડા ખવડાવ્યા ને-'

'હા... ખાસ્સા સાત-આઠ પેંડા ખવડાવી દીધા મને!' વિદિશા બોલી ઊઠી, 'શું હતું એ પેંડામાં?'

'ઘેનની દવા!' મેહુલે ધીમે રહીને સ્ટાફ-રૂમની દીવાલ પર લગાડેલી ઘડિયાળ તરફ આંગળી ચીંધતાં કહ્યું, 'જો તમે દસ-પંદર મિનિટમાં ઘરભેગાં નહીં થઈ શકો તો તમે તમારી ટેક્સીમાં, કે કારમાં અથવા રિક્ષામાં જ બેઠાં બેઠાં ઘસઘસાટ ઊંઘતાં થઈ જશો! એ પણ બે-ત્રણ કલાક સુધી!'

'માય ગોડ!' વિદિશા ગભરાઈ ગઈ.

'હજી બાકી છે, જુઓ, આ આખેઆખો ગુલાબોથી ભરપૂર જે બુકે છે ને... એને કાન પાસે લાવીને ધ્યાનથી સાંભળો. કંઈ સંભળાય છે?'

વિદિશાએ ડરતાં ગભરાતાં ગુલાબોનો બુકે પોતાના કાને માંડ્યો. અંદરથી રીતસર ધીમા અવાજે 'ટક... ટક... ટક...' અવાજ આવી રહ્યો હતો!

'ઓ માય ગોડ! શું છે આ?' વિદિશા હવે ખરેખર ડરી ગઈ.

મેહુલે શાંતિથી કહ્યું, 'મૅડમ, એમાં એક નાનકડો ટાઇમ બોમ્બ છે. તમે જ્યારે પેંડામાં ભેળવેલી ઘેનની દવાથી ઘસઘસાટ ઊંઘમાં પડીને નસકોરાં બોલાવી રહ્યાં હશો ને, ત્યારે આ બોમ્બ ફૂટશે!'

'હેં?' વિદિશાના ચહેરા પર પરસેવો વળી ગયો.

મેહુલે ખિસ્સામાંથી નેપકિન કાઢીને આપતાં આખી પરિસ્થિતિ સમજાવી. 'જરા કલ્પના કરી જુઓ મૅડમ... તમે ઘસઘસાટ ઊંઘતાં હશો ત્યારે જ આ બોમ્બ ફૂટશે! લોકોનાં ટોળેટોળાં ભેગાં થઈ જશે! કોઈ તમને મરેલું સમજીને 108 બોલાવી હોસ્પિટલમાં પહોંચાડી દેશે... ત્યાં વળી ઇમર્જન્સીમાં જે ડૉક્ટર હાજર હોય તેને ક્યાંથી ખ્યાલ આવશે કે તમે ઘેનની અસરમાં ઊંઘો છો? એ જો તમને બેભાન સમજીને કંઈ ભળતી જ ટ્રીટમેન્ટ આપવા માંડશે તો ઓડનું ચોડ થતાં વાર નહીં લાગે. તમે મારી વાત સમજી રહ્યાં છો ને?'

વિદિશાને હવે ધ્રુજારી ચડવા લાગી. તેણે આસપાસ જોયું. સ્ટાફ-રૂમમાં બીજું કોઈ નહોતું. ઘડિયાળનો ટાઇમ જોતાં લાગ્યું કે કૉલેજ પૂરી થયાને પણ અડધો કલાક વીતી ગયો છે. સ્ટાફ-રૂમની બહાર એક પટાવાળો હાથમાં તાળું લઈને ઊભો હતો એ રાહ જોતો હતો કે નવાં મૅડમ ક્યારે નીકળે...

'માય ગુડનેસ...' વિદિશા માંડમાંડ બોલી શકી. 'તમે લોકો બધા બહુ ડેન્જરસ છો.'

'બધા નહીં.' મેહુલે કહ્યું, 'બધામાં હું એક જ સીધો છું એટલે જ તો તમને આ બધું કહેવા માટે ઊભો રહ્યો...'

'ઓહ... આઇ સી.' વિદિશાને થયું, ચાલો, આ ડાહ્યો છોકરો અહીં ઊભો રહ્યો એટલું તો આશ્વાસન છે? વિદિશાને બે ક્ષણ માટે જે શાંતિ થઈ તે ત્રીજી ક્ષણે ફરી તૂટી ગઈ. 'એક મિનિટ, મેહુલ... હવે શું થશે? મને ઊંઘ આવી જશે તો? તું... તમે મને મારા ઘરે મૂકી જશો, પ્લીઝ?'

'મૅડમ, તમે તમે ના કરો.' મેહુલ ઊભો થઈ ગયો. 'હજી તમને ઘેન ચડતાં દસ-પંદર મિનિટ તો થશે. ત્યાં સુધીમાં તમે જાતે ડ્રાઇવ કરીને-'

'ના ના! એવું રિસ્ક ના લેવાય!'

'તો ટેક્સી કરાવી દઉં?'

વિદિશાએ તરત જ ના પાડી. 'ટેક્સીવાળો મને ભર ઊંઘમાં જોઈને ક્યાંક આડે અવળે પહોંચાડી દે તો? હું મારી એક ફ્રૅન્ડ ઉર્વીના ઘરે ઊતરી છું. મારી પાસે એડ્રેસ તો છે પણ મેં બરોબર રસ્તો પણ નથી જોયો. ના, ના, ટેક્સીનું જોખમ ના લેવાય.'

'તો એક જ ઓપ્શન છે.' મેહુલે જરા ખચકાતાં કહ્યું. 'તમારે મારી બાઇક પર બેસવું પડશે. પણ...'

'પણ શું?' વિદિશાએ પૂછ્યું.

મેહુલે વધુ શરમાતાં, વધુ ખચકાતાં, માથું નીચું રાખીને પગના નખ વડે ભોંય ખોતરતો હોય એમ ખૂબ જ નર્વસ અવાજે કહી દીધું: 'મૅડમ, બસ એક જ ધ્યાન રાખવું પડશે. તમારે મારી કમરને, બરોબર પકડીને બેસવું પડશે. યુસી, નહીંતર...'

'ઓકે, ઓકે, આઇ કેન અંડરસ્ટૅન્ડ.' વિદિશાએ એનું પર્સ ઉપાડ્યું, ટેબલ પર પડેલા ફૂલોના બુકે તથા વેલકમ કાર્ડઝ ત્યાંના ત્યાં જ રહેવાં દીધાં. મનમાં વિચાર આવી ગયો કે જો આ બિચારો મેહુલ ના હોત તો મારું શું થાત?

વિદિશાએ મેહુલના ખભે ટપલી મારી. 'કમ ઓન, લેટ્સ નોટ વેસ્ટ એની ટાઇમ.'

'હા મૅડમ, પણ મેં કહ્યું એ તમને ખ્યાલ આવી ગયો ને? તમારે મારી કમર ફરતે બરોબર હાથ વીંટાળીને...'

બિચારો બોલતાં બોલતાં એટલું શરમાઇ રહ્યો હતો કે તેના ગાલ લાલચોળ થઈ ગયા. વિદિશાએ જોયું કે શરમથી મેહુલના કાનથી બૂટ પણ ગુલાબી થઈ ગઈ હતી. કેટલો ભોળો હતો?

બંને બહાર આવ્યાં. મેહુલ ફટાફટ પોતાની બાઇક લઈને આવી ગયો. કૉલેજનું મેદાન સાવ ખાલી હતું. વિદિશા બાઇકની પાછલી સીટ પર બેસે તે પહેલાં મેહુલ બોલ્યો, 'મૅડમ, એક કામ કરો ને, મને તમારાં પેલાં ઉર્વીબહેનનું લોકેશન મારા મોબાઇલમાં સેન્ડ કરી દો ને, કદાચ છે ને ટ્રાફિકમાં મોડું થયું તો હું કોને પૂછીશ?'

'ધેટ્સ રાઇટ' વિદિશાએ મેહુલનો નંબર લઈને તેની ઉપર ઉર્વીનું લોકેશન મોકલી દીધું.

'બરોબર પકડીને બેસજો હોં?' આઇ એમ સો સૉરી, મને આ બધું બહુ ઓકવર્ડ લાગે છે પણ શું કરું? મૅડમ, મને ખરેખર બહુ શરમ આવી રહી છે.'

'શટ અપ.' વિદિશાએ પાછલી સીટ પર ગોઠવાતાં કહ્યું, 'તને ભલે શરમ આવતી હોય, મને નથી આવતી. સમજ્યો? નાવ, જસ્ટ સ્ટાર્ટ ધ બાઇક!'

મેહુલે બાઇક સ્ટાર્ટ કરી. વિદિશાને પોતાની પૂરેપૂરી સલામતીનું ધ્યાન રાખવાનું હતું એટલે આજુબાજુના લોકો જોશે તો શું વિચારશે તેની પરવા કર્યા વિના તેણે મેહુલની કમર ફરતે પોતાનો હાથ વીંટાળીને બરોબર ગ્રીપ જમાવી લીધી. બાઇક કૉલેજના કમ્પાઉન્ડમાંથી નીકળીને શહેરના રસ્તા પર આવી ગઈ. વિદિશાને હતું કે લોકોની નજરો તેમની ઉપર હશે પણ એવું કંઈ બન્યું નહીં, એકાદ બે જુનવાણી કાકા ટાઇપના માણસોએ બે ઘડી જરા ધ્યાનથી જોયું, એટલું જ.

મેહુલે પોતાના બાઇકની ટાંકી ઉપર મોબાઇલ બરોબર ગોઠવીને રાખ્યો હતો. દરેક વળાંક પર સ્ક્રીનમાં નજર મારીને ગૂગલ-મેપ દેખાડે તે રસ્તો ચેક કરી લેતો હતો. રસ્તામાં ટ્રાફિક ખાસ્સો હતો. રોડ પણ કંઈ સ્મૂધ નહોતો. વારંવાર મેહુલે બ્રેક મારવી પડતી હતી. દરેક વખતે વિદિશાનું શરીર મેહુલની પીઠ પર ચંપાઇ જતું હતું.

આમ કરતાં કરતાં લગભગ અડધો કલાક વીતી ગયો. વિદિશાને હવે શંકા પડી, 'મેહુલ, મને કેમ ઊંઘ નથી આવી રહી?'

'કદાચ તમે બે પેંડા ઓછા ખાધા હશે.'


'નો, વેઇટ.' વિદિશા અચાનક બોલી ઊઠી. 'મેહુલ, સ્ટોપ ધ બાઇક.' મેહુલે ઝટકા સાથે બાઇક રોકી દીધી. આસપાસ સોસાયટી અને એપાર્ટમૅન્ટોનો ખુલ્લો વિસ્તાર હતો. વિદિશાએ ઘડિયાળમાં જોયું. 'મેહુલ, તું તો દસ પંદર મિનિટનું કહેતો હતો. આ તો ખાસ્સી 40 મિનિટ થઈ ગઈ... મેહુલ, મામલો શું છે?'

મેહુલના માસૂમ ચહેરા પર સ્માઇલ આવ્યું. 'મૅડમ, મામલો એમ છે કે કૉલેજનો તમારો ફર્સ્ટ-ડે હજી પૂરો નથી થયો! ત્યાં જુઓ...'

મેહુલે જે દિશામાં આંગળી ચીધી ત્યાં, ગલીના છેડે બાઇકો અને સ્કૂટરો ઉપર કૉલેજના સ્ટુડન્ટોનું ઝુંડ ખડખડાટ હસતું ઊભું હતું!



પુસ્તક પરિચય




અવનવી એટલે અવનીની કથા

કૂપમંડુકની સંકુચિત દુનિયામાંથી
બહાર નીકળી ઉજાસભર્યા
વિશાળ ગગનમાં વિહરવાનું.
દેશ પ્રદેશનાં પ્રવાસ,
જાતજાતનાં માણસોનો સમાગમ.
અવનવા અનુભવોથી ભર્યુંભર્યું જીવન.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય




એક અધૂરી ઘટના લેખકની સામે આવે અને ભલભલા સમાજસેવકો, પત્રકારો, અરે વિખ્યાત દેશનેતાઓ સુધ્ધાં જેને અંત સુધી લઈ જવામાં નિષ્ફળ નીવડ્યા હોય તેવી ઘટનાને અંજામ આપવાનો પડકાર એ લેખક ઝીલે, ને તેમાં સફળ પણ થાય. એમાંથી નવલકથાનું સર્જન કરતી વખતે પોતાના પાત્રને હટાવી દે, મૂળ કેન્દ્રસ્થ પાત્રને વાસ્તવમાં હતું તેના કરતા અનેકગણું ઉદાત્ત બનાવે. એ બીજમાંથી નવું જ વૃક્ષ ઉગાડી શકે – તો તેવા લેખકને આપણે 'જિનિયસ' સિવાય બીજું શું કહી શકીએ? ને તેની એ કૃતિને ક્લાસિક – અર્થાત્ પ્રશિષ્ટ.

રજનીકુમાર પંડ્યાની આ 'કુંતી' નવલકથા એ જ કક્ષાનું સર્જન છે. પ્રગટ થતાંની સાથે જ દેવ આનંદથી માંડીને અધિકારી બ્રધર્સ જેવા ફિલ્મ-ટી.વી. નિર્માતાઓમાં તેને મેળવવાની હોડ લાગી. આંગળીના વેઢે જ ગણી શકાય એટલી ગુજરાતી નવલકથાઓ હિંદી ટેલિવિઝનના વ્યાપક માધ્યમ દ્વારા કરોડો-કરોડો ભાવકો સુધી પહોંચી છે, ત્યારે 'કુંતી' તેમાં ય અનન્ય નીકળી. તેના ઉપરથી બબ્બે વાર હિંદીમાં ટી.વી. સિરિયલ બની. વિદેશોમાં પણ તે અપાર લોકપ્રિયતા પામી. પુસ્તકરૂપે ગુજરાતીમાં અનેક આવૃત્તિઓ બાદ તે હિંદીમાં ઊતરી અને સમગ્ર ભારતનો વાચકવર્ગ એને માણી શક્યો.

– કેશુભાઈ દેસાઈ

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



અન્ડરવર્લ્ડની ક્લાસિક ફેમિલિકથા

‘ગૉડફાધર’ છેલ્લા 40 વર્ષ કરતાં વધુ સમયથી જગતના નવલકથાપ્રેમીઓની પ્રિય બેસ્ટસેલર છે. અમેરિકાના અન્ડરવર્લ્ડની આ કથાના તાણાવાણા કુટુંબપ્રેમ અને દોસ્તીના સંબંધો સાથે ગૂંથાયેલા છે. જીવનમાં સમજવા જેવાં સત્યો અને વ્યવહારુ નીતિમૂલ્યોની મહત્તા ક્રાઇમની પાર્શ્વભૂમિ ધરાવતી આ નવલકથામાં છે. આ નવલકથાના પાત્રો કથા પૂરી થયા પછી પણ વાચકના હૃદયમાં આજીવન વસી જાય એવાં છે.

‘ગૉડફાધર’ ક્રાઇમની લગતી કોઈ ચીલાચાલુ નવલકથા નથી. એને મૉડર્ન ક્લાસિકનો દરજ્જો મળેલો છે અને યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પણ ભણાવાય છે. આ નવલકથા પરથી બનેલી ગૉડફાધર શ્રેણીની ત્રણ ફિલ્મો આજે હૉલિવૂડની ટૉપ ટેન ક્લાસિક ફિલ્મોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

અહીં અનેક ઠેકાણે બહુ ઓછા શબ્દોમાં જબરદસ્ત ડહાપણની, દુનિયાદારીની અને ઘડીભર અટકીને વિચારવું પડે એવી વાતો લખવામાં આવી છે જે અન્ય કોઈ સામાન્ય નવલકથાં વાંચવા નહીં મળે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



3

વિદિશા ગુસ્સાથી તમતમી ઊઠી. આવી વિચિત્ર મજાક? જ્યાં સુધી ક્લાસના સીલિંગ ફેન ઉપર છીંકણી પાથરીને તેને છીંકો ખવડાવી ત્યાં સુધી તો ઠીક હતું પણ આ તો હદ કહેવાય... સ્ટુડન્ટો માફી માગવાને બહાને સ્ટાફ-રૂમમાં આવ્યા, છ-સાત પેંડા ખવડાવ્યા, ગુલાબભર્યો ગુલદસ્તો આપ્યો, પછી આ મેહુલ નામનો ભોળા ચહેરાવાળો શયતાન છોકરો કહે છે 'મૅડમ, ગુલદસ્તામાં બૉમ્બ છે અને પેંડામાં ઘેનની દવા હતી!'

કૉલેજના પહેલા જ દિવસે લેક્ચરર તરીકે જોડાયેલી વિદિશાને મેહુલે કન્વીન્સ કરી નાખી કે મૅડમ, તમને હું ઘર સુધી મૂકી જઈશ પણ બાઇકની પાછલી સીટ ઉપરથી તમે ઘેનમાં આવીને પડી ના જાવ એટલા ખાતર મારી કમર ફરતે તમારો હાથ બરોબર વીંટાળીને મને પકડી રાખજો...

ચાળીસ મિનિટ સુધી આ નવા શહેરના રસ્તાઓ પર ગોળગોળ ફેરવ્યા પછી વિદિશાને ડાઉટ ગયો ત્યારે મેહુલે આંગળી ચીંધીને ગલીના છેડે ઊભેલું એક ટોળું બતાડ્યું. ત્યાં કૉલેજના સ્ટુડન્ટો બાઇકો અને સ્કૂટરો પર બેસીને ખડખડાટ હસી રહ્યા હતા!

અને મેહુલ? એ તો જાણે ભોળા મહાદેવનો અવતાર હોય તેમ સાવ ભોલી સૂરત બનાવીને ઊભો હતો! ક્લાસના સ્ટુડન્ટોનું ઝુંડ નજીક આવ્યું કે તરત વિદિશાએ મેહુલનો કોલર પકડ્યો.

'સાચું બોલજે. તેં શરત લગાડી હતી ને?'

મેહુલ કંઈ જવાબ આપે તે પહેલાં સ્ટુડન્ટો બોલી ઊઠ્યા, 'ના મૅડમ ના! શરત-બરત કશું જ નહોતું!'

'તો પછી આખો આઇડિયા તો આ મેહુલનો જ હતો ને?'

'ના મૅડમ, આઇડિયા તો અમારો હતો.' બે ત્રણ છોકરા આગળ આવીને બોલ્યા. 'મેહુલ તો બિચારો અમારો બલિનો બકરો હતો... યુસી, એનો ચહેરો જ એવો છે કે કોઈને ડાઉટ જ ન જાય કે આમાં કંઈક કાવતરું છે. બાકી અમારામાંથી કોઈક હોત તો-'

વિદિશાની તીખી નજરો મેહુલના ચહેરા તરફ ચીંધાયેલી હતી અને મેહુલ? એ બિચારો શરમથી સાવ પીળો પડી ગયો હતો. એની નજરો પણ પોતાના પગમાં ચોંટી ગઈ હતી. હોઠ ધ્રૂજી રહ્યા હતા. કાનની બૂટ લાલચોળ થઈ ગઈ હતી.

વિદિશાએ જોયું કે બિચારા મેહુલની આંખમાંથી એક આંસુ ટપકીને ગાલ ઉપર સરકી રહ્યું હતું. વિદિશાને હવે સમજાઈ ગયું. પણ જો એમ જ વાતને પડતી મૂકે તો ફેકલ્ટી અને સ્ટુડન્ટ્સ વચ્ચે જે અંતર રહેવું જોઈએ એ ક્યાંથી રહે?

'જુઓ, જે થઈ ગયું તે થઈ ગયું.' વિદિશાએ કડક અવાજે કહ્યું, 'પણ આ મજાક મને બિલકુલ પસંદ પડી નથી. ઇન ફેક્ટ, હું કાલે પ્રિન્સિપાલ સાહેબને કમ્પલેન કરવાની છું...'

'ના ના, પ્લીઝ પ્લીઝ મૅડમ! એવું ન કરશો!' છોકરાઓ કરતાં છોકરીઓ વધારે કલબલાટ કરવા લાગી. એમાંની એક છોકરીએ તો વિદિશાનો હાથ પકડી લીધો. 'મેમ, વી આર વેરી સૉરી... એક્ચ્યુલી તો તમે પેલી છીંકણીવાળી મજાક લાઇટલી લીધીને એટલે-'

'એટલે તમને થયું કે આ વિદિશા મૅડમ તો સાવ મૂરખ છે, એમ જ ને?'

'ના ના, એવું નથી!' ફરી કલબલ કરતી છોકરીઓ બોલી ઊઠી. 'એક્ચ્યુઅલી તો એના કારણે જ તમે અમને બહુ ગમી ગયાં! મૅડમ, કૉલેજની અત્યાર સુધીની હિસ્ટ્રીમાં તમારા જેવી ખેલદિલી કોઈએ નથી બતાડી. એટલે જ અમને થયું કે જરા એક સ્ટેપ આગળ જઈએ તો કેવું? કદાચ તમને ગમશે...'

વિદિશા કડક નજરો વડે છોકરીઓને જોતી રહી. તેના મિજાજમાં સળગતા કોલસા જેવી લાય જોઈ બધા શિયાવિયા થઈ ગયા. શું બોલવું તે કોઈને સમજાયું નહીં. છેવટે છોકરાઓએ બાજી સંભાળી 'મૅડમ, તમારે જે પનિશમેન્ટ આપવી હોય એ ડેફિનેટલી આપજો. અમે ઓબે કરવા તૈયાર છીએ પણ પ્રિન્સિપાલને-'

'ઓકે.' વિદિશાએ વાત કાપી નાખી. 'પનિશમેન્ટ એ છે કે મારા એકે એક ક્લાસ ફુલ અટેન્ડન્સ સાથે ભરવા પડશે...'

'ડન... ડન... પ્રોમિસ... પાકું... શ્યૉર'ના જવાબો વચ્ચે વિદિશાએ હવે મેહુલ તરફ તોપ ફેરવી. 'રહી વાત આ ભોળા ચહેરાવાળા છોકરાની, તો એણે મને બાઇક પર બેસાડીને મારી ફ્રેન્ડના ઍપાર્ટમૅન્ટ સુધી પહોંચાડવી પડશે અને એ પણ પ્રોપર જેન્ટલમેનની જેમ, ઠીક છે?'

બિચારા મેહુલે હા પાડવા માટે પણ માથું ઊંચું કર્યું નહીં.

સ્ટુડન્ટોનું ઝુંડ જતું રહ્યું પછી વિદિશા મેહુલની બાઇક પાછળ બેઠી. મેહુલે આ વખતે બાઇક બિલકુલ પાણીના રેલાની માફક ચલાવી. વિદિશાને આટલાથી શાંતિ ન થઈ. એને ઉર્વીના ઍપાર્ટમૅન્ટમાં લઈ ગઈ. સોફા પર બેસાડ્યો. કિચનમાં જઈને ચા બનાવી. એને ધરાર પીવડાવી. ચામાં જરાય ખાંડ નહોતી. છતાં મેહુલ એક અક્ષર પણ બોલ્યો નહીં. ચા પૂરી કર્યા પછી ઊભો થઈને હાથના ઇશારા વડે પરમિશન માગી: 'હવે જાઉં?'

વિદિશાને મનમાં સખત હસવું આવી રહ્યું હતું. પૂરી દસ સેકન્ડ સુધી એની સામું ધારદાર નજરો વડે જોયા પછી કીધું, 'ઠીક છે, બટ રિમેમ્બર, નેક્સ્ટ ટાઇમ યુ ડુ એનીથિંગ લાઇક ધીસ એન્ડ યુ વિલ બી આઉટ ઑફ ધ કૉલેજ. અન્ડરસ્ટેન્ડ?'

મેહુલ જવાબ આપવા પણ ન રોકાયો. પાંજરામાં પકડાયેલું ઉંદર દરવાજો ખૂલતાં જે ઝડપથી ભાગે એ રીતે મેહુલ ફટાફટ દાદરા ઊતરીને, બાઇક સ્ટાર્ટ કરીને, કોઈ કાર્ટૂન ચેનલના કેરેક્ટરની જેમ નાઠો!



ઉર્વી હજી એની જૉબ ઉપરથી આવી નહોતી. વિદિશા જાતે બનાવેલી ક્રીમ કૉફીનો મગ લઈને તેમાંથી ચુસકીઓ લેતી ઍપાર્ટમૅન્ટની બારી પાસે જઈને ઊભી રહી.

આ સુરત નામનું શહેર હતું. રંગીલું, મોજીલું, મસ્તીથી ભરપૂર સુરત. તાપી નદીમાં પૂર આવે ત્યારે પણ ઘરને તાળાં મારીને, કોઈ સરકારી નિશાળમાં આશરો લીધો હોય તોય, ત્યાં કંદનાં ભજિયાં અને બિયરની મહેફિલ માંડીને બેસી જાય એવા લહેરીલાલાઓનું આ શહેર...

વિદિશા અમદાવાદની હતી. અભિજાત વડોદરાનો. પરણ્યા પછી વડોદરામાં સેટલ થવાનું આવશે એવો ખ્યાલ મનમાં હતો પણ અભિજાતનું અચાનક મૃત્યુ થઈ જશે અને એની હતાશામાંથી બહાર આવવા માટે સુરત જેવું મોજીલું, રંગીલું શહેર જ તેના નસીબમાં લખાયું હશે? જોગાનુજોગ જ કહેવાય ને!

અભિજાત સાથે સગાઈ થઈ પછી માત્ર બે જ મહિનાનો સંગ રહ્યો. છતાં એના સાઠે સાઠ દિવસ અભિજાતે

હસી-ખુશી અને હંગામાથી ભરી દીધા હતા. એના ગયા પછી વિદિશાની દુનિયામાં શૂન્યાવકાશ છવાઈ ગયો હતો. અભિજાત હંમેશાં કહેતો, 'લિસન ટુ દિલ... એ તો હંમેશાં ખુશ રહેવા માગે છે પણ આપણે જ એને રડાવી નાખીએ છીએ!'

આ ક્ષણે વિદિશાનું દિલ પણ એ જ અવઢવમાં હતું. કૉલેજનો પહેલો દિવસ હંસી અને હંગામાના વાવાઝોડા જેવો હતો. એ તોફાની ક્ષણો યાદ કરીને ફરી આનંદ માણવાનો હોય કે અભિજાતના મોતને યાદ કરીને દિલને ફરી રડાવવાનું હોય?

'લિસન ટુ દિલ...' અભિજાતના અવાજનો ક્યાંકથી પડઘો સંભળાયો અને વિદિશાના વિચારોની દિશા ફરી ગઈ... કેવો રૂપાળો અને ભોળો હતો એ મેહુલ! નહીં? પોતે જ્યારે એની બાઇકની પાછલી સીટ પર એની કમર ફરતે આખો હાથ પૂરેપૂરો વીંટાળીને બેઠી હતી ત્યારે મારા શરીરનું ભીંસાવું એને કેવું લાગ્યું હશે? શું એની પીઠમાં ઝણઝણાટી થઈ આવી હશે? શું એનું શરીર અજાણી ગરમીથી તપી ગયું હશે? શું એણે કદીયે કોઈ સ્ત્રીનો સ્પર્શ આટલી નીકટતાથી અનુભવ્યો હશે?

મેહુલની તો શી ખબર, પણ એક ક્ષણે વિદિશાના શરીરમાંથી અજાણી વીજળીનો કરંટ પસાર થઈ ગયો હોય એવું લાગ્યું! શું હતું એ?

'હાય, વિદિશા! કેવો રહ્યો કૉલેજનો પહેલો દિવસ?' ઉર્વીના અવાજથી એ જરા ચોંકી ગઈ.

'પહેલો દિવસ?' વિદિશા હસી પડી. 'યાદગાર... મેમોરેબલ!'

'શું વાત કરે છે!' વિદિશાના ચહેરા ઉપર છલકતું હાસ્ય જોઈને ઉર્વી ખૂબ જ ખુશ થઈ ગઈ. મનમાં થયું, હાશ, વિદિશા પાસે તેણે જે જૉબનો નિર્ણય લેવડાવ્યો હતો તે ખરેખર સાચો નીકળ્યો.

'જરા વાત તો કર! શું શું થયું?' ઉર્વીના ઉત્સાહથી ભરેલા સવાલના જવાબમાં આખી ગાથાની માંડણી કરતાં પહેલાં વિદિશાએ ફરમાઇશ કરી, 'એક શરતે કહું... સાંભળ્યા પછી તારે મને ગરમાગરમ ઉપમા ખવડાવવી પડશે!'



સતત હસતા ચહેરે ઉર્વી વિદિશાની એક એક વાત સાંભળતી રહી. વિદિશાએ પણ પૂરા ઉત્સાહ સાથે બંને કિસ્સા મલાવી મલાવીને સંભળાવ્યા. આખરે જ્યારે વાત પૂરી થઈ ત્યારે વિદિશાએ જોયું કે માત્ર એક પલકારા જેટલી નાની ક્ષણ માટે ઉર્વીના ચહેરા પર ઉદાસીની છાયા આવી અને ગાયબ થઈ ગઈ.

'શું વાત છે ઉર્વી?' વિદિશાએ તરત પૂછ્યું. પોતાની ખાસ બહેનપણીનો અંદરનો ભાવ પામી ન શકે તો એ બહેનપણાં શા કામનાં?

ઉર્વી પણ વિદિશાનો ભાવ કળી ગઈ. તેણે તરત જ ચહેરા પર સ્મિત પહેરી લીધું, 'આઇ એમ સો હેપ્પી ફોર યુ, વિદિશા.'

'ના' વિદિશાએ વાત કાપી નાખી. 'સાચું બોલ, શું વિચારતી હતી, મનમાં?'

ઉર્વીનું સ્મિત સહેજ ફિક્કું પડી ગયું. 'વિદિશા, ક્યાંક એવું તો નથી ને, કે અભિજાતની યાદોને દૂર ધકેલવા માટે તું વધારે પડતી ખુશીઓનો ઓવરડોઝ લેવા માગે છે?'

વિદિશા ચૂપ થઈ ગઈ, ઉર્વીની વાત કદાચ સાચી જ હતી. તે સોફામાંથી ઊભી થઈ. ખુલ્લી બારી પાસે જઈને રંગીલા સુરત શહેરની ઝળહળતી રોશની થોડી વાર માટે જોઈ રહી. છેવટે મનમાં કંઈક નક્કી કર્યું હોય તેમ ઉર્વી તરફ ફરીને તેણે કહ્યું:

'ઉર્વી, અભિજાત કહેતો હતો, કે દિલને સાંભળવામાં તમે કદાચ થાપ ખાઈ શકો પણ દિલને છેતરી તો નહીં જ શકો.' વિદિશાએ ઉર્વીના બંને હાથ પકડી લીધા. 'ઉર્વી, વન થિંગ ઇઝ ફોર શ્યૉર, આઇ એમ નોટ ચીટિંગ માય હાર્ટ.'



બીજા દિવસે વિદિશાનો ઇંગ્લિશ લિટરેચરનો ક્લાસ રિસેસ પછી હતો. સવારના સમયે તેણે લાઇબ્રેરીમાં જઈને પુસ્તકો ઉપર નજર ફેરવી. વિદિશાને જરા નવાઈ લાગી કે સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ હોવા છતાં અહીંની લાઇબ્રેરી ખાસ્સી સમૃદ્ધ હતી. ઇલિયટ, શેક્સપિયર અને કિટ્સ જેવા ક્લાસિક રાઇટરો ઉપરાંત સલમાન રશદી, વિક્રમ શેઠ, અરુંધતી રોય, વી. એસ. નાઇપોલ અને ચેતન ભગત તથા અમિષ ત્રિપાઠી જેવા લોકપ્રિય લેખકોનાં પુસ્તકો પણ અહીં હાજરી પુરાવી રહ્યાં હતાં.

થોડો સમય વિતાવીને તે વાઇસ પ્રિન્સિપાલ મીસીસ પંડ્યાની કેબિન તરફ ગઈ. દૂરથી તેને જોતાં જ પ્રૌઢ વયનાં નમણાં સરખાં મીસીસ પંડ્યા કેબિનમાંથી ટહુક્યાં 'ઓલ વેલ, મિસ વિદિશા?'

'યસ, ઑફ કોર્સ!' કહેતાં વિદિશા એમની કેબિનમાં જઈને બેઠી. થોડી આડીઅવળી વાતો કર્યા પછી તેણે સાવ સહજ લાગે એવા ટોનમાં પૂછ્યું, 'આ મેહુલ નામનો જે સ્ટુડન્ટ છે, એ કેવો છે?'

મીસીસ પંડ્યાના કપાળે કરચલીઓ પડી. 'કેમ, શું થયું?'

'ના ના, થયું કશું નથી.' વિદિશાએ વાત છુપાવી. 'આ તો ગઈકાલે કૉલેજ પતવા આવી ત્યારે આખા ક્લાસના સ્ટુડન્ટો મને મળવા આવેલા. એમાંથી આ મેહુલ જરા-'

'એક મિનિટ, એણે કંઈ નવું તોફાન તો નથી કર્યું ને તમારી સાથે?'

'નવું તોફાન?' વિદિશા ચોંકી.

મીસીસ પંડ્યા હસી પડ્યાં. 'અરે, તમે એની ભોળી સૂરતથી ભરમાઈ ન જતાં! એક નંબરનો શયતાન છે!'

'ઓ માય ગોડ! રિયલી?' વિદિશા છક્કડ ખાઈ ગઈ. એક પળ માટે તો થયું કે મેહુલની કમ્પલેન હમણાં જ કરી દે, પણ વિદિશા હજી કંઈ કહે એ પહેલાં મીસીસ પંડ્યા બોલ્યાંઃ

'વિદિશા, આઇ ટેલ યુ! એના જેવો જિનિયસ છોકરો મેં નથી જોયો! એણે ધાર્યું હોત તો વટ કે સાથ મેડિકલમાં કે આઇઆઇટીમાં જઈ શક્યો હોત. બટ હી ઇઝ અ ક્રિએટિવ કીડા... અને મઝાની વાત એ છે કે આટલો જિનિયસ હોવા છતાં મેહુલ એટલો જ તોફાની અને નટખટ છે! અરે, એટલે જ તો મેહુલ આખી કૉલેજનો મોસ્ટ ફેવરિટ છોકરો છે...'

વિદિશા દંગ થઈ ગઈ! પેલી લાલચોળ થઈ ગયેલી કાનની બૂટ અને આંખોમાંથી લીસ્સા ગાલ ઉપર દદડતું આંસુ સાથેનો એ માસૂમ ચહેરો... કોઈ નટખટ જિનિયસનો ચહેરો હતો? શું એ એક્ટિંગ હતી? કે પછી રિયલ ફીલિંગ્સ?

વિદિશાને થયું, હવે તો મેહુલને પકડવો જ પડશે. બચ્ચું, હવે તારી વાત છે...



વિદિશાએ પેંતરો ઘડી કાઢ્યો. ક્લાસમાં એન્ટર થતાંની સાથે એણે બધા સ્ટુડન્ટ્સને એમનું પ્રોમિસ યાદ કરાવ્યુંઃ 'કોઈએ બન્ક મારવાનો નથી. કોઈએ ચાલુ ક્લાસે ઊઠીને ક્યાંય જવાનું નથી... નહીંતર... યાદ છે ને?'

સૌના ચહેરા સામૂહિક 'યસ મૅડમ!' સાથે ચમકી ઊઠ્યા. વિદિશાએ શરૂ કર્યું. શુદ્ધ બ્રિટિશ ઉચ્ચારોવાળા અંગ્રેજીમાં તેણે ધીમે ધીમે અઘરા શબ્દોના વઘાર કરતાં કરતાં લાંબી પ્રસ્તાવના બાંધી. 'જો આપણે ઇંગ્લિશ લિટરેચરનો અભ્યાસ કરવો હોય તો તે આપણી પ્રાચીન સંસ્કૃત ભાષાની સરખામણી વિના તે થઈ શકે નહીં. અંગ્રેજોનાં 200 વરસના શાસનકાળમાં આપણે અંગ્રેજી ભાષાને સાવ ખોટા અહોભાવથી જોતા થઈ ગયા છીએ. આ ઇમ્પ્રેસ થઈ જવાની આપણી લઘુતાગ્રંથિને આપણે છોડવી પડશે...'

વિદિશાએ જોયું કે અડધો અડધ સ્ટુડન્ટોની આંખો ધીમે ધીમે ઘેરાવા માંડી હતી! બીજી તરફ એટલા જ સ્ટુડન્ટોની આંખો આ નવી જાતના એન્ગલથી ચમકવા પણ લાગી હતી. એ ચમકતી આંખોવાળા સમૂહમાં

મેહુલ પણ હતો જ. એને તો જાણે મીઠા અમૃતનો નવો ઘડો મળી ગયો હોય તેમ તે વિદિશાના શબ્દે-શબ્દને પી રહ્યો હતો.


વિદિશા તેનું લેક્ચર આગળ વધારે ત્યાં મેહુલે ઊભા થઈને કહ્યું, 'મૅડમ, કેન આઇ શેર સમથિંગ?'

'શ્યૉર, ગો એહેડ.' વિદિશાએ કહ્યું, એ પછી મેહુલે એકદમ ઠાવકા મોં સાથે સાવ જુદી જ વાત કહીઃ 'મૅડમ, તમે તો જાણતાં જ હશો કે શેક્સપિયરે લખેલું નાટક 'ધ વિન્ટર્સ ટેલ' અને વાલ્મિકીએ રચેલા મહાકાવ્ય રામાયણનો ઉત્તરકાંડ... એ બંનેનાં કથાવસ્તુ એકદમ સરખાં જ છે!'

'હેં?' વિદિશાનું મોં ખુલ્લું જ રહી ગયું.



પુસ્તક પરિચય




પ્રસન્ન રહેવાનો પ્રયોગ!

એલીનોર પોર્ટરે આ નવલકથા સિવાય બીજું કશું જ ન લખ્યું હોત તો પણ એ, એટલી જ યાદગાર અને લોકપ્રિય હોત, જેટલી આજે 100 વર્ષ પછી પણ છે!

એવું તે શું છે આ નવલકથામાં – જે આટલાં વર્ષો પછી પણ વાચકને એનું વ્યસન લગાડી રહી છે? આ નવલકથામાં નથી કોઈ તત્ત્વજ્ઞાન, નથી કોઈ આદર્શ કે સિદ્ધાંતની સુફિયાણી સલાહ, કે નથી એવી કોઈ મોટા ગજાની નાયિકા! તેમ છતાં આ નવલકથા એક બેઠકે પૂરી કરીને જ ઊભા થવાનું મન થાય એ હદે કથારસ અને કથાતંતુ વાચકને જકડી રાખે છે તેનું કારણ શું?

આ નવલકથાની આવી અદ્‌ભુત સફળતાનું રહસ્ય તમને કથાની બાલનાયિકા પોલીએનાના રોજબરોજ જીવાતા જીવનમાંથી જાણવા મળશે! જીવનમાં આવતી નિરાશાને અવગણવા કે દબાવી દેવાને બદલે, એ નિરાશાભરી પરિસ્થિતિમાંથી જ કેવી રીતે પ્રસન્નતાને શોધી કાઢી જીવનને માણવાલાયક બનાવી શકાય એ સત્યનો પ્રયોગ તમને આ પુસ્તકમાંથી જાણવા મળશે!

પુસ્તક પરિચય




સગવડીયાં લગ્નમાં સચ્ચાઈની સફર

જે દિવસે રંજનના અતિશય ધનાઢ્ય પિતાનું અવસાન થયું તે જ દિવસે તેને ખબર પડે છે કે પોતે તો પ્રેગનન્ટ છે! એટલું જ નહિ, એનો પ્રેમી બ્લેકમેઇલર અને દારૂડિયો છે! એનો તો આ માસ્ટરપ્લાન હતો અબજોની સંપત્તિ હડપ કરી લેવાનો... એ જ સમયે રંજને એક કડવો નિર્ણય લીધો. શું હતો એ નિર્ણય?

આ વિભાવરી વર્મા કોણ છે? એનો ક્યારેય ફોટો પણ કેમ નથી દેખાતો? એનો ફેસબુક એકાઉન્ટ કેમ નથી? આ બધા સવાલો છોડો. હકીકત એ છે કે આજના મૉડર્ન જમાનાના યુવાનોની દુનિયાની વાતોમાં તથા એમના કૉમ્પ્યૂટરોમાં, સ્માર્ટ ફોનોમાં, કૉલેજ કૅન્ટીનોમાં અને યંગ-યંગ દિલોમાં જે ફિલિંગ્સ ધબકે છે એની સાથે તાલ મિલાવતી આ એક સાવ નવી ફ્રેશ કલમ છે, જેને લાખો વાચકોએ ખુલ્લા દિલે આવકારી છે! નોટ જસ્ટ ધેટ, યંગ એર હાર્ટ હોય એવાં સિક્સ્ટી પ્લસ સજ્જન સન્નારીઓ પણ વિભાવરી વર્માને નિયમિત વાંચે છે કારણકે વિભાવરી વર્માની વાર્તાઓમાં ઉપરછલ્લો છીછરો રોમાન્સ નથી, એક મિનિંગફુલ ઊંડાણ પણ છે...

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



જિંદગીને પ્રપોઝ કરતા રહેવાની પ્રત્યેક ક્ષણ

તમે ક્યારેય એવી કલ્પના કરી છે કે, જીવનમાં પ્રેમ ન હોત તો?

શ્વાસ માટેની હવા ખોવાઈ જાય તો ઑક્સિજનના સિલિન્ડરથી કદાચ ચલાવી લેવાય, પણ જીવનમાંથી પ્રેમ જ ખોવાઈ જાય તો માણસ જાય ક્યાં? જે લોકોને પ્રેમ મળ્યો નથી એમનાં જીવન તમે જોયાં છે?

જે સમાજમાં પ્રેમ ખંડિત અને શંકા અખંડિત બનીને જીવે છે એ સમાજનું ભવિષ્ય અંધકારમય બની જાય છે.

જ્ઞાન ગમે તેટલું ઊંચું કેમ ન હોય, પ્રેમની ઊંચાઈને એ ક્યારેય નહીં પહોંચી શકે. પ્રેમ માટે એમ ક્યારેય ન કહેવાય કે Sky is limit, કેમ કે પ્રેમ તો Out of Limit છે! પ્રેમને કોઈ જ સીમા કે સરહદ બાંધી ન શકે, કોઈ જ લેબલ કે લેવલ એને મર્યાદાના પિંજરામાં કેદ ન કરી શકે. પ્રેમ તો અનહદનો અહેસાસ છે! અનહદનાં અજવાળાંનું બીજું નામ જ પ્રેમ છે.

તમારા પ્રિયજનને પ્રેમનો અહેસાસ કેવી રીતે કરાવશો? એકબીજાંના બંધ હોઠની પાછળ ઊભેલા મૌન શબ્દોને તમે કેવી રીતે સમજી શકશો? કેવી રીતે તમે જ તમારા Love ગુરુ બની શકશો? આવી અનેક મીઠી મૂંઝવણોનો ઇલાજ તમને આ પુસ્તકમાંથી મળશે!

પ્રેમના Midas Touchનું બીજું નામ એટલે અનલિમિટેડ Love!

પ્રેમનાં અજવાળાનું નવું નક્કોર સરનામું એટલે અનલિમિટેડ Love!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...





'હેં?' વિદિશા છક્કડ ખાઈ ગઈ. મનમાં તો એમ હતું કે ભોળી સૂરતવાળા નટખટ મેહુલને હેવી થિયરીવાળા લેક્ચરમાં ગૂંચવી નાખ્યા પછી એક એવો અઘરો સવાલ પૂછવો કે એની 'જિનિયસ' હોવાની આખી હવા જ નીકળી જાય.

પણ બન્યું સાવ ઊંધું... વિદિશાએ ભારતીય સંસ્કૃત સાહિત્ય અને બ્રિટનના ઇંગ્લિશ લિટરેચરને સમાંતરે જોવાની લાંબી-લચક પ્રસ્તાવના જ્યાં પૂરી કરી ત્યાં મેહુલ ઊભો થયો અને એવી વાત કરી કે વિદિશા દંગ થઈ ગઈ.

મેહુલે કહ્યું કે 'મૅડમ, તમે તો જાણતાં જ હશો કે શેક્સપિયરે લખેલું નાટક 'ધ વિન્ટર્સ ટેલ' અને વાલ્મીકિએ રચેલા મહાકાવ્ય રામાયણનો ઉત્તરકાંડ... એ બંનેનાં કથાવસ્તુ એકદમ સરખાં જ છે!'

'હેં?' વિદિશાનું મોં ખુલ્લું જ રહી ગયું. વિદિશા કંઈ કહે એ પહેલાં મેહુલ બોલવા માંડ્યો:

'મૅડમ, ધ વિન્ટર્સ ટેલમાં એક રાજા એની પત્નીનો ત્યાગ કરે છે, જેનું કારણ પત્નીના ચરિત્ર ઉપર થયેલો આક્ષેપ છે. રામાયણમાં પણ શ્રીરામ સીતાનો માત્ર એ કારણસર ત્યાગ કરે છે કે કોઈ ધોબીએ સીતાની પવિત્રતા વિશે શંકા કરી હતી. ધ વિન્ટર્સ ટેલમાં રાણી જંગલોમાં જઈને રહે છે અને એક પુત્રીને જન્મ આપે છે જેની રાજાને ખબર નથી હોતી. રામાયણના ઉત્તરકાંડમાં આ જ થાય છે. સીતાજી વનવાસ સમયે સગર્ભા હતાં તેની રાજાને ખબર નહોતી અને લવ-કુશનો જન્મ થયો તે વાતથી રામચંદ્રજી અજાણ હતા. ધ વિન્ટર્સ ટેલમાં રાજા પોતાની રાણીના વિરહમાં તેનું પૂતળું બનાવે છે. રામાયણમાં રાજા સીતાજીની મૂર્તિ બનાવડાવે છે. શેક્સપિયરની કૃતિમાં સંતાન અને બાપનો આમનો-સામનો થાય છે ત્યારે બંને એકબીજાને ઓળખતાં નથી. રામાયણમાં લવ-કુશ રામની સેનાને હરાવે છે ત્યારે એમને પણ ખબર નથી કે પોતે પોતાના પિતાના સૈન્ય સામે યુદ્ધ કરી રહ્યા છે.'

વિદિશાની તો બોલતી જ બંધ થઈ ગઈ.

મેહુલે સરખામણીઓનું લિસ્ટ પૂરું કર્યા પછી એ જ ભોળો ચહેરો રાખીને નવો સવાલ કર્યો: 'મૅડમ, મારો સવાલ એ છે કે જ્યારે બે દેશોની સંસ્કૃતિઓ વચ્ચે કોઈ સંબંધો જ નહોતા ત્યારે ભારતના મહાકાવ્યનું કથાબીજ છેક યુરોપમાં, બ્રિટનના કોઈ નાટ્યકાર પાસે શી રીતે પહોંચ્યું હશે?'

વિદિશા પાસે એનો જવાબ તો હતો જ નહીં. ચહેરા પર બનાવટી સ્માઇલ ચમકાવીને તે બોલી 'ગુડ ક્વેશ્ચન!! આ એન્ગલ ખરેખર ઊંડો વિચાર માગી લે તેવો છે. આપણે આના વિશે ઊંડાણથી ડિસ્કશન કરીશું. પણ ફરી ક્યારેક... ઓકે?'

વિદિશાએ જોયું કે મેહુલના ભોળા ચહેરા ઉપર એક નટખટ સ્મિત રમી રહ્યું હતું. વિદિશા જરા ગભરાઈ

ગઈ. પોતાની ગભરામણ છુપાવવા મોટા અવાજે ખોંખારો ખાઈને કહ્યું: 'મેહુલ, વ્હાય ડૉન્ટ યુ ડુ વન થિંગ? કૉલેજ પતે પછી મને મળને? આઇ વોન્ટ ટુ ડિસ્કસ ધીસ ટોપિક ઇન ડિટેઇલ...'

જેમ તેમ કરીને બાકીનું લેક્ચર પતાવી વિદિશા ક્લાસમાંથી બહાર નીકળી ત્યારે મનમાં થતું હતું 'હાશ! આજે તો ઘાત ટળી...'



કૉલેજથી નીકળતાં ક્યાંક મેહુલ એને ઝડપી ના લે એ ડરથી વિદિશા દસ-પંદર મિનિટ વહેલી જ નીકળી ગઈ. સુરત શહેરના બપોરના હળવા ટ્રાફિકમાં કાર ચલાવીને તે ઉર્વીના ઘરે પહોંચી ગઈ. હજી તો 'હાશ' કરીને તે થોડીવાર બેઠી હશે ત્યાં ડોરબેલ રણકી.

દરવાજો ખોલીને જુએ છે તો મેહુલ! વિદિશા ચોંકી. 'તું, અહીં?'

મેહુલે ચહેરા પર ભોલી સૂરત ચોંટાડેલી રાખીને મહા-કહ્યાગરા શિષ્યની માફક ગરદન નીચી કરીને કહ્યું, 'મૅડમ, તમે કીધેલું ને? કૉલેજ પતે પછી એટલે...'

વિદિશાએ તેને નાછૂટકે અંદર આવકારવો પડ્યો. એ સોફા પર બેઠો એટલે પૂછ્યું 'ચા પીશ ને?'

મેહુલે એ જ ઠાવકું મોં રાખીને જવાબ આપ્યો: 'મૅડમ, જો તમે જોડે બેસીને પીવાના હો તો ખાંડ વગરની પણ પી જઈશ!'

વિદિશા હસી પડી. એ સાથે જ મેહુલ પણ હસવા લાગ્યો. વિદિશાએ કહ્યું 'કેમ બેટમજી, તે દિવસે મોંમાંથી બોલાતું નહોતું કે ચામાં ખાંડ નથી?'

'ક્યાંથી બોલું? પનિશમેન્ટ એટલે પનિશમેન્ટ! તમારી આગળ ફરિયાદ કરવા જાઉં તો તમે સીધા પ્રિન્સિપાલને કમ્પ્લેન કરો... આમાં ને આમાં મને કાઢી મૂકે તો મારે તો એક બ્રિલિયન્ટ ટીચરને ગુમાવવા પડે ને?'

વિદિશાના ચહેરા પર સ્માઇલ આવી ગયું. આ છોકરો મારી ચાલને ઉઘાડી પાડતાં પાડતાં કેવી સિફ્તથી મારાં વખાણ કરી રહ્યો છે! તેણે કિચનમાં જતાં પહેલાં પૂછ્યું, 'શ્યુગર કેટલી ચમચી?'

મેહુલ બોલ્યો 'ચમચી નહીં મૅડમ મુઠ્ઠો! ચા તો શરબત જેવી લાગવી જોઈએ!'

બે ક્ષણ માટે વિદિશાના હોઠ ધ્રૂજી ઊઠ્યા. 'આ તો બિલકુલ અભિજાતનું વાક્ય!'

અભિજાતને પણ ચા ગળચટ્ટી જ ગમતી. કંઈ કેટલીવાર જીદ કરીને તેણે જાતે બનાવેલું 'ચાનું શરબત' વિદિશાને ધરાર પીવડાવ્યું હતું. 'તને ડાયાબિટિસ નથી ને? તો ઓછી ખાંડવાળી ચા પીને મોં શા માટે બેસ્વાદ કરે છે?'

વિદિશા કહેતી કે 'આટલી બધી ખાંડ તો હોતી હશે?' જવાબમાં અભિજાત કહેતો 'જો, શેરડીનો રસ કેટલો ગળ્યો હોય છે? જસ્ટ વિચાર કર, જો શેરડી પોતે તમે પીઓ છો એવી ઓછી ખાંડવાળી હોત તો એમાંથી આ ગોળ-ખાંડ ક્યાંથી બનતાં હોત? ટૂંકમાં, અતિશય ગળી ચા ના પીવી એ કુદરતનું અપમાન કરવા સમાન છે. મૅડમ વિદિશા, ઝટ ઝટ ખાંડનું શરબત પી જાવ, નહીંતર શેરડીમાતા શ્રાપ આપશે!'

વિદિશા તે વખતે ખડખડાટ હસી પડી હતી પણ અત્યારે એ વાત યાદ આવતાં વિદિશા ઉદાસ થઈ ગઈ. તે ચા બનાવવામાં પરોવાઈ ગઈ. ઊકળતી ચાનો ઊભરો જોઈને તે વિચારતી રહી... માત્ર સાઠ દિવસનો સંગ અને જિંદગી ક્યાંથી ક્યાં પહોંચી ગઈ? જો વિદિશા ઘરમાં એકલી હોત તો અભિજાતની યાદોમાં તે ફરી ઉદાસ થઈ ગઈ હોત પણ અહીં મેહુલ હાજર હતો.

વિદિશાએ મેહુલની ચામાં ખરેખર મુઠ્ઠો ભરીને ખાંડ નાખી. ટિપોઇ પર બિસ્કિટ વગેરે સાથે ચાનો કપ ધરતાં તેણે કહ્યું, 'ચાખીને કહેજે, કેવી લાગી, કારણ કે ખાંડનો ડબ્બો તો ખાલી થઈ ગયો છે. હવે બીજી ખાંડ નહીં મળે.'

મેહુલ હસી પડ્યો. 'મૅડમ, ચાખતાં પહેલાં અત્યારથી કહી દઉં છું, અંદર તમારી આંગળી બોળીને ચા મીઠી કરી નાખવાની વાત ના કરતા. એવા બધા ડાયલોગ્સ હિન્દી ફિલ્મોમાં હોય. ઇંગ્લિશ લિટરેચરમાં નહીં.'

વિદિશાના ચહેરા પર ફરી સ્માઇલ આવી ગયું. છોકરો ખરેખર સ્માર્ટ છે. વરસો જૂનો સડેલો ડાયલોગ જુદી રીતે વાપરીને તેણે ફરી મારાં વખાણ કરી લીધાં!

વિદિશાએ જાણીજોઈને વાતનો બીજો છેડો પકડ્યો. 'અચ્છા, મેહુલ, હિન્દી ફિલ્મોનું છોડ, મને એ કહે કે શેક્સપિયરનાં નાટકોનો આટલો ઊંડો અભ્યાસ તેં ક્યારે કરી નાખ્યો?'

મેહુલ ખભા ઉલાળીને હસવા લાગ્યો, 'મૅડમ, સાચું કહું તો શેક્સપિયરનું એકપણ નાટક મેં આખું વાંચ્યું જ નથી. આ તો વિશાલ ભારદ્વાજની મહેરબાની છે કે એણે 'ઓથેલો' પરથી 'ઓમકારા', 'મેકબેથ' પરથી 'મકબૂલ' અને 'હેમ્લેટ' પરથી 'હૈદર' ફિલ્મો બનાવી. બાકી અહીં સુરતમાં રસ્તા ઉપર આટલા બધા રોમિયો રખડતા ફરે છે છતાં બોલો, 'રોમિયો એન્ડ જુલિયેટ' કેટલાએ વાંચી હશે!'

'તેં વાંચી છે કે નહીં, રોમિયો એન્ડ જુલિયેટ?'

'વાંચવી છે.. પણ યોગી આદિત્યનાથજી ચેલાઓનો ડર લાગે છે!'

મેહુલના એકેએક વાક્યમાં સ્માર્ટ ચબરાકિયાં આવતાં હતાં. બિલકુલ અભિજાતની જેમ જ... વિદિશાએ એ યાદોને દૂર કરતાં પૂછ્યું: 'જો તારું વાંચન આટલું ઉપરછલ્લું હોય તો 'ધ વિન્ટર્સ ટેલ' અને ઉત્તર રામચરિત્રની સરખામણીની વાત ક્યાંથી લાવ્યો? મને તો લાગે છે કે મેહુલ, તું ખરેખર જિનિયસ છે પણ મારી આગળ ઓર્ડિનરી હોવાનો ઢોંગ કરી રહ્યો છે.'

'ઓર્ડિનરી જ છું, વિદિશા મૅડમ!' મેહુલ હસવા લાગ્યો.

'પેલી સરખામણીવાળી વાત તો મેં અમદાવાદના એક પ્રોફેસર જયેશ માંડણકાના બ્લોગમાં વાંચી હતી! શું છે મૅડમ, આવી બે-ચાર 'ડીપ' ટાઇપની વાતો કરીએ એમાં કૉલેજની છોકરીઓ બહુ ઇમ્પ્રેસ થઈ જાય છે!

'અચ્છા...?' વિદિશાની ભ્રમરો વંકાઇ ગઈ. 'એટલે તું મને હજી કૉલેજની છોકરી જ ગણે છે, એમ ને?'

'હોતું હશે મૅડમ?' મેહુલ ઊભો થઈ ગયો. બંને કાનની બૂટ પકડીને કહેવા લાગ્યો. 'હું તો- આઇ મિન, મારો ઇરાદો... એટલે કે, મેં કદી...'

મેહુલને તતફફ થતો જોઈને વિદિશાને મનમાં હસવું આવી ગયું છતાં કડક ચહેરો રાખીને સવાલનું તીર ફેક્યું 'જો એમ જ હોત તો ગઈકાલે પેલું શું હતું? પેંડામાં ઘેનની દવા છે... તમારો હાથ મારી કમર ફરતે વીંટાળીને જ બેસજો... શું હતું એ બધું?'

'સાચું કહું?' મેહુલની નજરો નીચી થઈ ગઈ. એ ગંભીર અવાજે બોલ્યો 'મૅડમ, શરત તો લાગી જ હતી, ક્લાસમાં પોતાની જાતને બહુ મોટો હેન્ડસમ પ્લેબોય સમજનારા છોકરા જોડે... પણ...'

'પણ શું?' જવાબમાં મેહુલે જે વાત કરી તે સાંભળીને વિદિશા વિચારમાં પડી ગઈ. મેહુલે કહ્યું:

'મૅડમ, હવે શી રીતે કહું? આપણે જેને પહેલી જ નજરમાં રિસ્પેક્ટથી જોતા થઈ ગયા હોઈએ એમનું જ બોડી આપણા બોડી સાથે આટલું ક્લોઝલી ઘસાતું હોય તો કેવી ઓકવર્ડ ફીલિંગ્સ થાય? સાચું કહું તો મૅડમ, ગઈકાલે મને આખી રાત ઊંઘ જ નથી આવી. મને એટલી ગિલ્ટી ફીલિંગ થતી હતી કે-'

'ગિલ્ટી?... કે રોમાન્ટિક?' વિદિશાએ અણધાર્યું તીર છોડ્યું. 'મને તો આખી રાત બહુ રોમેન્ટિક ફીલિંગ્સ થતી હતી! તને ના થઈ? નવાઈની વાત છે! તારું બોડી કંઈ પથ્થર-બથ્થરનું બનેલું છે? કે પછી તારી ચામડી ગેંડાની છે?'

વિદિશાના આ હુમલાની ખરેખર ધારી અસર થઈ. મેહુલ બિચારો શરમથી લાલચોળ થઈ ગયો. ગરદન તો એ રીતે ઝૂકી ગઈ કે જાણે કહેતો હોય, મૅડમ, પ્લીઝ ઉડાવી દો મારી ગરદન! કંઈ કેટલીયે વાર લગી વિદિશા તેની સામે તીખી નજરો વડે જોતી રહી. મેહુલે પાંપણો પણ ઊંચી કરવાની હિંમત કરી નહીં. છેવટે ગુનાની

કબૂલાત પછી આરોપી ન્યાયાધીશ પાસે સજામાં રાહત માગતો હોય તે રીતે મેહુલ બોલ્યો :

'મૅડમ, દસ દિવસ પછી તમારી જે બર્થ-ડે આવે છે, એની પાર્ટીનું આયોજન મને કરવા દેજો. એમાં જો કોઈ કસર રહી જાય તો તમે કહેશો કે સજા મંજૂર છે...'

વિદિશા ચોંકી, 'મારી બર્થ-ડેની તને શી રીતે ખબર ?'

'આખી કૉલેજને ખબર છે.' મેહુલ એ જ નીચી ગરદન સાથે ધીમા અવાજે બોલી ગયો. 'મૅડમ, તમારી ફેસબુકમાં જ તો લખેલું છે...'

એ ક્ષણે વિદિશાની નજર સામે લોહીના ડાઘા તરવરવા લાગ્યા...



અભિજાતનો આખો દેહ લોહીના ડાઘામાં હતો. વિદિશા જોઈને હબક ખાઈ ગઈ હતી. અભિજાતની મમ્મીનો ફોન આવ્યો કે તરત ધમમસતી કારે તે હોસ્પિટલમાં દોડી આવી હતી. તે પહોંચી ત્યારે સ્ટ્રેચરમાં સુવાડેલા અભિજાતને ઑપરેશન થિયેટરમાં લઈ જવાની તૈયારીઓ ચાલી રહી હતી.

'અભિ... આ... આ બધું શી રીતે થઈ ગયું ?'

વિદિશાના ગળે ડૂમો બાઝી ગયો હતો. આંખમાં ધસી આવેલાં આંસુને કારણે તેને અભિજાતનો ચહેરો પણ ઝાંખોપાંખો જ દેખાતો હતો. નજર સામે જાણે લોહીના ડાઘા જ તરવરી રહ્યા હતા. જવાબ આપવા માટે અભિજાતે હોઠ ખોલ્યા પણ ગળામાંથી અવાજ નીકળી શક્યો નહીં.

'તારી બર્થ-ડે પાર્ટી માટે કોઈ દૂરની જગા શોધવા નીકળ્યો હતો.'

ડૂસકાં ભરતી અભિજાતની મમ્મીએ વાત કરી. 'એક તો તારાથી બધું છૂપું રાખવાના સમ લેવડાવ્યા હતા. કહેતો હતો કે વડોદરાથી છેક છોટાઉદેપુર કેમ ના જવું પડે, પણ વિદિશાને જિંદગીભર યાદ રહી જાય એવી અનોખી જગા પર બર્થ-ડે પાર્ટી રાખવી છે... આજવા લેક સાંજના ટાઇમે કેવું લાગે છે તે જોવા માટે બાઇક લઈને ગયો હતો... અને પાછા આવતાં આજવા-નિમેટા રોડ પર કોણ જાણે કોઈ ખટારાવાળાએ કેવી રીતે ટક્કર મારી...'

અભિજાતનાં મમ્મી આગળ બોલી શક્યાં નહોતાં. અભિજાતને ઑપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યો. ઑપરેશન મલ્ટિપલ ઇન્જરીઝનું હતું. છ કલાકથી વધારે ચાલ્યું. સવાર પડી ગઈ. તેને બહાર લાવીને આઇસીયુમાં રાખવામાં આવ્યો ત્યારે અભિજાતની આંખો બંધ હતી.

વિદિશાનું દિલ એ દૃશ્ય જોતાં જ બેસી ગયું હતું. 'અભિ ગયો કે શું ?'


ડૉક્ટરે તેના ખભે હાથ મૂકીને સાંત્વના આપતાં કહ્યું હતું 'અમે બનતી કોશિશ કરી છે. અભિજાતની પાંસળીઓ તૂટી ગઈ છે. ફેફસાં અને હાર્ટ જેવાં વાઇટલ ઓર્ગન્સમાં પણ ડેમેજ છે. છતાં જો તે 48 કલાક સર્વાઇવ કરી જાય તો ધેર ઇઝ અ બિગ હોપ....'

એ અડતાલીસ કલાકમાં એકવાર અભિજાત હોશમાં આવ્યો હતો. તેણે વિદિશાની હથેળી પકડીને કહ્યું હતું. 'વિદિ, એક વાત સમજી લે, તારી બર્થ-ડેની બધી એરેન્જમેન્ટ્સ કર્યા વિના હું જવાનો નથી...'

- અને એ બર્થ-ડે દસ દિવસ પછી હતી.



પુસ્તક પરિચય




મૈત્રી, પ્રેમ અને દગાબાજી

સ્ટેડિયમ...
સ્ટેડિયમમાં બાઇકનું દિલધડક ફાયરિંગ...
ફાયરિંગ વચ્ચે ઑડિયન્સની સંભળાતી
હર્ષોલ્લાસભરી ચિચિયારીઓ...
ચિચિયારીઓ વચ્ચે તાળીઓના અવાજ સાથે ઉઠતા
પ્રશંસા અને પ્રોત્સાહનના નારા...
અને ત્યાં જ, સાવ અચાનક
આ બધું જ એકાએક શાંત પડી ગયું...
ઑડિયન્સના ધબકારા વધી ગયા શ્વાસ થંભી ગયા...
સૌના મનમાં એક જ પ્રશ્ન હતો...
પણ એ પ્રશ્ન કયો હતો?

પ્રેમ, મૈત્રી અને દગાબાજીના તાણાવાણાથી ગૂંથાયેલી આ રહસ્યાત્મક અને દિલધડક લવસ્ટોરી તમે એક જ બેઠકે વાંચશો એની ખાતરી છે!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



શહીદ ભગતસિંહના જીવન પર
આધારિત અધિકૃત નવલકથા

'પિસ્તોલ અને બૉમ્બ ક્યારેય ક્રાંતિ નથી લાવી શકતા;
પણ ક્રાંતિની તલવારો વિચારોની ધાર ઉપર તેજ થાય છે.'
"મારું જીવન આઝાદ-એ-હિંદ માટે,
હિંદુસ્તાનની આઝાદી માટે અર્પણ થઈ ગયું છે.
મારા જીવનમાં આરામને, દુનિયાદારીને,
લગ્નજીવનને ક્યાંય સ્થાન નથી.

— ભગતસિંહ

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



વિદિશાને બરોબર યાદ હતું. એ ગોઝારા અડતાલીસ કલાકમાં અભિજાત એકવાર હોશમાં આવ્યો હતો. તેણે વિદિશાની હથેળી પકડીને કહ્યું હતું. 'વિદી, એક વાત સમજી લે. તારા બર્થ-ડેની બધી એરેન્જમેન્ટ્સ કર્યા વિના હું જવાનો નથી...'

પણ અભિજાત જતો જ રહ્યો. સતત ઉજાગરાથી બળતી રહેલી અને સતત રડવાથી સૂજી ગયેલી વિદિશાની આંખો જ્યાં થોડી મિનિટો માટે ઊંઘમાં સરી પડી હતી, ત્યારે જ હોસ્પિટલની નર્સે આવીને ખબર આપ્યા હતા 'સૉરી મૅડમ, પેશન્ટ ઇઝ નો મોર...'

વિદિશાને એટલો ભયંકર આઘાત લાગ્યો હતો કે તે સળંગ ત્રણ દિવસ સુધી રડી પણ શકી નહોતી. છાતી ઉપર જાણે ઘંટીનું પડ મૂક્યું હોય એવો ભાર વર્તાતો હતો. સ્મશાનયાત્રા ક્યારે નીકળી. કોણ કોણ એમાં જોડાયું, કોણે કોણે આવીને તેનો ખભો પસવારીને સાંત્વન આપ્યું... વિદિશાને કંઈ જ યાદ નહોતું. તેને માત્ર ચહેરા જ દેખાતા હતા. અવાજ તો જાણે સંભળાતો જ નહોતો. વિદિશાની મમ્મી તો ઠીક, તેના પપ્પા તેના ખભે માથું નાંખીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા ત્યારે પણ વિદિશાની આંખો જાણે કાચની બની ગઈ હોય તેમ તે દૂર ક્યાંક જોયા કરતી હતી.

ઉર્વી આ જોઈને સખત ડરી ગઈ હતી. તેણે વિદિશાની મમ્મીને સાઇડમાં બોલાવીને કહ્યું હતું. 'આન્ટી, જો વિદિશા રડશે નહીં તો કદાચ પાગલ થઈ જશે. આપણે એને કોઈપણ હિસાબે રડાવવી જ પડશે.'

'હા, પણ કઈ રીતે?' છલકાતી આંખે મમ્મીએ પૂછેલા આ સવાલનો જવાબ ઉર્વી પાસે પણ ક્યાં હતો!

બેસણાના દિવસે વિદિશા કોઈ પથ્થરની જડ મૂર્તિની માફક બેસી રહી, બારમા-તેરમાની વિધિમાં પણ એ જ હાલત. હવે કરવું શું? વિદિશાને રડાવવા માટે અભિજાતની યાદો સહેજ પણ કામમાં આવતી નહોતી. અભિજાતના ફોટા, તેના વિડિયો, તેની તોફાની મસ્તીની વાતો, તેના સડેલા જોક્સ... કશાની કશી અસર વિદિશા ઉપર થતી નહોતી.

વિદિશાને સાઇકિયાટ્રીસ્ટ ડૉક્ટરની ટ્રીટમેન્ટ શરૂ કરાવી છતાં દવાઓથી ખાસ ફેર પડતો નહોતો. એવામાં એક અનોખી ઘટના બની...

વિદિશા જાતે કાર ચલાવતાં ક્યાંક અથડાવી ન મારે એ ડરથી તેની સાથે એક ડ્રાઇવર રહેતો હતો. ડ્રાઇવર ન હોય તો ઉર્વી તેની સાથે જતી. એક સાંજે અચાનક વિદિશાએ ઉર્વીને કહ્યું, 'મારે અડાલજની વાવ જવું છે.'

'અત્યારે?' ઉર્વીએ કહ્યું 'વિદિશા સાત વાગી ગયા. અંધારું થઈ ગયું છે. વાવ બંધ થઈ ગઈ હશે.'

'ના, વાવ તો ખૂલી જશે.' વિદિશાનો અવાજ સપાટ હતો. 'બસ, મારે અત્યારે જવું છે.'

ઉર્વીએ અડાલજની વાવ તરફ જવા માટે કાર હંકારી. અમદાવાદ શહેરનો ગીચ ટ્રાફીક બારીમાંથી પસાર થઈ રહ્યો હતો. હાઇવેથી આગળ વધતાં ટ્રાફીક ઘટી ગયો પણ ચારે તરફથી ઝળુંબી રહેલું લાલાશથી ભરેલું આકાશ ધીમે ધીમે કાળું ઘટ્ટ થતું ગયું. વિદિશાના ચહેરા ઉપર કોઈ હલચલ નહોતી, મનમાં ઊંડે ઊંડે કોઈ તોફાન પણ નહોતું. બરોબર એક મહિના પહેલાં અભિજાત તેને લગભગ આવા જ ટાઇમે અચાનક અહીં વાવ ઉપર લઈ આવ્યો હતો. અહીંના ચોકીદારને 500નું પત્તું પકડાવીને તેણે વધારાના 100 રૂપિયામાં મીણબત્તીઓ મંગાવી હતી! અને વાવના એક ઝરૂખામાં...

વિદિશાની નજર સામે એ રોમેન્ટિક દૃશ્ય તરવરી રહ્યું... તે અને અભિજાત વાવના એક નાનકડા ઝરૂખામાં બેઠા હતા. એમની આસપાસ લગભગ 100 મીણબત્તી ઝળહળી રહી હતી. અભિજાતે હળવેકથી તેનો હાથ પોતાના બે હાથમાં લઈને તેની છાતીનો ડાબી બાજુ મુકતાં કહ્યું હતુંઃ 'જોને, આ દિલ શું કહે છે? લિસન ટુ દિલ, નો?'

વિદિશાએ એ જ ધીમા અવાજે અભિજાતના કાન પાસે પોતાના હોઠ લાવીને કહ્યું હતું 'મને શું ખબર? મારું દિલ તો તું લઈને બેઠો છે.'



આખરે રાતના સાડા આઠેક વાગે અંધારાને ચીરતી કારની હેડલાઇટો અડાલજની વાવ પાસે બહાર આવીને ઊભી રહી. ઉર્વીને હજી સમજાતું નહોતું કે વિદિશા તેને અહીં શા માટે લઈને આવી છે?

એક ઊંડો નિશ્વાસ નાંખીને વિદિશા કારમાંથી ઉતરી. સામે ભૂખરા અંધકારમાં અડાલજની વાવના પથ્થરો તેને આંધળી નજરથી તાકી રહ્યા હતા. વિદિશા હજી બે ડગલાં આગળ વધે ત્યાં પેલો ચોકીદાર દોડતો આવ્યો. તેણે સલામ મારીને પૂછ્યુંઃ

'ઓહો! તમે?... સાહેબ નથી આવ્યા?'

વિદિશા શું કહે? ઉર્વી ચોકીદારને કંઈ જવાબ આપે એ પહેલાં તો ચોકીદારે બૂમ પાડીને એની બૈરીને બોલાવી 'એય રુખી... આંઇ આવ! જો કોણ આઇવું છે!'

પાછળના અંધારામાંથી માથે ઓઢણી ઢાંકેલી એક શામળી છતાં સુંદર યુવતી હસતી હસતી દોડી આવી.

'જુઓ, આ મારી બૈરી છે! એ હાવ મૂંગીમંતર હતી, પણ તમારા સાહેબને લીધે આજે કેવી હસતી-રમતી થઈ ગઈ છે! તમે જ જોઈ લ્યો...'

વિદિશાને કંઈ સમજાયું નહીં.

ચોકીદારનો તો ઉત્સાહ સમાતો નહોતો. 'તે દા'ડે સાહેબે મને 500 રૂપિયા આપેલા ને, ત્યારે કીધેલું, આમાંથી તારી બૈરી માટે કંઈક લેજે. એ ખુશ થઈ જશે... મેં છે ને, આના હારુ તૈણસોની એક સાડી ને બસ્સોનાં બે ઝાંઝર લીધાં! એમાં જ ઇને થઈ જયું કે મું ઇને લવ કરું છું...'

'તમેય શું?' ઘૂમટામાં હસી રહેલી ચોકીદારની બૈરીએ પતિને સહેજ કોણી મારતાં કહ્યું, 'સાડી અને ઝાંઝર પછી પેલી મીણબત્તીવાળી વાત તો ભૂલી જ ગ્યા...'

'મીણબત્તી?' ઉર્વીને કશી ખબર નહોતી.

ચોકીદારે શરમાતાં શરમાતાં વિદિશાને કહ્યું 'હવે શું કઉં બેન, મું ય તમારા સાહેબની જેમ એને વાવમાં લઈ ગયેલો... અને ઝરૂખામાં બેહારીને મીણબત્તીઓ હળગાઇ... ઇને ખરા દિલથી બથમાં લીધી તાણે જ ઇને ભરુહો બેઠો કે-'

'શેનો ભરોસો...' વિદિશાના હોઠ ઘણા સમયે ખુલ્યા. એની આંખોની કીકીઓમાં પંદર દિવસ પછી જાણે આજે જ જીવ આવ્યો.

ચોકીદારે કહ્યું 'હવ તમોને, શું કઉં? આ મારી બૈરી છે ને, એ પૈણીને આઇ ને, એ પહેલાં કોઈના લવમાં

હતી. પણ એ બચાડો મરી ગ્યો, મારી હાથે લગન થયાં કેડે એ એમ જ હમજતી હતી કે મું ઇને લવ નહીં કરતો... પણ સાહેબના પોંચસો રૂપિયાએ અમારી જિંદગી બદલી નોંખી! હવે એ જીદ લઈને બેઠી છે કે સાહેબનાં ને બહેનનોં લગન થાય તો એમોં મારે જવું જ છે! મેં કીધું, એ મોટોં મોંણહ કે'વાય, પણ એ કહે છે કે ભલે ને, આપડે લગનનોં વાસણ માંજવા જઈશું, પણ સાહેબના આશીર્વાદ તો લેવા જ છે...'

ઉર્વીની આંખો આ કિસ્સો સાંભળીને ભીની થઈ રહી હતી, તે કંઈ કહેવા જતી હતી ત્યાં વિદિશાએ કંઈ જુદું જ કર્યું. તે ચોકીદારની પત્ની પાસે પહોંચી ગઈ. તેને બાથમાં ભરીને કહેવા લાગી.

'ના હોં? તું જરૂર આવજે લગનમાં... તારે તો આવવાનું જ છે! હું જોઉં છું ને તને અમારાં લગનમાં આવતાં કોણ રોકે છે, હેં? તારે આવવાનું જ છે... હું... હું જાતે તને કંકોત્રી આપવા આવીશ! બસ?'

આટલું કહેતાં કહેતાં તો વિદિશા પેલી સાવ અજાણી ચોકીદારની અબુધ પત્નીને બાથ ભીડીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી... બિચારી અભણ બાઇ જરા ડઘાઈ ગઈ પણ શી ખબર, તેના અને વિદિશાના દિલના તાર કયા અદશ્ય તાંતણે જોડાયા હશે, તે વિદિશાની પીઠ પસવારતી પોતે પણ રડવા લાગી...

ઉર્વીને તો સમજાતું જ નહોતું!

માત્ર એક જ વાર પેલા ચોકીદારને મળેલા અભિજાતના નુસખા વડે એ અભણ પતિ-પત્ની વચ્ચેની કઈ ગાંઠ ઓગળી ગઈ હતી?

બસ, તેને તો એક જ વાતની ખુશી હતી કે વિદિશા રડી રહી હતી... ધોધમાર આંસુએ રડી રહી હતી...



વિદિશાના બર્થ-ડેની તારીખ નજીક આવી રહી હતી. ઉર્વી સતત એ વાતની કાળજી રાખતી હતી કે વાતચીતમાં ક્યાંય વિદિશાના બર્થ-ડેનો ઉલ્લેખ ન થઈ જાય, ઉર્વી જાણતી હતી કે અભિજાતે મરતાં પહેલાં વિદિશાને વચન આપ્યું હતું કે તારા બર્થ-ડેની પૂરેપૂરી તૈયારી કર્યા વિના હું ક્યાંય જવાનો નથી...

'પણ અભિજાત તો ગયો ને?' વિદિશાના મનમાં મનમાં આ વિચાર વારંવાર ફરકી જતો હતો. એ વિચારની સાથે જે હળવી ઉદાસી છવાઈ જાય તેની પહેલાં વિદિશા પોતાની જાતને યાદ દેવડાવતીઃ 'લિસન ટુ યૉર દિલ વિદિશા!'

હા, વિદિશાના દિલમાં હવે એ વાતનું કુતૂહલ હતું કે પેલો નટખટ જિનિયસ મેહુલ તેનો બર્થ-ડે શી રીતે ઊજવી બતાડે છે! અમદાવાદથી મમ્મી-પપ્પાના ફોન આવતા તેમાંય તેઓ બર્થ-ડેની વાત જાણી જોઈને કાઢતા નહોતાં. ઉર્વી તો એ વાતે સાવ અજાણ હોવાનો દેખાવ કરતી હતી, પણ નવાઈ લાગે એવી વાત એ હતી કે વિદિશાની ફેસબુકમાં પણ ફ્રેન્ડ્ઝ તરફથી કોઈ આડકતરી હિન્ટ સુધ્ધાં નહોતી.

બીજી તરફ કૉલેજનું વાતાવરણ સાવ ઊલટું હતું! એકે એક સ્ટુડન્ટને ખબર તો હતી જ, પણ મારા બેટા, બધા આવી આવીને કહી જતા હતા 'મૅડમ, સરપ્રાઇઝ માટે તૈયાર રહેજો હોં!' વિદિશા મનમાં વિચારતી કે 'યાર, મામલો શું છે? ચાલો, જે હોય તે, મેહુલ શું કરે છે એ જોઈએ તો ખરા?'



આખરે બર્થ-ડેનો દિવસ આવી પહોંચ્યો. એ દિવસે શનિવાર હતો. મેહુલે આખું ફંક્શન કૉલેજના મેદાનમાં સાંજના ટાઇમે ગોઠવ્યું હતું. ઉર્વીએ સવારે ઉતાવળે ઉતાવળે ઑફિસે જતાં કહ્યું 'વિદિશા, મારે બેન્કમાં બહુ કામ છે. મને રાત્રે મોડું થશે, તું જમી લેજે ને?'

વિદિશા જાણતી હતી કે ઉર્વી તેના જન્મદિવસની વાત ટાળવા માટે જ આવું કરી રહી છે પણ હવે વિદિશાએ સામેથી કીધું, 'ભલે મોડું થતું, પણ બેન્કથી છૂટીને સીધી કૉલેજમાં આવજે. સ્ટુડન્ટોએ મારી બર્થ-ડે પાર્ટી રાખી છે.'

'ઓ વાઉ!' ઉર્વીએ તરત સ્મિત ફરકાવતાં જવાબ આપ્યો. 'ધેટ્સ વેરી નાઇસ! આ તો બહુ જ સારી વાત થઈ! ગુડ... ચલ. હું જરૂર આવીશ. અને હા, હેપ્પી બર્થ-ડે.'

ઉર્વીના ગયા પછી વિદિશાને શાંતિ થઈ. 'હાશ, કમસે કમ ઉર્વી તો નોર્મલ છે? હવે શું કરું? મારાં મમ્મી-પપ્પાને જણાવું કે નહીં? ચલ, એક કામ કરીશ, રાત્રે બર્થ-ડે પાર્ટીમાંથી જ એમને વિડિયો કૉલ કરીશ... અને અભિજાતનાં મમ્મી-પપ્પા?'

આ સવાલે વિદિશા ફરી મૂંઝાઈ ગઈ. શી રીતે એમને યાદ અપાવવું કે એમનો દીકરો જો હયાત હોત તો મારી બર્થ-ડે બિલકુલ એના જ પ્લાનિંગ મુજબ ઊજવાઈ રહી હોત?

'લિસન ટુ દિલ...' ક્યાંકથી એક પડઘો સંભળાયો અને વિદિશાએ ઉદાસીભર્યા વિચારો મનમાંથી ખંખેરી નાખ્યા.



રાત્રે વિદિશા માટે સરપ્રાઇઝ ઉપર સરપ્રાઇઝો આવી રહ્યાં હતાં! કૉલેજના ગ્રાઉન્ડમાં દાખલ થતાં જ તેણે જોયું કે નાનકડી સરખી આખી જગા મેહુલે રેડ એન્ડ વ્હાઇટ કલરના ફુગ્ગાઓ વડે સજાવી મૂકી હતી! વિદિશાને થયું, આ વાતની મેહુલને ક્યાંથી ખબર હોય કે તેને રેડ એન્ડ વ્હાઇટનું કોમ્બિનેશન ખૂબ જ પસંદ છે?

સ્ટુડન્ટો અને ફેકલ્ટી મેમ્બરો વારાફરતી આવીને જે ફૂલોના બુકે આપી રહ્યાં હતાં એમાં પણ સાવ જુદા જ પ્રકારનું સરપ્રાઇઝ હતું! બુકે માત્ર બે જ પ્રકારના હતા. એક તો હતા ગુલાબનાં ફૂલોના ગુલદસ્તા... પણ એમાં રોઝિસનો રંગ દરેક બુકેમાં યલો જ હતો! આ પણ વિદિશાની જ ખાસ ચોઇસ! અને બીજા પ્રકારના ગુલદસ્તામાં બે જ પ્રકારનાં વ્હાઇટ ફૂલો હતાં... ચંપાનાં ખીલેલાં ફૂલ અને મોગરાની જાડીજાડી કળીઓ! વિદિશાને આશ્ચર્યના ઝટકા વાગી રહ્યા હતા કે આ બેટમજી મેહુલે ક્યાંથી શોધી કાઢ્યું હશે કે મને આ બંને ફૂલો આ જ રીતે પસંદ છે?

એથી યે મોટી સરપ્રાઇઝ ત્યારે આવી જ્યારે બર્થ-ડે કેકનું બોક્સ ખુલ્યું! અંદર ચિલાચાલુ કેકને બદલે પૂરાં 25 ગુલાબજાંબુ એકદમ બ્યુટિફુલ પેટર્નમાં ગોઠવેલાં હતાં! એટલું જ નહીં, દરેક ગુલાબજાંબુ ઉપર એક નાનકડી મીણબત્તી ખોસેલી હતી! આ જોઈને તો વિદિશા છક્કડ ખાઈ ગઈ કારણ કે છેક તેના સાતમા જન્મદિવસથી તેણે ઘરમાં એવી ટ્રેડિશન પડાવી હતી કે ફોરેન ટાઇપની કેકને બદલે ગુલાબજાંબુનું ઉપર જ મીણબત્તીઓ ખોસવાની... વિદિશાને કેક ભાવતી જ નહોતી!

'આ તો સરપ્રાઇઝની હદ થઈ ગઈ!' વિદિશા મનમાં વિચારી રહી હતી, 'મેહુલે આ વાત ક્યાંથી શોધી કાઢી! ક્યાંક ઉર્વી તો આખા કાવતરામાં સામેલ નહોતી ને?'

હજી એ વિચાર આગળ વધે ત્યાં તો તેને વારાફરતી જે બર્થ-ડે ગિફ્ટો આવવા માંડી તે જોઈને વિદિશા મેહુલને પૂરેપૂરો 'જાસૂસ' જ માની બેઠી... કારણ કે અહીં પણ તેના ઘરની બાળપણની પરંપરા જારી હતી!

આવનાર દરેક મહેમાન આલતુ ફાલતુ મોંઘી ચીજ લાવવાને બદલે ઘરેથી કોઈ સરસ મઝાની ખાવાની આઇટમ લઈને આવી રહ્યા હતા! અને આઇટમો પણ કેવી? ખાટીમીઠી દાળ-ઢોકળી, લીલા ધાણા વડે સજાવેલી ચળકતી ખાંડવી, તાજો ગરમાગરમ હાંડવો, બાજરાનો રોટલો અને રીંગણનો ઓળો... એકેએક વિદિશાને જ ભાવતી વાનગીઓ!

'મૅડમ, તમારો બર્થ-ડે પાર્ટીમાં અમે કેટરિંગનો ખર્ચો બચાવી લીધો છે! આજે સૌ એકબીજાના ડબ્બામાંથી વાનગીઓ ખાઈને પેટ ભરશે... શું કરીએ મૅડમ? પોકેટમનીમાંથી પાર્ટી કરવાની હોય ત્યાં સોલ્જરી જ કામમાં આવે ને?'

'શટ અપ!' વિદિશાએ ખોટો ગુસ્સો કરીને મેહુલ સામે છણકો કર્યો. 'સોલ્જરીની ગપ તો રહેવા જ દેજે!

મને એ કહે કે આ બધી જાસૂસી તું ક્યાંથી શીખ્યો?'

'મૅડમ, તમારા સોલ્જર પ્રમોશન મેળવીને સ્પાય થઈ ગયો છે!'

જવાબ મેહુલે નહીં પણ પાર્ટીમાં પ્રવેશી રહેલાં વિદિશાનાં મમ્મી-પપ્પાએ આપ્યો. વિદિશા તો ગદ્ગદ થઈ ગઈ! જઈને ભેટી જ પડી!

એમની પાછળ પાછળ ઉર્વી સાથે અભિજાતનાં મમ્મી-પપ્પા દાખલ થઈ રહ્યાં હતાં. વિદિશાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. લાગણીના ઊભરા સાથે તે એમને પગે પડવા જતી હતી ત્યાં બંનેએ એને ઊભી કરીને વારાફરતી છાતી સરસી ચાંપી.

'અચ્છા, તો આ આખું પ્લાનિંગ મેહુલનું નહીં, પણ ઉર્વીનું હતું એમ ને?'


અભિજાતનાં મમ્મી-પપ્પાની આંખો ફરી ભીની થઈ આવી. પપ્પાએ કોટના ખિસ્સામાંથી એક કવર કાઢીને વિદિશાના હાથમાં આપતાં કહ્યું 'બેટા, પ્લાનિંગ તો અભિજાતનું જ હતું. યાદ છે, એણે તને પ્રોમિસ આપ્યું હતું કે તારા બર્થ-ડેની તમામ તૈયારીઓ કર્યા વિના તે જશે નહીં!'

વિદિશાની આંખો છલકાઈ ઊઠી, ઉર્વીએ તેનો હાથ પકડતાં કહ્યું 'હા વિદિશા, અભિજાતે તમામ તૈયારીની નોંધ મારા લેપટોપમાં લખાવડાવી હતી, હવે એની છેલ્લી ડિટેઇલ શું હતી તે આ કવર ખોલીને જાતે જ જોઈ લે...'

વિદિશાનું દિલ ધડકી ઊઠ્યું, શું હતું એ કવરમાં?



પુસ્તક પરિચય




એક દિલનાં બે-બે અરમાન

પોતાની પહેલી વેડિંગ એનિવર્સરીની રાત્રે પોતાના પતિ સાગરના પ્યારમાં તરબોળ થઈ ગયેલી સીમા લગ્ન પહેલાંના એક ભુલાઈ ગયેલા પ્રેમનો નિખાલસ એકરાર કરી બેસે છે. સાગર કંઈ નથી બોલતો. પણ બીજા જ દિવસે સવારે સાગરનાં છૂપાં રહસ્યો ઉઘાડાં પડી જાય છે! શું એક જ દિલમાં બબ્બે પ્યારનાં મંદિર બની શકે ખરાં?

આ વિભાવરી વર્મા કોણ છે? એનો ક્યારેય ફોટો પણ કેમ નથી દેખાતો? એનો ફેસબુક એકાઉન્ટ કેમ નથી? આ બધા સવાલો છોડો. હકીકત એ છે કે આજના મૉડર્ન જમાનાના યુવાનોની દુનિયાની વાતોમાં તથા એમના કૉમ્પ્યૂટરોમાં, સ્માર્ટ ફોનોમાં, કૉલેજ કૅન્ટીનોમાં અને યંગ-યંગ દિલોમાં જે ફિલિંગ્સ ધબકે છે એની સાથે તાલ મિલાવતી આ એક સાવ નવી ફ્રેશ કલમ છે, જેને લાખો વાચકોએ ખુલ્લા દિલે આવકારી છે! નોટ જસ્ટ ધેટ, યંગ એર હાર્ટ હોય એવાં સિક્સ્ટી પ્લસ સજ્જન સન્નારીઓ પણ વિભાવરી વર્માને નિયમિત વાંચે છે કારણકે વિભાવરી વર્માની વાર્તાઓમાં ઉપરછલ્લો છીછરો રોમાન્સ નથી, એક મિનિંગફુલ ઊંડાણ પણ છે...

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય




એકરાર વિનાના પ્યારની દાસ્તાન

લંડનથી પાછી આવેલી સ્વાતિએ એની ખાસ બહેનપણી શાલ્મલિના લગ્નનું ભવ્ય વેડિંગ-પ્લાનિંગ કરવાનું છે. પણ શાલ્મલિનાં લગ્ન જેની સાથે થવાનાં છે એ સમીર સાથે પોતાનો એક અનોખો, ગુપ્ત છતાં પ્યોર લાગણીઓનો સંબંધ હતો... એનું શું? ખરેખર કોણ કોના માટે મેઇડ ફોર ઇચ-અધર હતું?

આ વિભાવરી વર્મા કોણ છે? એનો ક્યારેય ફોટો પણ કેમ નથી દેખાતો? એનો ફેસબુક એકાઉન્ટ કેમ નથી? આ બધા સવાલો છોડો. હકીકત એ છે કે આજના મૉડર્ન જમાનાના યુવાનોની દુનિયાની વાતોમાં તથા એમના કૉમ્પ્યૂટરોમાં, સ્માર્ટ ફોનોમાં, કૉલેજ કૅન્ટીનોમાં અને યંગ-યંગ દિલોમાં જે ફિલિંગ્સ ધબકે છે એની સાથે તાલ મિલાવતી આ એક સાવ નવી ફ્રેશ કલમ છે, જેને લાખો વાચકોએ ખુલ્લા દિલે આવકારી છે! નોટ જસ્ટ ધેટ, યંગ એટ હાર્ટ હોય એવાં સિક્સ્ટી પ્લસ સજ્જન સન્નારીઓ પણ વિભાવરી વર્માને નિયમિત વાંચે છે કારણકે વિભાવરી વર્માની વાર્તાઓમાં ઉપરછલ્લો છીછરો રોમાન્સ નથી, એક મિનિંગફુલ ઊંડાણ પણ છે...

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



સંજોગોના વાવાઝોડામાં અટવાતી
બબ્બે જિંદગીઓની દિલધડક વાત!

ગુલમર્ગની બર્ફીલી ગુફાઓમાં અને પહેલગામની બરફાચ્છાદિત પહાડીઓમાં વિજય અને સુમનનો પાંગરેલો અને પરાકાષ્ઠાએ પહોંચેલો પ્રેમ, આતંકવાદીઓના ઓછાયામાં અટવાતો અટવાતો એક મુસ્લિમ મિત્રના પરિવારમાં આશરો મેળવે છે.

જિંદગીના સીધા દેખાતા રસ્તા પર ક્યારે, ક્યાં અને કેવા કેવા વળાંકો આવવાના છે એની નથી તો વિજયને ખબર કે નથી સુમનને... આવો જ એક વળાંક વિજયને સુમનથી વિખૂટો પાડી દે છે... કયો હતો એ વળાંક? વિજયથી પ્રેગ્નેન્ટ બનેલી કુંવારી સુમન કયા સંજોગોમાં દીપચંદ નામના બીજવર સાથે લગ્ન કરે છે? એનો અંજામ શું આવે છે?

નાનાં મોટાં અનેક ડાઇવર્ઝન લેતી જિંદગીમાં ફરીવાર જ્યારે વિજય અને સુમન મળે એક 'કહેવાતી' વિધવા અને એક પુત્રની કુંવારી માતાનું શું થાય છે? આવાં તો અનેક રહસ્યોનાં જાળાં આ નવલકથામાં રચાયાં છે.

પ્રેમ, જીવન અને મરણનાં બદલાતા ટાર્ગેટ સાથે ભરપૂર રોમાંચ, રોમાન્સ અને ટૅરર તમને મિશન Loveના પ્રેમી બનાવી દેશે!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



વિદિશાના હાથમાં અભિજાતના પપ્પાએ આપેલું એક કવર હતું. શું હતું એ કવરમાં? વિદિશાએ ધ્રૂજતા હાથે એ કવર ખોલ્યું. અંદર એક પત્ર હતો.

'વિદિશા, હું જાણું છું કે મારી પાસે હવે સમય બચ્યો નથી. આ પત્ર જ્યારે તારા હાથમાં આવશે ત્યારે તારો જન્મદિવસ હશે અને જો બધું મારા પ્લાનિંગ મુજબ થયું હશે તો તારો આ સૌથી યાદગાર બર્થડે હશે...'

વિદિશાની આંખો ભરાઈ આવી. પત્રમાં અક્ષરો ઉર્વીના હતા પણ શબ્દો અભિજાતના જ હતા. તેણે આગળ વાંચ્યું... 'વિદિશા, હું આ પત્ર ઉર્વીને લખાવી રહ્યો છું કારણ કે મારા હાથમાં એટલી તાકાત નથી રહી. શરીરના ઘામાંથી સતત લોહી વહી રહ્યું છે, બીજી તરફ બાટલાઓ દ્વારા મારા શરીરમાં બીજા કોઈનાં લોહી રેડાઇ રહ્યાં છે. ડૉક્ટરો પ્રયત્ન કરી રહ્યા છે પણ હું જાણું છું એમના પ્રયત્નો હવે વ્યર્થ છે...'

વિદિશાના દિલ પર જાણે કોઈ પથ્થર ભીંસાઇ રહ્યો હોય તેવો ભાર વર્તાઈ રહ્યો હતો. ઉર્વી, વિદિશાનાં મમ્મી-પપ્પા, અભિજાતનાં મા-બાપ... સૌના ચહેરા ઉપર બનાવટી સ્મિત હતાં. જાણે સૌ કહી રહ્યાં હોય કે પ્લીઝ, આગળ વાંચ...

'વિદિ, આપણો જે બે મહિનાનો સંગ રહ્યો તે મારી જિંદગીના સૌથી બેસ્ટ દિવસો હતા. જો કોઈ આત્મા નામની ચીજ હોય અને માણસના શરીરમાંથી નીકળીને ફરી ક્યાંક અવકાશમાં જતી રહેતી હશે તો એ આત્માને પણ તારી સાથે વિતાવેલી ક્ષણો વારંવાર પાછી ધરતી તરફ ખેંચતી રહેશે. પણ ના... સંત મહાત્માઓ કહે છે ને, આત્મા તો અમર છે, એ તો માત્ર ખોળિયાં જ બદલે છે, તો એ હિસાબે હું પણ કોઈ બીજા ખોળિયામાં જઈને મારી નવી ઇનિંગ્સ શરૂ કરીશ.'

વિદિશાના ગળે અચાનક ડૂમો ભરાઈ આવ્યો. અભિજાતે જતાં જતાં કેવું કેવું વિચાર્યું હતું? ઉર્વીની પણ હિંમત કહેવાય કે તે તેની સામે બેસીને આવું બધું શબ્દશઃ લખી શકી. વિદિશાનું ડૂસકું ગળે અટકી ગયું હતું. ઉર્વીએ તેના ખભે સાંત્વનાભર્યો હાથ મૂકતા કહ્યું, 'વિદિશા, આગળ વાંચ...'

આગળના શબ્દો અભિજાતના જાતે લખેલા અક્ષરોમાં હતા. અક્ષરો સહેજ ત્રાંસા હતા. સહેજ ધ્રૂજી ગયેલા હતા, થોડા વાંકાચૂકા પણ હતા. વિદિશાએ આંખો લૂંછીને આગળ વાંચ્યું...

'વિદિશા, મારા તરફથી તને હેપ્પી બર્થ-ડે... હું તને પહેલી અને છેલ્લી વાર બર્થ-ડેની વિશ કરી રહ્યો છું. હવે હું જાઉં છું...'

વિદિશા શી રીતે આગળ વાંચી શકે? આંખમાં ધસી આવતાં આંસુમાં પત્રના અક્ષરો ધૂંધળા થઈ રહ્યા હતા.

ઉર્વીએ હળવેકથી તેની આંખો લૂછી. અભિજાતની મમ્મીએ પોતાનો હાથ વિદિશાને માથે પસવારીને આગળ વાંચવાનો ઇશારો કર્યો. વિદિશાએ ફરી પત્રનો સાંધો મેળવ્યો...

'હવે હું જાઉં છું પણ મને એક પ્રોમિસ આપ. તારા દિલનો કોઈ ખૂણો ખાલી રહેવા દઈશ નહીં. બસ, લિસન ટુ યૉર દિલ! તારા દિલની એ ખાલી જગ્યા પૂરનારો જો કોઈ બીજો સામે મળી જાય તો તેને અપનાવી લેજે. ભલે એને ગોળધાણા 'વાનગીની જેમ' ખાવાની ક્રેઝી આદત ના હોય...'

વિદિશા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. અભિજાતે જતાં જતાં પણ તેની સેન્સ ઑફ હ્યુમર છોડી નહોતી. એક રાત્રે છેક સાડા અગિયાર વાગે વડોદરાથી અમદાવાદ આવીને તેણે વિદિશાના હાથે બનાવેલા ગોળધાણા ખાવાની ફરમાઇશ કરી હતી! કેવા અદ્ભુત હતા એ દિવસો?

વિદિશા થોડી ક્ષણો પછી વર્તમાનમાં પાછી ફરી. ધામધૂમ અને સરપ્રાઇઝોથી ભરેલી તેની બર્થ-ડે પાર્ટી અચાનક શાંત પડી ગઈ હતી. મેહુલ અને તેના કૉલેજિયન દોસ્તોને તો ખબર સુધ્ધાં નહોતી કે આ પત્ર કોનો હતો. અને એમાં શું લખ્યું હતું. એમણે તો બસ, ઉર્વીના કહ્યા પ્રમાણે દિલ લગાવીને આખું પ્લાનિંગ પાર પાડ્યું હતું.

સૌના ઠંડા થઈ ગયેલા ચહેરા જોઈને વિદિશાના દિલમાં ફરી એકવાર અભિજાતનો અવાજ પડઘાયો. 'લિસન ટુ યૉર દિલ, વિદિશા!' અને વિદિશાએ આંખો લૂછીને ચહેરા પર ખુલ્લું સ્મિત ફરકાવતાં સૌને કહ્યું 'અરે! પાર્ટી હજી ચાલુ છે... કોઈ મ્યુઝિક ચાલું કરો ને?'

એ જ વખતે એક સ્ટુડન્ટે મ્યુઝિક સ્ટાર્ટ કર્યું અને ગાયન વાગવા લાગ્યું. 'શનિવાર રાતી... મુઝે નીંદ નહીં આતી...'



પાર્ટી પતી ગઈ હતી. ઉર્વી, વિદિશા વગેરે સૌ ઘરે આવી ગયાં હતાં પણ શનિવારની રાત હજી પતી નહોતી. મોડી રાત્રે જ્યારે સૌ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં ત્યારે વિદિશા ઍપાર્ટમૅન્ટની બારીએ આવીને ઊભી રહી. બારીમાંથી આ રંગીલું મોજીલું સુરત શહેર દેખાતું હતું.

વિદિશા વિચારોમાં હતી. અભિજાતના પત્રમાં જે સંકેત હતો તે તો સાચો જ હતો કે દિલના ખાલી પડેલા ખૂણાને કોઈ ભરી શકે એવું પાત્ર સામે મળી જાય તો તેને સ્વીકારી લેવું જોઈએ... પણ શું એ મેહુલ હતો?

વિદિશા વિચારતી રહી. કૉલેજ જોઇન કર્યાથી લઈને આજ સુધીમાં મેહુલની હાજરી સતત તેને ખુશ રાખતી રહી છે. ક્યારેક તો એવું લાગતું કે જાણે ખુદ અભિજાતે જ મેહુલને પોતાની જગા લેવા મોકલી આપ્યો છે. પણ શું મેહુલને મારા માટે કોઈ એવી ફીલિંગ્સ હશે ખરી? એ બધું તો ઠીક, શું પોતાને મેહુલ માટે એવી કોઈ લાગણીઓ છે ખરી?

વિદિશાને વારંવાર અભિજાતનું વાક્ય સંભળાયા કરતું હતું: 'લિસન ટુ યૉર દિલ...' પણ યાર, દિલ શું કહેતું હતું?



કૉલેજમાં દિવસો વીતી રહ્યા હતા. મેહુલ અને એની ટોળકીના લીધે વિદિશાની આસપાસ આનંદની છોળો ઊડતી રહેતી હતી. આમેય, કૉલેજનું વાતાવરણ હંમેશાં કોઈ ને કોઈ ધમાલ-મસ્તીથી ધમધમતું હોય છે. અમુક સોગિયા પ્રોફેસરો પોતાની જાતને ગંભીર અથવા ઇન્ટેલેક્ચ્યુઅલ બતાડવા માટે જાણીજોઈને આ બધી પ્રવૃત્તિઓ તરફ નાકનું ટીચકું ચડાવતા હોય છે પણ વિદિશા એવી નહોતી. ઇન ફેક્ટ, કૉલેજમાં વીતતા કલાકો તો તેના માટે સંજીવની સમાન હતા. સમયના ઘા કૉલેજના કલાકોમાં ભુલાઈ જતા હતા. પણ પછી...?

ક્યારેક વિદિશા ઘરમાં ઉદાસ થઈને બેસી રહેતી. ઉર્વી તેને કહેતી 'કમ ઓન વિદિશા, લાઇફ ઇઝ નોટ

જસ્ટ પાસ્ટ... ઇટ ઇઝ એવરી મોમેન્ટ, અ પ્રેઝન્ટ ધેટ ઇઝ લુકિંગ ફોરવર્ડ ઇન ફ્યુચર...'

વિદિશા કહેતી 'રહેવા દે હોં? એવાં ઇંગ્લિશ ક્વોટેશન્સ ઇન્ટરનેટ ઉપર ડઝનના ભાવે મળે છે.'

ઉર્વી હસીને વાત ટાળી દેતી પણ એક દિવસ તેણે અમસ્તા જ બહુ સરસ વાત કરી દીધીઃ

'યુ નો વિદિશા? આપણે સરસ મઝાનું વેકેશન માણીને ઘરે પાછાં આવ્યાં હોઈએ ત્યારે શું એમ વિચારીએ છીએ કે અરેરે... એ વેકેશન હવે તો ફરી કદી પાછું નહીં આવે! ઊલટું, ત્રણ-ચાર મહિના પછી આપણે એક નવા વેકેશન માટે નવી જગા શોધતા હોઈએ છીએ, રાઇટ?'

વાત ઇન્ટ્રેસ્ટિંગ હતી પણ વિદિશાએ તેને ઊંધી રીતે લીધી, તેણે કહ્યું, 'યુ મીન ટુ સે, કે અભિજાત નામનું વેકેશન પતી ગયું... હવે મારે મેહુલ નામનું વેકેશન લેવાનું છે, એમ?'

મેહુલનું નામ પડતાં જ ઉર્વીની આંખો અચાનક ચમકી ઊઠી. તેણે નજીક આવીને વિદિશાની કમરમાં ચોંટિયો ભરીને કહ્યું 'અચ્છાઆઆ? તો મનમાં આ મેહુલ છે! બડી શેતાન છે હોં? કહેતી પણ નથી?'

વિદિશાએ ઉર્વીને ધક્કો માર્યો 'એવું કંઈ નથી હોં! જોકે મેં એને પૂરેપૂરો ઓળખવાની કોશિશ પણ નથી કરી.'

'તો એમાં વાર કેટલી?' ઉર્વીએ ચપટી વગાડી 'એનું ફેસબુક પેજ ખોલને, અડધી કુંડળી તો એમાં જ મળી જશે!'



ઉર્વીની સામે તો નહીં, પણ એની ગેરહાજરીમાં એક દિવસ વિદિશાએ મેહુલનું ફેસબુક પેજ ખોલીને જોયું.

એના હસતા, રમતા, ધમ્માલ કરતા અસંખ્ય ફોટા હતા. છોકરાઓની સાથે અને છોકરીઓની સાથે પણ. કૉલેજનો સૌથી પોપ્યુલર સ્ટુડન્ટ હતો એટલે લાઇક, કોમેન્ટ્સ અને ફ્રેન્ડ્ઝની પણ લાંબી વણજારો હતી. હોય જ ને! પણ 'માય પોસ્ટ્સ' ખોલતાં વિદિશાને કંઈ નવું જ જોવા મળ્યું.

મેહુલે પોતાની અંગ્રેજીમાં લખેલી શોર્ટ-સ્ટોરીઝ ફેસબુકમાં મૂકી હતી. એ વાંચતાં જ વિદિશાને સમજાઈ ગયું કે મેહુલ બહારથી દેખાય છે એટલો તોફાની અને નટખટ નહોતો. એની અંદર ઊંડે ઊંડે કોઈ બીજો જ મેહુલ બેઠો હતો. એની શોર્ટ-સ્ટોરીઝમાં કોઈ અઘરાં ઇંગ્લિશથી ભરપૂર બનાવટી વાક્યો નહોતાં. સીધા સાદા સિમ્પલ ઇંગ્લિશમાં એણે સુરતમાં વસતા બિહારી મજદૂરોની, કાઠિયાવાડના હીરાઘસુઓની, રેલવે પ્લેટફોર્મ પર ભીખ માગવાને બદલે કીટલી-ગલ્લાઓ ઉપર કામ કરતાં બાળકોની વારતાઓ લખી હતી. આમ જોવા જાવ તો એ કંઈ શોર્ટ-સ્ટોરીઝ પણ નહોતી. બલકે, જીવતા જાગતા લોકોના સ્કેચ હતા.

ખબર નહીં કેમ, વિદિશાને હવે મેહુલમાં વધારે રસ પડવા લાગ્યો. તેને યાદ આવ્યું, મિસિસ પંડ્યા એક દિવસ બોલ્યાં હતાં, 'હી ઇઝ એ જિનિયસ...' વિદિશા હજી વિચારમાં હતી, શું આ આર્ટ્સવાળો જિનિયસ પેલા એન્જિનિયરિંગવાળા અભિજાતની જગા લઈ શકશે?



'વિદિશા, દિલ્હી યુનિવર્સિટીમાં ઓલ-ઇન્ડિયા લેવલનો યુથ ફેસ્ટિવલ થઈ રહ્યો છે. આપણી કૉલેજને પણ ઇન્વિટેશન મળ્યું છે. જુઓને, તમે એકાદ ઇંગ્લિશ નાટક તૈયાર કરાવી શકતાં હો તો...'

વાઇસ પ્રિન્સિપાલ મિસિસ પંડ્યાના સજેશનને વિદિશાએ તરત જ સ્વીકારી લીધું. 'માત્ર નાટક જ શા માટે, હું બીજી રિસ્પોન્સિબિલિટિઝ લેવા પણ તૈયાર છું!'

એ પછીનો આખો એક મહિનો વિદિશા માટે એક્ટિવિટિઝથી ભરપૂર હતો. આમેય વિદિશા ટિચર તરીકે સૌથી જુનિયર હતી. તેની ઓફિશિયલ પોસ્ટ લેક્ચરર કે પ્રોફેસરની નહિ, પણ 'કો-ઓર્ડિનેટર ફેકલ્ટી' તરીકેની હતી. વિદિશાએ તેનો પુરેપુરો પગાર વસૂલ કરાવવા માંડ્યો.

સવારથી બપોર કૉલેજ અને બપોરે ત્રણેક વાગ્યા પછી સાંજના સાત, તો ક્યારેક આઠ-નવ વાગ્યા સુધી ફેસ્ટિવલની તૈયારીઓ... એક બાજુ નાટકનાં રિહર્સલો તો બીજી બાજુ ગ્રુપ ડાન્સનાં રિહર્સલો, કોઈને વક્તૃત્વ સ્પર્ધા માટે મદદ કરવાની તો કોઈ ગ્રુપને સ્પોર્ટ્સ માટે વ્યવસ્થાઓ ગોઠવી આપવાની... વિદિશાએ એક અંગ્રેજી નાટક પસંદ તો કરી લીધું પણ તેના ડિરેક્શનની જવાબદારી સુરતના જ એક જાણીતા પારસી થિયેટરના ડિરેક્ટરને સોંપી દીધી. એ જ રીતે વિદિશાએ બજેટમાં રહીને ડાન્સ માટે કોરિયોગ્રાફર અને મ્યુઝિક, ગાયન અને સ્પોર્ટ્સ માટે ટ્રેઇનરોની વ્યવસ્થા ગોઠવી દીધી.

સ્ટુડન્ટોનો ટેમ્પો તૂટી ના જાય એ માટે વિદિશાએ એક ચાવી શોધી કાઢી હતી. પ્રેક્ટિસ દરમિયાન થોડી થોડી વારે ચા-નાસ્તા આવ્યાં કરતાં હતાં અને રોજ છૂટા પડતાં પહેલાં સૌએ ભેગા મળીને કાં તો બે-ચાર ગીતો ગાવાનાં અથવા ડાન્સ કરવાના!... ભલે એ કોમ્પિટિશનના ભાગ રૂપે હોય કે ના હોય!

માહોલ જબરદસ્ત જામી ગયો હતો. ટ્રેનની ટિકિટો બુક થઈ ગઈ હતી. કૉલેજના ફેસબુક પેજ ઉપર તૈયારીઓના ફોટોગ્રાફ્સ અને વિડિયોઝ પોસ્ટ થઈ ચૂક્યા હતા. 'ઓલ ધ બેસ્ટ'ના મેસેજોની માત્ર વર્ષા જ નહીં, ગર્જનાઓ થઈ રહી હતી. ત્યાં બિલકુલ દિલ્હી જવાના આગલા દિવસે મિસિસ પંડ્યાએ સૌને ભેગાં કરીને એનાઉન્સમેન્ટ કર્યું:

'જુઓ, મને છેલ્લા બે દિવસથી કરોડરજ્જુના મણકામાં સખત પેઇન ઊપડ્યું છે. ડૉક્ટરે મને ટ્રાવેલ કરવાની ના પાડી છે. એટલે ફેકલ્ટી તરીકે હું તમારી સાથે આવી શકીશ નહીં... પણ મારે બદલે તમારી સાથે વિદિશા મૅડમ આવશે!'

'હુર્રેર્રેર્રે...' છોકરાઓએ તાળીઓ વગાડી નાખી.

'પ્રોબ્લેમ એક જ છે...' મિસિસ પંડ્યાએ બધાને શાંત પાડતાં કહ્યું, 'મારી જગ્યાએ વિદિશા મૅડમ જઈ તો શકે, પણ મારી ઉંમર 52 છે અને વિદિશાની 25... તો એ રેલવેમાં નહીં જઈ શકે.'

'કેમ નહીં?' મેહુલે તરત જ કહ્યું, 'જુઓ, શીતલ શાહ નામની એક સ્ટુડન્ટ આમ પણ આવી શકવાની નથી. તો એની જગાએ વિદિશા મૅડમ કેમ ના આવી શકે?'

'પણ આઇ-કાર્ડ, આધાર કાર્ડ-'

મિસિસ પંડ્યાની વાતને અધવચ્ચેથી કાપતાં મેહુલે ચપટી વગાડી 'મૅડમ, ટ્રેનમાં તો સ્ટુડન્ટ આઇ-કાર્ડ પણ ચાલશે ને? વિદિશા મૅડમ શીતલ બનીને અમારી સાથે આવશે!'

'યેસ! યેસ! ગ્રેટ આઇડિયા!' વિદિશા આનાકાની કરે એ પહેલાં તો છોકરીઓએ કલબલાટ કરી મૂક્યો 'કમ ઓન મૅડમ! ના નહીં પાડતાં! બહુ મઝા આવશે તમારી જોડે!'

વિદિશાને ના પાડવાનો કોઈ ચાન્સ જ ના મળ્યો, અને સળંગ છ દિવસનું વેકેશન એની મેળે ગોઠવાઈ ગયું. મનમાં વિદિશાને થયું 'જોયું? ઉર્વી ગમ્મતમાં જે કહેતી હતી એ વાત સાચી પડી. વેકેશન સામે ચાલીને આવી ગયું...'



મુંબઈથી દિલ્હી જતી ટ્રેન સુરતના પ્લેટફોર્મ ઉપર લગભગ બે વાગે ઊપડતી હતી. ઉર્વી વિદિશાને ટ્રેન પર મૂકવા આવી હતી, પણ એને એક વાતની સખત નવાઈ લાગી. 'વિદિશા, આ બધા સ્ટુડન્ટો તને શીતલ-શીતલ કહીને કેમ બોલાવે છે?'

વિદિશા હસવા લાગી. 'પાંચ-દિવસ માટે મારું નામ શીતલ શાહ છે! પાછી આવીને તને આખી સ્ટોરી કહું છું. અહીં કહેવા જઈશ અને કોઈ ટીસી સાંભળી જશે તો ભારે થશે!'

ઉર્વીએ સામી આંખ મિચકારી. 'ઓકે, તારા આ શીતલ અવતારને મારા આશીર્વાદ છે!'

સૌનો સામાન ગોઠવાઈ ગયો પછી છોકરાઓનો શોરબકોર અને છોકરીઓનો કલબલાટ થંભી ગયો. ટ્રેન

ઊપડી કે તરત બધાં પોતપોતાનો મોબાઇલ કાઢીને કાનમાં ઇયર પ્લગ્સ ભરાવીને બેસી ગયાં. શીતલ ઉર્ફે વિદિશાને આ જોઈને જબરી દાઝ ચડી. એણે ઊંચા અવાજે બધાને કહ્યું: 'લિસન એવરીબડી, જો તમે ઇચ્છતા હો કે હું તમારી સાથે આવું તો મારી એક શરત છે... જ્યાં સુધી બધાને ઊંઘ ન આવે ત્યાં સુધી કોઈએ કાનમાં વાયરો ખોસવાના નથી!'


'તો કરવાનું શું શીતલ શાહ?' મેહુલે પૂછ્યું.

જવાબમાં વિદિશાએ મેહુલના ખભે ભરાવેલું ગિટાર બતાડીને કહ્યું 'આ શેના માટે છે? અંતાક્ષરી માટે!'

બસ, ટ્રેનની એ પંદર સીટો થોડી જ મિનિટોમાં અંતાક્ષરીના રણમેદાનમાં ફેરવાઈ ગઈ. જોકે અંતાક્ષરી તો લાંબું ન ટકી પણ પછી ગાયનોની રમઝટ ચાલુ થઈ ગઈ. વિદિશા બારીની બહાર ઢળતી સાંજને જોઈ રહી હતી. એના મનમાં એક જૂનું ગીત રમી રહ્યું હતું: 'કુછ દિલ ને કહા?... કુછ ભી નહીં...'



પુસ્તક પરિચય



પળે પળે રહસ્ય સર્જતી રોમાંચક કથા

ઇંગ્લેન્ડના ડેવોન કિનારા પર આવેલો સૉલ્જર ટાપુ... ટાપુ પરનો આલિશાન છતાં નિર્જન બંગલો!

એ ટાપુ પર દસ વ્યક્તિઓને ભેગા કોણે કર્યા? શા માટે?

ડિનર સમયે ગ્રામોફોનમાંથી આવતો ભેદી અવાજ સૌના હોશ કેમ ઉડાડે છે?

દરેક વ્યક્તિના રૂમની દીવાલ પર લગાડેલા એકસરખાં જોડકણાં શેનો સંકેત છે?

પળે પળે તમારો શ્વાસ અધ્ધર થઈ જાય એ રીતે એક પછી એક થતા Crime અને રૂંવાડાં ખડા કરી દેતા સસ્પેન્સથી ભરપૂર આ થ્રિલર વાંચતાં તમને ચોક્કસ લાગશે કે તમે હોલિવૂડનું મૂવી જોઈ રહ્યા છે!

રહસ્યકથાઓની દુનિયામાં Queen of Crime તરીકે ઓળખાતાં અગાથા ક્રિસ્ટીએ, કરોડો વાચકોને તેમની સ્ટોરીટેલિંગ સ્ટાઇલના દીવાના બનાવી દીધા છે!


અગાથા ક્રિસ્ટીની માસ્ટરપીસ કથા.– સ્પેક્ટેટર

રહસ્યોનાં રોમાંચક જાળા ગૂંથતી અદ્‌ભુત કથા. – ઓબ્ઝર્વર

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા

અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય




ઝંઝાવાત સામે ઝઝૂમતા દીવાની પ્રેરણાત્મક કથા

આ એક એવી કથા છે, જેમાં સોળ વર્ષનો યુવાન પાઈ પટેલ - પૅસેફિક મહાસાગરમાં અણધાર્યા સંજોગો જેમાં તૂટેલી લાઇફબોટ, અપંગ ઝીબ્રા, ઝરખ, ઉરાંગ-ઉટાંગ અને 200 કિલોના વાઘ સાથે જીવન માટે ઝઝૂમી રહ્યો છે.

સાહસ અને દોસ્તીની આ દિલધડક કથા Life of PI તમને નવી જ દિશા ચીંધશે, પાઈ પટેલના જીવનમાં આપનું સ્વાગત છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



''ફરીથી હિન્દુસ્તાન એક થઈ જશે. પાકિસ્તાનનું અસ્તિત્વ મટી જશે. આમ પણ આજે નહીં તો કાલે એણે મહાન હિન્દુસ્તાનના સપનાને સાકાર કરવા પોતાના કૃત્રિમ અસ્તિત્વને વિલીન કરવું જ પડશે અને કોઈપણ ભોગે એવું થઈને રહેશે.''

"મને એ નથી સમજાતું કે હું કેવીભૂલ કરી બેટો અને એક મજબૂત દેશના ભાગલા પડાવી દીધા. દેશ ક્યારેય કોઈ એક જ કોમનો હોતો નથી. દેશ તો એ બધાનો છે, જેમણે એ ધરતી પર જન્મ લીધો હોય અને ઉછર્યા હોય.

"આમ જુઓ તો હું પણ ક્યાં મુસલમાન છું. કદી મસ્જિદમાં નથી જતો કે ન હું રોજા રાખું છું કે કુરાન વાંચું છું. ખરેખર તો હિંદુસ્તાનના મોટાભાગના મુસલમાનો મારા જેવા છે, જે પહેલાં હિંદુ હતા. એ નહીં તો એમના દાદા-પરદાદા હિંદુ હતા. હિંદું ધર્મના આડંબર, જૂનવાણી વિચારો, કડક નિયમો, ઉપેક્ષા અને જ્ઞાતિ બહાર કરી દેવાની કાર્યવાહી વગેરેએ, એ હિંદુઓને ધર્મ છોડવા મજબૂર કર્યા હતા."

ગુજરાતના પનોતા પુત્ર અને પાકિસ્તાનના જનક મોહમ્મદ અલી જિન્નાને ઓળખવામાં તમે થાપ તો નથી ખાધીને? જિન્નાના હૃદયમાં ધબકતા અખંડ રાષ્ટ્રપ્રેમની અને પ્રસંગે પ્રસંગે જિન્નાના વ્યક્તિત્વની કેટલીય અજાણી વાતોનો પર્દાફાશ કરતી આ રોમાંચક નવલકથા તમને સતત જકડી રાખશે!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...





દિલ્હી જતી ટ્રેનના ડબ્બામાં પહેલા અંતાક્ષરીની રમઝટ જામી. પછી ફિલ્મી ગાયનો ગવાઈ રહ્યાં હતાં. મેહુલના હાથમાં ગિટાર હતી. તે એક પછી એક મધુરાં ગાયનો છેડી રહ્યો હતો. બાકીના સ્ટુડન્ટો તેમાં સાથ પુરાવી રહ્યા હતા.

આ તરફ ડબ્બાની સામેના છેડાની બારીમાંથી વિદિશા ઢળતી સાંજના રંગોને જોઈ રહી હતી. એના મનમાં એક જૂનું ગીત રમી રહ્યું હતુંઃ 'કુછ દિલને કહા?... કુછ ભી નહીં...'

બસ, દિલની આ જ તકલીફ હોય છે. એ કંઈ કહે છે ત્યારે આપણે સાંભળતા નથી અને જ્યારે આપણે દિલની વાત સાંભળવા માગતા હોઈએ છીએ ત્યારે દિલ ખાસ કંઈ કહેતું નથી. વિદિશાના મનમાં ગીતની આગળની પંક્તિઓ ગુંજી રહીઃ 'કુછ દિલને સુના?... કુછ ભી નહીં...' જુઓને, દિલ કંઈ સાંભળતું પણ નથી! 'કુછ ઐસે ભી બાતેં હોતી હૈં, કુછ ઐસી ભી બાતેં હોતી હૈં...' વિદિશાએ હળવા સ્મિત સાથે નિઃશ્વાસ નાખ્યો.



શું મેહુલ વિદિશાના દિલમાં અભિજાતની જગા લઈ રહ્યો હતો? આ સવાલ તો ક્યારે, ક્યાં ઓગળી ગયો તેની ખબર જ ના પડી. દિલ્હી યુનિવર્સિટીના યૂથ ફેસ્ટિવલમાં જાણે ધમાલ-મસ્તી, ટેલેન્ટ અને હંગામાનો કુંભમેળો જામ્યો હતો. ડઝનબંધ છોકરા-છોકરીઓનાં સેંકડો ઝૂમખાં ચારે બાજુ ફેલાયેલાં હતાં. ક્યાંક ધીંગામસ્તી ચાલી રહી હતી તો ક્યાંક કોમ્પિટિશનોની તૈયારી...

અહીં સવારથી લઈને છેક મોડી રાત સુધી ઇવેન્ટો જ ઇવેન્ટો હતી. કઈ કોમ્પિટિશન ક્યાં થવાની છે એનાં વેન્યુ અને ટાઇમના ચાર્ટ મોબાઇલોમાં પહોંચી ચૂક્યાં હતાં. શું જોવું અને શું ના જોવું!

'સાંભળો... આપણે અહીં સ્પર્ધાઓમાં ભાગ લેવા આવ્યા છીએ, ઓડિયન્સ તરીકે નહીં!' એવું શીતલ શાહ ઉર્ફે વિદિશા મૅડમે બધાને યાદ દેવડાવવું પડ્યું!

યુથ ફેસ્ટિવલમાં એમની કૉલેજના ભાગે આવેલી સૌથી પહેલી સ્પર્ધામાં જ ધબડકો થયો. ઇંગ્લિશ ડ્રામાની કોમ્પિટિશનમાં બે છોકરાઓ સ્ટેજ ઉપર જ ડાયલોગ્સ ભૂલી ગયા! એમાં વળી એક અસલી સુરતીમાં બોલી ઊઠ્યો. 'બેનની જાટ મારું, ડાયલોગ ભૂલી ગિયો કે હું?' ઓડિયન્સમાં હસાહસ ફાટી નીકળી. સીટીઓ વાગી. છોકરાઓ વધારે નર્વસ થયા એમાં બધું જ ભૂલી ગયા! હુરિયો બોલાયો...

'મૅડમ, એમાં મેં હું કરું? આણે જ ક્યુ નીં આઇપો!' 'રેવા ડે, રેવા ડે, તારી જ બટ્ટી ગૂલ થેઇ ગેલી!...' લડમઝગડી ચાલી. વિદિશાએ માંડમાંડ બધાને શાંત પાડ્યાં. 'થઈ ગયું તે થઈ ગયું. નાવ કોન્સન્ટ્રેટ ઓન નેક્સ્ટ ઇવેન્ટ્સ...'

પરંતુ એમાંય ધબડકા થયા. ગ્રૂપ ડાન્સમાં એક છોકરી બે સ્ટેપ ભૂલી ગઈ એમાં ચાર છોકરીઓ સ્ટેજ ઉપર એકબીજા સાથે અથડાઈ પડી! વક્તૃત્વ સ્પર્ધામાં એક છોકરો કડકડાટ ગોખેલું બોલી રહ્યો હતો એવામાં કોઈએ હોલમાં મોટા અવાજે ફુગ્ગો ફોડ્યો! બસ, એ પછી બધું ગોખેલું હવામાં ઊડી ગયું... સાંજ સુધીમાં એક ઇનામ તો ના મળ્યું, ઊલટું, અડધો અડધ લોકો 'ઓળખતા' થઈ ગયા કે આ પેલા સુરતવાળા!

સાંજે બધાનાં મોં ઊતરી ગયાં હતાં. વિદિશાએ કહ્યું 'કમ ઓન યાર! આપણે હારીશું તો જ કોઈ જીતશે ને? એ બધું છોડો. રોજની પ્રેક્ટિસ મુજબ આપણે રાત્રે જમીને છૂટાં પડતાં પહેલાં ભેગા મળીને બે ગાયનો ગાઇશું અને બે ડાન્સ! ધેટ્સ એન ઓર્ડર, ઓકે?'



રાત્રે જમ્યા પછી કેમ્પસનો માહોલ અલગ હતો. ડિસેમ્બરની ગુલાબી ઠંડીમાં ઠેકઠેકાણે નાનાં નાનાં તાપણાં (BON-FIRE) કરવામાં આવ્યાં હતાં. યુવક યુવતીઓ તેની આસપાસ નાનાં-મોટાં ઝૂમખામાં ગોઠવાઈ ગયાં હતાં. ક્યાંક ગિટાર, ઢોલક, ખંજરીની ધૂન પર ગીતો ગવાઈ રહ્યાં હતાં તો ક્યાંક ડ્રમ સેટ અને કી-બોર્ડ ઓર્ગનના મ્યુઝિકમાં ડાન્સ ચાલી રહ્યા હતા. વિદિશાની કૉલેજના સ્ટુડન્ટો જુદા જુદા બોન-ફાયરની આસપાસ ગોઠવાઈ ગયા.

મેહુલ અને વિદિશા પણ એક તાપણા પાસે પહોંચ્યાં. અહીં ફિલ્મી અને નોન-ફિલ્મી ગાયનો ગવાઈ રહ્યાં હતાં. વચમાં એક ચાન્સ જોઈને મેહુલે પોતાની ગિટારના તાલ ઉપર એક ગાયન છેડ્યું. એની અદા જોઈને બે ત્રણ છોકરીઓ એની આસપાસ ગોઠવાઈ ગઈ!

ગાયન પૂરું કરીને મેહુલે અચાનક વિદિશા તરફ હાથ કરતાં કહ્યું 'શી ઇઝ ઓલ્સો અ વેરી ગુડ સિંગર...'

શીતલ ઉર્ફે વિદિશા અચાનક આવેલી ચેલેન્જથી જરા ડઘાઈ ગઈ પણ મેહુલની નજરોમાં દેખાતું સ્વીટ ઇન્વીટેશન તેણે સ્વીકારી લીધું. એ મેહુલની ગિટારનો તાલ મિલાવતાં તેણે એક ગીત શરૂ કર્યું ત્યાં તો બે ત્રણ હેન્ડસમ છોકરાઓ એની આજુબાજુ આવીને ગોઠવાઈ ગયા!

મહેફિલ મોડી રાત લગી ચાલતી રહી. અહીં કોઈ સ્પર્ધા નહોતી. બસ, વાતાવરણમાં યંગ દિલોના એકબીજા સાથેના વાઇબ્રેશન્સની હળવી ઇલેક્ટ્રિક ધ્રુજારી હતી.



રાત્રે દિલ્હી યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલના રૂમમાં સૂતાં પહેલાં વિદિશા બારી પાસે જઈને ઊભી રહી. રાતના બે વાગી ચૂક્યા હતા. પંદરેક ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો કેમ્પસ અત્યારે કોઈ શાંત ઋષિ-મુનિનું મૌન ધારણ કરીને સ્થિર બેઠો હતો.

વિદિશાને થયું ક્યાંથી ક્યાં પહોંચી ગઈ, હું? હજી થોડા મહિના પહેલાં અભિજાતની વિદાયનો ખાલીપો તેને કોઈ પથ્થરના ખડક જેવો ભારે લાગતો હતો. અને આજે? ચારેબાજુ નકરી હળવાશ છે! મન પતંગિયું બનીને અહીંથી તહીં વહેતી ઠંડી હવાઓની લહેરમાં વહી રહ્યું છે. પણ એ મન કઈ તરફ વહી રહ્યું છે? મેહુલની તરફ? એના તરફથી તો પ્રેમનો એક ઉઘાડો અણસાર સુધ્ધાં મળ્યો નથી...

વિદિશાને ક્યાંય લગી અભિજાતનાં અટ્ટહાસ્યો અને તોફાનો સતાવતાં રહ્યાં. દિલને એ સાંભળ્યા કરવાનું પણ ગમતું હતું. વિદિશા ઓલમોસ્ટ બોલી ઊઠી: 'અભિજાત, લિસન ટુ દિલ, એટલે શું?'



સવારે 'ઇવેન્ટ્સ એરેના' પર પહોંચતાની સાથે જ મેહુલે આવીને કહ્યું 'મૅડમ! તૈયાર થઈ જાઓ! શીતલ શાહે ઓન-ધ-સ્પોટ સિંગિંગ કોમ્પિટિશનમાં ભાગ લીધો છે!'

'ક્યારે?' વિદિશા ચોંકી. 'શીતલનું નામ એમાં હતું જ નહીં!'

મેહુલ હસવા લાગ્યો. 'નહોતું... પણ હું હમણાં જ લખાવીને આવ્યો છું! કાલે રાત્રે તમને ગાતાં સાંભળ્યાંને, એટલે!'

વિદિશા નર્વસ થઈ ગઈ પણ મેહુલ પાછળ પડી ગયો. 'મૅડમ, ચાલે જ નહીં! કૉલેજની ઇજ્જતનો સવાલ છે.'

'પણ-'

'પણ બણ કંઈ નહીં બધા સ્ટુડન્ટોની ઇચ્છા છે તમને સ્ટેજ ઉપરથી સાંભળવાની...'

વિદિશા માટે હવે ના પાડવી ઇમ્પોસિબલ હતી. સ્પર્ધાનું ફોર્મેટ એવું હતું કે તમારો નંબર આવવાનો હોય તેની પાંચ-સાત મિનિટ પહેલાં તમારે એક ચિઠ્ઠી ઉપાડવાની. એમાં જે ગીત લખ્યું હોય તે સ્ટેજ ઉપરથી રજૂ કરવાનું. ઓડિટોરિયમની પાછળના ભાગે થોડું રિહર્સલ કરવાની છૂટ હતી.

વિદિશાનો વારો આવ્યો અને જે ગીત ચિઠ્ઠીમાં ખૂલ્યું તે હતું 'તેરે બિના જીયા જાયે ના...'

'આ વળી કયું ગાયન?' મેહુલ માથું ખંજવાળવા લાગ્યો કારણ કે ગિટાર ઉપર તેણે જ સાથ આપવાનો હતો. વિદિશાએ એના માથે ટપલી મારતાં કહ્યું: 'ઘરનું ગાયન છે ભૂલી ગયો?'

'કોના ઘરનું? મારા કે તમારા?'

મેહુલનું ગૂંચવાયેલું મોં જોઈને વિદિશા હસી પડી. 'આરડી બર્મનનું કંપોઝિશન છે. યુ-ટ્યૂબ ઉપર ફટાફટ એકવાર જોઈ લે, વાંધો નહીં આવે.'

'મૅડમ, હું એટલો પણ બાઘો નથી, હોં? તમે જરા ગાઓને, તરત યાદ આવી જશે...'

મેહુલે ગિટારના તાર ઉપર આંગળીઓ ગોઠવી. વિદિશાએ ગાવાનું શરૂ કર્યું કે તરત મેહુલે ગીતની રિધમ પકડી લીધી. તેણે નેટ ઉપરથી ગીતના શબ્દો પણ ડાઉનલોડ કરી લીધા. હજી એક અંતરા જેટલું રિહર્સલ માંડ પત્યું ત્યાં તો વિદિશાનું નામ એનાઉન્સ થઈ ગયું. 'નેક્સ્ટ કોન્ટેસ્ટન્ટ ઇઝ શીતલ શાહ, ફ્રોમ સુરત...'

માઇકને સહેજ એડજસ્ટ કરીને વિદિશાએ મેહુલ સામે જોયું. મેહુલે ગિટાર ઉપર રિધમ સ્ટાર્ટ કરી. વિદિશાએ સામો સૂર પકડીને શરૂ કર્યું.

'તેરે બિના જિયા જાયે ના... બિન તેરે, તેરે બિન... સાંસો મેં સાંસ આયે ના...'

કોણ જાણે કેમ, ગીતના શબ્દોની સાથે સાથે જ વિદિશાને અભિજાતનો ચહેરો દેખાવા લાગ્યો! તેનો અવાજ ભીનો થઈ ગયો. થોડી ક્ષણો માટે લાગ્યું કે આખું ઓડિટોરિયમ ખાલી છે અને માત્ર અભિજાતનો ચહેરો એમાં તરી રહ્યો છે. ગીતમાં અંતરાના શબ્દો શરૂ થતાં તો વિદિશાની આંખોમાંથી આંસુ સરી રહ્યાં હતાં:

'જબ ભી ખયાલોં મેં તૂ આયે, મેરે બદન સે ખુશબુ આયે... મહકે બદન મેં... રહા જાયે ના...'

વિદિશા આંસુઓની પરવા કર્યા વિના ગાતી ગઈ. તેના સૂરોની સાથે તેનું દર્દ એકાકાર થઈને વહી રહ્યું હતું. ગીત જ્યારે પૂરું થયું ત્યારે આખું ઓડિટોરિયમ તાળીઓથી ગુંજી ઊઠ્યું. વિદિશા સ્ટેજ ઉપરથી ઊતરીને બહાર જતી રહી ત્યાં સુધી તાળીઓ ગુંજતી રહી.

મેહુલને અણસાર આવી ગયો કે મૅડમ કોઈ વાત ઉપર ગાતાં ગાતાં ઇમોશનલ થઈ ગયાં હતાં એટલે તે વિદિશાની પાછળ ના ગયો. વિદિશા કેમ્પસમાં એક વડલાના ઝાડની નીચે ક્યાંય લગી બેસી રહી. તેને સમજાતું નહોતું કે અચાનક આ શું થઈ ગયું?

આશરે એકાદ કલાક પછી વિદિશા સ્ટુડન્ટોના ચિત્કારોથી ઝબકી ઊઠી. 'શીતલ શાહ... ઝિન્દાબાદ! શીતલ શાહ... ઝિન્દાબાદ!'

વિદિશાને કંઈ સમજાયું નહીં. મેહુલે મોબાઇલમાં બતાડીને કહ્યું 'ઓન-ધ-સ્પોટ સિન્ગિંગ કોમ્પિટિશનમાં શીતલ શાહને બીજું ઇનામ મળ્યું છે! હુર્રેર્રેર્રે...'

એ પછી જાણે ચમત્કાર થયો હોય એમ સુરતની કૉલેજને ઇનામો મળવા માંડ્યાં... કોલાઝ કોમ્પિટિશનમાં

થર્ડ પ્રાઇઝ, રંગોળી સ્પર્ધામાં ફર્સ્ટ પ્રાઇઝ, પોસ્ટર ડિઝાઇનમાં બબ્બે ઇનામ... સેકન્ડ અને કોન્સોલેશન... બેડમિન્ટન ડબલ્સમાં સેમિ ફાઇનલમાં... છોકરીઓ કહેતી હતી, 'મૅડમ, જોયું? તમે લકી છો! તમે કોન્ટેસ્ટમાં ભાગ લીધો કે તરત પ્રાઇસીસ મળવા માંડ્યા!'

છોકરાઓનો પ્લાન જુદો હતો. 'મૅડમ, અહીં કેમ્પસની બહાર કલાકના ધોરણે સ્કૂટીઓ ભાડે મળે છે. તો અમે લોકો જરા દિલ્હીની નાઇટ-લાઇફ એન્જોય કરવા જઈએ? યુ નો, ડિસ્કો વગેરે...'

'નોટ ટુ-નાઇટ, પ્લીઝ.' વિદિશાએ કહ્યું. 'કાલે ફેસ્ટિવલનો લાસ્ટ ડે છે. ટ્રાય ટુ વિન એઝ મેની પ્રાઇસીસ એઝ પોસિબલ. પછી પરમ દિવસે છેક સાંજે આપણી ટ્રેન ઊપડે છે એટલે કાલની રાત ભટકી ખાશો તો ચાલશે... ફક્ત એક પ્રોમિસ આપો, દારૂ પીને ટલ્લી ના થઈ જતા!'

'પ્રોમિસ મૅડમ પ્રોમિસ!' છોકરાઓ સાથે છોકરીઓએ પણ પ્રોમિસ આપી દીધાં...



ફેસ્ટિવલનો ત્રીજો દિવસ પણ સારો રહ્યો. સાંજ સુધીમાં બીજાં છ-સાત ઇનામો મળ્યાં. ડિનર પછી છોકરાઓ-છોકરીઓમાં કઈ નાઇટ-ક્લબમાં જવું તેનું જોર-શોરથી ડિસ્કશન ચાલી રહ્યું હતું. ત્યાં વિદિશાએ મેહુલને બોલાવ્યો.

'મેહુલ, નેશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં આજે રાત્રે શેક્સપિયરના હેમ્લેટ નાટકનું કંઈ નવી રીતનું એડોપ્ટેશન ભજવાઇ રહ્યું છે. મારે એ જોવું છે. તું મને કંપની આપીશ?'

'યસ મૅડમ, શ્યૉર!' તરવરાટથી ઊછળી રહેલો મેહુલ અચાનક ડાહ્યાડમરા સ્ટુડન્ટ જેવો બની ગયો.

રાત્રે કેમ્પસની બહાર ભાડેથી મળતું સ્કૂટી લઈને બંને નીકળ્યાં ત્યારે મેહુલે સ્ટાર્ટ કરતાં પહેલાં કહ્યું, 'મૅડમ, સ્કૂટીની બ્રેક ચેક કરવા માટે એકાદ બે ઝટકા વાગશે હોં! પછી કહેતા નહીં કે મેં કોઈ જોડે શરત લગાડી હતી!'

વિદિશાએ મેહુલના બરડે ધબ્બો માર્યો 'શટ અપ, દોઢડાહ્યા!'



NSDમાં જ્યારે નાટક પૂરું થયું ત્યારે દોઢ વાગી ગયો. જાપાની કલાકારોએ ત્યાંની 'કાબૂકી' નાટ્યશૈલીમાં રૂપાંતર કર્યું હતું એટલે અડધું તો સમજાતું પણ નહોતું. મેહુલ તો શરૂઆતથી જ ઝોકાં ખાવા લાગ્યો હતો. ઇન્ટરવલ પછી તો તે રીતસર ઊંઘી જ ગયો.

'ઊઠ મેહુલ...'

નાટક પત્યું ત્યારે મોટું બગાસું ખાઈને વિદિશાએ મેહુલને જગાડવો પડ્યો. NSDની બહાર નીકળ્યાં ત્યારે દિલ્હીની પહોળી, ચળકતી, લીસ્સી સડકો ઉપર સન્નાટો છવાઈ ચૂક્યો હતો.

'તને રસ્તો તો યાદ છે ને?'

વિદિશાને પાછલી સીટ પર બેઠાં બેઠાં ઊંઘ ચડી રહી હતી. મેહુલે કહ્યું, 'યાદ રાખવાની જરૂર જ ક્યાં છે? ગૂગલમાં લોકેશન નાખી દીધું છે... દિલ્હી યુનિવર્સિટી...'

પરંતુ એ મેહુલની બહુ મોટી ભૂલ હતી.


દિલ્હી યુનિવર્સિટી તરીકે ઓળખાતી એ જગ્યાનું સાચું નામ 'યુનિવર્સિટી ઑફ દિલ્હી' છે. જ્યારે ગૂગલ તેમને કોઈ ભળતી જ 'દિલ્હી યુનિવર્સિટી'નો રસ્તો બતાડી રહ્યું હતું. પાછળ બેઠેલી વિદિશા ઘસઘસાટ ઊંઘે ચડી હતી. આગળ સ્કૂટી ચલાવી રહેલા મેહુલને દિલ્હીના અજાણ્યા રસ્તાઓમાં કંઈક લોચો હોવાની શંકા પડી રહી હતી ત્યાં જ તેણે પાછળથી આવતા ચાર મોટરસાઇકલોની પાવરફુલ ઘરઘરાટી સાંભળી. સાથે નફ્ફટ અવાજો પણ સંભળાયા:

‘કુડી અકેલી હૈ, ઔર મુંડા મામુ લગતા હૈ! ચલ, પકડ લેતે હૈ...’

મેહુલનું સ્ટિયરિંગ ધ્રૂજી ગયું! તેની પીઠ પર માથું ટેકવીને ઘસઘસાટ ઊંઘી રહેલી વિદિશા આવનારી દુર્ઘટનાથી સાવ બેખબર હતી...



પુસ્તક પરિચય



લગ્નસંબંધને ધીરે ધીરે
વાસી થઈ જવાની કુટેવ હોય છે.
જીવનનો આનંદ શેમાં છે,
મૈત્રીશૂન્ય લગ્નમાં કે પછી
લગ્નશૂન્ય મૈત્રીમાં?
જવાબ ઝટ જડતો નથી.
આ નવલકથા જવાબ લઈને નથી આવી.
એ વિચારક્રાંતિ લઈને આવી છે.
એમાં નવી પેઢીનાં અરમાનોનું મેઘધનુષ રચાયું છે.

પુસ્તક પરિચય



રહસ્ય, રોમાંચ અને ઉત્તેજનાની Supre Fast કથા


એ રાત્રે બરફના વાવાઝોડાને કારણે વિખ્યાત Orient Express ટ્રેને અટકવું પડે છે. બીજા દિવસની વહેલી સવારે ઉદ્યોગપતિ રાટચેટનું, અસંખ્ય ઘાથી પીંખાઈ ગયેલું શબ, અંદરથી લૉક થઈ ગયેલા કમ્પાર્ટમૅન્ટમાંથી મળી આવે છે. જો ખૂન થયું છે તો ખૂની હોય જ! ટ્રેનમાં મુસાફરી કરી રહેલાઓમાંથી જ કોઈ ખૂની હોવું જોઈએ. કોણ છે એ ખૂની? શું ડિટેક્ટિવ હરક્યુલ પોઈરો એને શોધી શકશે?

પળે પળે તમારો શ્વાસ અધ્ધર થઈ જાય એ રીતે ગૂંથાતી અને રૂંવાડાં ખડાં કરી દેતા સસ્પેન્સથી ભરપૂર આ થ્રિલર વાંચતાં તમને ચોક્કસ લાગશે કે તમે હૉલિવુડનું મૂવી જોઈ રહ્યા છો!

રહસ્યકથાઓની દુનિયામાં Queen of Crime તરીકે ઓળખાતાં અગાથા ક્રિસ્ટીએ કરોડો વાચકોને તેમની સ્ટોરીટેલિંગ સ્ટાઇલના દીવાના બનાવી દીધા છે!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



સત્યઘટના પર આધારિત પ્રેરણાત્મક કથા

આઝાદી અને સ્વમાન દરેક વ્યક્તિના જીવનનો ઑક્સિજન હોય છે અને જ્યારે એક રાષ્ટ્રના આઝાદી અને સ્વમાનની વાત હોય ત્યારે કરોડોમાંથી એક જ વ્યક્તિ સ્વતંત્રતાની મશાલ લઈને ચાલવાની તાકાત ધરાવતી હોય છે.

આ નવલકથા પોલાદી હૈયું ધરાવતી એક એવી મહિલાની છે જેણે પોતાના દેશ બર્માને સ્વાતંત્ર્યના સૂરજની ભેટ ધરી દેશના નવા ભાગ્યનું નિર્માણ કર્યું! પોતાના રાષ્ટ્રને લોકશાહીના નક્શામાંથી સ્વમાનભેર ભૂંસાતું બચાવી લેવા માટે સૂ ક્યીએ પોતાનું સમસ્ત જીવન સમર્પિત કર્યું છે.

The Daughter of Burma નામે લોકપ્રિય બની ગયેલી, બર્માની આ બેટીની સંઘર્ષમય જિંદગી માટે એટલું જ કહી શકાય કે : નિર્બલ સે લડાઈ બલવાન કી, યે કહાની હૈ, દિયે કી ઔર તૂફાન કી!

આ એક સત્ય ઘટનાત્મક કથા છે. તમે આ પુસ્તક વાંચવાનું શરૂ કરશો એની બીજી સેકન્ડે સ્થળ, સમય અને સંજોગો ભૂલીને સૂ ક્યીના ઝંઝાવાતી રાજકીય જીવનમાં કઈ ઘડીએ પ્રવેશી ગયા હશો એનો તમને અણસાર પણ નહીં આવે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



મેહુલનું સ્ટિયરિંગ ધ્રૂજી ગયું! તેની પીઠ ઉપર માથું ટેકવીને ઘસઘસાટ ઊંઘી રહેલી વિદિશા આવનારી દુર્ઘટનાથી સાવ બેખબર હતી...

સ્કૂટી ચલાવી રહેલા મેહુલને દિલ્હીના રસ્તાઓમાં કંઈક લોચો હોવાની શંકા પડી રહી હતી ત્યાં જ તેણે પાછળથી આવી રહેલી ચાર મોટરસાઇકલોની ઘરઘરાટી સાંભળી. સાથે નફ્ફટ અવાજો પણ સંભળાયાઃ 'કુડી અકેલી હૈ, ઔર મુંડા મામુ લગતા હૈ! ચલ, પકડ લેતે હૈ...'

મેહુલ સમજી ગયો કે આ અજાણ્યા શહેરમાં રાતના બે વાગે તેને અને વિદિશાને બચાવવા કોઈ આવવાનું નથી. તેણે સ્કૂટીની સ્પીડ વધારી પણ થોડી જ મિનિટોમાં ધમધમાટી બોલાવતી ચાર બાઇકો તેની લગોલગ પહોંચી ગઈ. આટલી ઠંડી હોવા છતાં મેહુલની હથેળીમાં પરસેવો વળી ગયો! હવે કરવું શું? આઠ આઠ મુશ્ટંડાઓ સામે મારામારી કરવાની હીરોગીરી ફિલ્મોમાં જ થાય, અહીં મેહુલના હાથ મારામારી માટે નહીં, ગિટારના તાર વગાડવા માટે કેળવાયેલા હતા. વિદિશા તો હજી ઘસઘસાટ ઊંઘમાં જ હતી.

મેહુલે અચાનક સ્પીડ ધીમી કરીને એક ચાર રસ્તે જમણી બાજુ ટર્ન મારી લીધો. પેલી બાઇકો થાપ ખાઈ ગઈ... પણ થોડી જ મિનિટો માટે! મેહુલે પાછળ ફરીને જોયું કે બાઇકો તેની લગોલગ પહોંચવામાં હતી. ગભરાટથી મેહુલના હોઠ સુકાઈ રહ્યા હતા. હજી તે કંઈ નવી તરકીબ વિચારે ત્યાં તો પેલી બાઇકો બંને બાજુથી ધસી આવી. બે બાઇકોએ આગળ જઈને તેનો રસ્તો આંતરી લીધો!

હવે? સ્તબ્ધ બની ગયેલા મેહુલે તેની સ્કૂટી સાવ ધીમી કરી નાખી. પેલી બાઇકો તેની આજુબાજુ ઘુમરીઓ લેવા લાગી!

હવે આ ખેલ ઉંદર-બિલાડીની રમત જેવો બની રહ્યો હતો. મેહુલે સ્કૂટીને બ્રેક મારવાને બદલે ધીમી ગતિએ ચલાવવાનું ચાલુ રાખ્યું. ત્યાં અચાનક બિલાડીઓની ચાલ બદલાઈ ગઈ! બે-ચાર ઘુમરીઓ લીધા પછી ચારેય બાઇકો અચાનક ઘરઘરાટી બોલાવતી દૂર જતી રહી! જતાં જતાં એમાંના એક જણે ઊંચા અવાજે બૂમ પાડી 'ભાગ લે, જિતના ભાગના હૈ... દેખતે હૈં કિતની દૂર જાતા હૈ!'

બાઇકો ગાયબ થઈ ગઈ...

મેહુલ ડરથી અને ભયથી હાંફી રહ્યો હતો. ચારેબાજુ સન્નાટો હતો. આ ભાગંભાગીમાં પોતે કયે રસ્તે ક્યાં વળ્યો, ક્યાં પહોંચ્યો, તેને કશો અંદાજ નહોતો. બીજું, પેલા બાઈકવાળા કઈ ઘડીએ કઈ દિશામાંથી ફૂટી નીકળશે તે કળી શકાય તેમ નહોતું. મેહુલે યુ-ટર્ન મારીને એક પહોળા રોડ પર સ્કૂટીને જવા દીધું.

હજી પાંચેક મિનિટનો રસ્તો કાપ્યો હશે ત્યાં મેહુલને દૂર એક લાઇટના થાંભલા નીચે બાંકડા પર બેઠેલો પોલીસમેન દેખાયો! મેહુલે સ્કૂટી એ તરફ લીધું. નજીક જઈને જોયું તો હવાલદાર બેઠો બેઠો ઝોકાં ખાઈ રહ્યો હતો. મેહુલને એ જ ક્ષણે એક અવળચંડો વિચાર આવ્યો...

હળવેથી, વિદિશા મેડમ જાગી ન જાય એ રીતે તેણે ધીમે રહીને સ્કૂટી ઊભું રાખ્યું, સ્ટેન્ડ ઉપર ચડાવ્યું, અને ઝોકાં ખાતા હવાલદાર પાસે જઈને કચકચાવીને એક લાફો ઠોકી દીધો.

'એય! એય! કૌન હૈ?' હવાલદાર ઊછળ્યો. હાથમાંથી છટકી ગયેલો ડંડો ઉગામતાં તેણે ઘાંટો કાઢ્યો 'સાલા? પુલીસ કો થપ્પડ મારતા હૈ?'

'હાં, મારતા હૂં!' મેહુલ સામો થયો. 'પુલીસ હોકર લડકી કો છેડતે હુએ શરમ નહીં આતી?'

'કૌન લડકી? કૈસી લડકી?' હવાલદાર ગૂંચવાયો.

દરમિયાનમાં વિદિશા જાગી ગઈ. તેણે મેહુલ સામે જોયું. મેહુલે ઇશારાથી તેને ચૂપ રહેવા કહ્યું. તે હવાલદારને ફરી ચોંટ્યો. 'અભી તુમને ઇસ મૅડમ કા હાથ પકડા કે નહીં? પુલીસ હો કર ઐસા કામ કરતે હો?'

મેહુલે બીજો એક લાફો રસીદ કરી દીધો. હવાલદાર એવો છંછેડાયો કે તેણે મેહુલની પીઠ ઉપર બે ડંડા ઝીંકી દીધા. 'હરામખોર! મુઝ પે હાથ ઉઠાતા હૈ?'

મેહુલે સામા ધસી જઈને હવાલદારનો કોલર બે મુઠ્ઠીમાં પકડીને ખેંચવા માંડ્યો. 'હાઁ! હાથ ઉઠાયા! ઔર બાર બાર ઉઠાઉંગા! સમજતા ક્યા હૈ? લડકી પે હાથ ડાલતા હૈ?'

'ઔર તૂ મેરી વરદી પે હાથ ડાલતા હૈ?' હવાલદારે મેહુલને ધક્કો મારીને ગબડાવી દીધો અને પીઠમાં બે લાત ફટકારી. પછી એ વિદિશા તરફ વળ્યો, 'એય લડકી! યે ક્યા નાટક હૈ?'

ફૂટપાથ પર પડેલા મેહુલે ઇશારો કર્યો 'મૅડમ નાટક ચાલુ રાખો.' એ જોઈને વિદિશા બોલવા લાગી. 'કોઈ નાટક નહીં હૈ! તુમને મેરી ઇજ્જત લૂટને કી કોશિશ કી...'

હવાલદાર બે ક્ષણ માટે ડઘાઈ ગયો! પછી તેણે ફરી મેહુલને જ ઝૂડવાનું શરૂ કર્યું. મેહુલ બૂમો પાડવા લાગ્યો. 'મૅડમ! મૅડમ! પુલીસ સ્ટેશન મેં ફોન કરો! ડાયલ વન ઝીરો ઝીરો...'

'અરે તુમ ક્યા ફોન કરોગે? મૈં હી કરતા હૂં...' ધૂંધવાયેલો હવાલદાર મોબાઇલ કાઢીને નંબર ડાયલ કરવા માંડ્યો.

દરમિયાનમાં મેહુલે જોયું કે પેલા ચાર બાઇકવાળા દૂર ઊભા રહીને આ તમાશો જોઈ રહ્યા છે... એમની હેડલાઇટોની હિલચાલ જોતાં લાગ્યું કે અહીં જે ગૂંચવાડો ચાલ્યો તેમાં એમને કંઈ સમજ પડી નથી.

'અરે સા'બ કોઈ વાન ઇધર ભેજો... યહાં એક લડકા ઔર એક લડકી મુજ પે રેપ કા ઇલ્ઝામ લગા કે મેરી પિટાઇ કરને કી કોશિશ કર રહે હૈ... ઇન કો લોક-અપ મેં બંધ કરવાઓ, સર!'

વિદિશાને હજી કંઈ સમજાતું નહોતું પણ હવાલદારનો ફોન પત્યો કે તરત મેહુલ ઘેટાની જેમ નરમ થઈને બે હાથ જોડી કહેવા લાગ્યો. 'ગલતી હો ગઈ સા'બ... માફ કરો...'



અડધા કલાક પછી મેહુલ અને વિદિશા નજીકના પોલીસ સ્ટેશનમાં હતાં. તેમને વાનમાં બેસાડીને અહીં લાવનાર કોન્સ્ટેબલને ઇન્સ્પેક્ટર પૂછી રહ્યા હતા. 'ક્યા કિયા હૈ ઇન્હોને?'

'સર, કોન્સ્ટેબલ માથુરને બતાયા કિ યે લડકેને ઉસ કો દો થપ્પડ મારા, ઉપર સે રેપ કા ઇલ્ઝામ લગા રહા થા...'

ઇન્સ્પેક્ટરે અછડતી એક નજર વિદિશા અને મેહુલ તરફ નાખતાં હુકમ કર્યો 'લોક-અપ મેં ડાલો, સુબહ દેખતે હૈ...'

'એક મિનિટ સર...' મેહુલે બે હાથ જોડીને ઇન્સ્પેક્ટરને વિનંતી કરી. 'આપ કો હમારે સાથ જો કરના હૈ જરૂર કિજીયે, મગર સિર્ફ એક મિનિટ મેરી બાત સુનેંગે?'

ઇન્સ્પેક્ટરે માત્ર નજર વડે હા પાડી કે તરત મેહુલે હિન્દીમાં કહેવા માંડ્યું: 'આ મૅડમ અમારા પ્રોફેસર છે. અમે સુરતની એક કૉલેજમાંથી અહીં દિલ્હી યુનિવર્સિટીના ફેસ્ટિવલમાં ભાગ લેવા આવ્યા હતા. મૅડમને NSDમાં એક નાટક જોવાની ઇચ્છા હતી એટલે હું એમને ભાડુતી સ્કૂટી ઉપર લઈને આવ્યો હતો પણ રસ્તામાં ચાર બાઇકવાળા અમારી પાછળ પડી ગયા... જો હવાલદાર સાહેબને ફરિયાદ કરી હોત તો દસ પંદર મિનિટ માટે એ લોકો જતા રહેત, પણ જોખમ ટળે એવું લાગ્યું નહીં, એટલે મને વિચાર આવ્યો કે દિલ્હીમાં જો કોઈ સેફમાં સેફ જગ્યા હોય તો તે પોલીસ સ્ટેશન જ છે...'

ઇન્સ્પેક્ટર વેધક નજરે મેહુલની સામે જોઈ રહ્યા. 'તો? ઇસી લિયે તુમને હવાલદાર કો થપ્પડ મારા?'

મેહુલે નમ્રતાથી ગરદન ઝુકાવીને કહ્યું 'જી સર...'

ઇન્સ્પેક્ટર વિચિત્ર રીતે તેની સામે જોઈ રહ્યા. પછી બોલ્યા 'તેરે જૈસી અક્કલ દિલ્હી કે સારે લડકો મેં આ ગઈ ના, તો હમારે પુલીસ સ્ટેશન મેં હમેં બૈઠને કી ભી જગહ નહીં મિલેગી!'

વિદિશાના ચહેરા પર સ્મિત આવી ગયું. તેણે કહ્યું 'સર, એક ઔર રિક્વેસ્ટ હૈ... આયોડેક્સ કી બોટલ મિલેગી? ક્યા હૈ, કિ કોન્સ્ટેબલ સા'બ ને જો ડંડે મારે હૈ...'

ઇન્સ્પેક્ટર મોં બગાડીને કંઈક કહેવા જતા હતા ત્યાં જ વિદિશાએ સ્માઇલ કરતાં કરતાં મમરો મૂકી દીધો. 'તુમ્હી ને દર્દ દિયા હૈ, તુમ્હી દવા દેના!'

ઇન્સ્પેક્ટર ખડખડાટ હસી પડ્યા. તેમણે એક હવાલદારને આયોડેક્સ મંગાવી આપવાની સૂચના આપતાં ઉમેર્યું. 'દો કંબલ ભી દે દેના... યહાં ઠંડ બહોત હૈ!'



મેહુલ અને વિદિશાને પોલીસ સ્ટેશનમાં એક બારી પાસેનો બાંકડો બેસવા માટે આપવામાં આવ્યો. બારીમાંથી સતત ઠંડો પવન આવી રહ્યો હતો. કંબલ યાને કે ધાબળો એક જ મળ્યો. હવાલદાર સૂચના આપી ગયો. 'હાલમાં કોઈ વધારાનું વાહન હાજર નથી. કોઈ જીપ કે વાન સ્પેર થશે તો તમને યુનિવર્સિટી પહોંચાડી દઈશું.'

દરમિયાનમાં મેહુલ અને વિદિશાએ પોતપોતાના મોબાઇલ વડે બીજા સ્ટુડન્ટોને 'અમે સેફ છીએ, ડૉન્ટ વરી' એવો મેસેજ મોકલી દીધો હતો.

થોડીવારે એક હવાલદાર આયોડેક્સના બદલે 'ટાઇગર બામ' આપી ગયો. મેહુલે તેનું જેકેટ અને શર્ટ કાઢીને પીઠ ખુલ્લી કરી કે તરત વિદિશાના મોંમાંથી હળવી ચીસ નીકળી ગઈ.

મેહુલની પીઠ ઉપર ડંડાના મારને કારણે ચાર ઠેકાણે મોટા મોટા સોળ ઊપસી આવ્યા હતા.

વિદિશાનું દિલ લાગણીથી છલકાઈ ઊઠ્યું. આ છોકરાએ મારે ખાતર થઈને આટલો બધો માર ખાધો? બીજી તરફ એ વિચાર પણ આવી ગયો કે જો મેહુલે આ માર ન ખાધો હોત અને પોતે ક્યાંક પેલા બાઇકવાળાઓના સકંજામાં સપડાઇ ગઈ હોત તો તેની શી દશા થઈ હોત?

'આહ...!' વિદિશાએ આંગળીઓ વડે મેહુલની પીઠ ઉપર ટાઇગર બામ લગાડ્યો કે તરત તે એક હળવી ચીસ પાડી ઊઠ્યો.

'બહુ ચચરે છે?' વિદિશાએ પૂછ્યું. મેહુલના હોઠો ઉપર જુદી જ જાતનું સ્માઇલ આવ્યું. 'સાચું કહું? એક જૂની સડેલી જોક યાદ આવી ગઈ.'

'કઈ જોક?' વિદિશાને થયું, કઈ જાતનો છોકરો છે આ? બરડા ઉપરના સોળ ચચરે છે ત્યાં એને જોક યાદ આવે છે? મેહુલે સહેજ હસીને કહ્યું 'યાદ છે મૅડમ? મેં કીધેલું કે હવે આમાં તમારી આંગળીઓ બોળીને

મીઠાશ વધારી આપો એવો ફિલ્મી ડાયલોગ હું નહીં મારું...'

'હા, તો એનું અહીં શું છે?'

'બસ, અહીં ફરક એ છે કે આંગળીઓમાં મીઠાશ નહીં, ટાઇગર બામ છે!'



દિલ્હીથી સુરત આવી રહેલી ટ્રેન કોઈ અજાણ્યા સ્ટેશને થંભી ગઈ હતી. વિદિશાએ ઘડિયાળમાં જોયું. રાતના ત્રણ વાગી રહ્યા હતા. સેકન્ડ એસી કમ્પાર્ટમેન્ટમાં વિદિશાની સીટ બારી પાસે હતી. જાડા લીલા કાચની આરપાર રેલવે પ્લેટફોર્મની ઝાંખી લાઇટો સ્થિર બનીને તગતગી રહી હતી.

સાંજે દિલ્હીથી ટ્રેન ઊપડી ત્યારે તો સૌ જોશમાં હતા. જોકે થાકનો ભાર પણ વર્તાઈ રહ્યો હતો. વારાફરતી સૌ પોતપોતાની બર્થ ઉપર જઈને ઊંઘી ગયા હતા. માત્ર વિદિશાને ઊંઘ નહોતી આવતી. મન પતંગિયાની જેમ પાંખો ફફડાવતું એકથી બીજી ઘટનાને યાદ કરીને કૂદાકૂદ કરી રહ્યું હતું.

પોલીસ સ્ટેશનમાં એ રાત્રે મેહુલની પીઠ ઉપર બામ લગાડતાં તેની આંગળીઓ વડે જે ઝણઝણાટી તેના હૃદય સુધી પહોંચી ગઈ હતી તે હજી શમી નહોતી. ત્યાંની બારીમાંથી સતત ઠંડો પવન આવી રહ્યો હતો. ઓઢવા માટે ધાબળો એક જ હતો. શરૂઆતમાં તેણે તે મેહુલને ઓઢાડ્યો, પણ તેને ધ્રૂજતી જોઈને મેહુલે ધાબળાની ઑફર કરી દીધી... મેહુલના પડખામાં તેને અજબ પ્રકારની શાંતિનો અનુભવ થઈ રહ્યો હતો. બીજી તરફ, પીઠ પર ઊઠેલા સોળમાં રાહત થતાં મેહુલને ઊંઘ ચડી ગઈ હતી. મેહુલનું માથું તેના ખોળાને સહારે હતું કે પોતાનું માથું મેહુલના માથાનો સહારો લઈ રહ્યું હતું તે કહેવું મુશ્કેલ હતું. વિદિશાને તો માત્ર એટલું જ સમજાઈ રહ્યું હતું કે ક્યાંક કોઈ અદશ્ય તાર એકબીજા સાથે જોડાઇ રહ્યા છે...

'ઓ હલો, મે'મ! તમે જાગી રહ્યા છો?'

મેહુલના હળવા અવાજથી વિદિશાના વિચારો વિખેરાઈ ગયા.

'મૅડમ, હજી અડધો કલાક સિવાય ટ્રેન અહીંથી નહીં ઊપડે. હું ટીસીને પૂછી આવ્યો છું. બોલો, ચા પીવી છે, ગરમાગરમ?'

વિદિશાએ હા પાડી. મેહુલ જતો હતો ત્યાં અટક્યો. 'મૅડમ, પ્લેટફોર્મનો માહોલ મસ્ત છે, ચાલો ને, બાંકડા ઉપર બેસીને ચા પીએ?'

વિદિશાને આઇડિયા ગમ્યો. મેહુલ ચાનો ઓર્ડર આપવા ગયો. બાંકડા પર બેસીને વિદિશા આ અજાણ્યા સ્ટેશનના પ્લેટફોર્મનો મોડી રાતનો ધમધમાટ જોતી રહી. દૂર કોઈ એન્જિન શન્ટિંગ કરી રહ્યું હતું. પ્લેટફોર્મ ઉપર સન્નાટો હતો. થોડીવારે મેહુલ બે ગ્લાસમાં ચા લઈને આવ્યો.

ચામાંથી ઊઠતી વરાળની સુગંધ લેતાં વિદિશાએ પૂછ્યું, 'મેહુલ, અહીં પણ તેં મુઠ્ઠો ભરીને ખાંડ નંખાવી હશે નહીં?'

મેહુલ હસ્યો. 'કેમ, ચામાં ટાઇગર બામવાળી આંગળીઓ નાખવાનો ઇરાદો છે કે શું?'

સ્માઇલ આપીને વિદિશાએ ચાનો ઘૂંટ ભર્યો, બે-પાંચ મિનિટો શાંતિમાં વીતી. પછી વિદિશાએ કહ્યું 'મેહુલ, તને આ સામે ચાલીને હવાલદારના ડંડા ખાવાનો વિચાર ક્યાંથી આવ્યો?'

'ક્યાંથી એટલે વળી?' મેહુલ હસ્યો. 'બાયોલોજીનો સ્ટુડન્ટ થોડો છું કે લેફ્ટ-બ્રેઇન અથવા રાઇટ-બ્રેઇનમાંથી વિચાર આવે? લિટરેચરનો સ્ટુડન્ટ છું. એટલે વિચાર તો દિલમાંથી જ આવે ને?'

'ડાયલોગ બહુ સારા મારે છે...'

વિદિશાની આ વાત સાંભળીને મેહુલ અચાનક ગંભીર થઈ ગયો. ગળી ચાનો એક મોટો ઘૂંટડો તે ધીમે ધીમે ગળામાં ઉતારતો રહ્યો... પછી તેણે કહ્યુંઃ 'સાચું કહું મૅડમ? હું તમને કદી રડતાં નથી જોઈ શકતો. તે દિવસે તમારી બર્થ-ડેની સાંજે, તમે પેલા કવરમાંથી કોની ચિઠ્ઠી કાઢીને વાંચી, મને નથી ખબર, પણ તે દિવસે જ મને

થયું હતું કે આ તો ના ચાલે... અને ફેસ્ટિવલમાં સ્ટેજ ઉપરથી ગાયન ગાતાં ગાતાં તમારી આંખોમાંથી આંસુ છલકાઈ ગયાં ત્યારે તો હું ડરી ગયો હતો! એક કલાક સુધી મેં કોઈને તમારી પાસે ફરકવા દીધા નહોતા. તમે પેલા વડલા નીચે ક્યાંય લગી ગુમસૂમ થઈને બેસી રહ્યાં હતાં...'

'...તો?' વિદિશાએ એક જ અક્ષરનો સવાલ કર્યો.


એનો જવાબ તો મેહુલ પાસે પણ ક્યાં હતો? છતાં એણે કોઈ ઠોઠ સ્ટુડન્ટની જેમ છૂટાછવાયા શબ્દોમાં ગોઠવવાનો પ્રયાસ કર્યો.

'મૅડમ, શું છે કે કૉલેજના પહેલા જ દિવસે અમે તમારી ત્રણ ત્રણ વાર બહુ ખરાબ રીતે મજાક કરી. છતાં તમે જે રીતે હસતાં રહ્યાં એ જોઈને મેં મનમાં નક્કી કરેલું કે ભલે ગમે તે થઈ જાય, આ મૅડમને હું ક્યારેય રડવા તો નહીં જ દઉં... પછી ભલે ને, મારે જિંદગીભર એમની સાથે ને સાથે કેમ ના રહેવું પડે?'

વિદિશાના દિલના તાર અચાનક ઝણ ઝણી ઊઠ્યા. મેહુલ કહેવા શું માગતો હતો? જિંદગીભર સાથે કેમ ના રહેવું પડે... એટલે શું? વિદિશાએ કોઈ જવાબ ના આપ્યો. બસ, હળવેકથી મેહૂલના વાંકડીયા વાળમાં પોતાની આંગળીઓ પરોવી... અને પછી તેનો ગોરો સરખો ગાલ જરાક થપથપાવ્યો. એ પછી તે કંઈ કહેવા જતી હતી, પણ અટકી ગઈ. દૂરથી એન્જિનનું હોર્ન સંભળાયું, શન્ટિંગમાં કોઈ ડબ્બો કોઈ ટ્રેનમાં જોડાયાનો અવાજ ગુંજ્યો, અને ટીસીની વ્હીસલ પ્લેટફોર્મના ખાલીપામાં પડઘાઈ ઊઠી...



પુસ્તક પરિચય



સમયની પાર જોઈ શકતા ચાણક્યની કથા


વિદ્વાનોનું અપમાન, પ્રજાની છેતરપિંડી, નિર્દોષોની હત્યા, સલાહકારોની ઉપેક્ષા - આ તને યાદ છે ખરું? જે દિવસે તેં રાજસભામાં ઉદ્ધતાઈથી મારું અપમાન કર્યું ત્યારે મેં મારી શિખાના વાળ છોડી પ્રતિજ્ઞા કરી હતી કે, તારા કુળનો વિનાશ થશે ત્યારે જ હું શિખા ફરી બાંધીશ.

ચાણક્યની આ પ્રતિજ્ઞાના મૂળમાં તમને સમયની પાર જોઈ શકતા એક ક્રાંતિકારી યુગદ્રષ્ટાનાં અપમાનિત થયેલાં સ્વમાન અને સ્વાભિમાનની કારમી ચીસ સંભળાશે.

તમે જે ક્ષણે આ કૃતિ વાંચવાનો આરંભ કરશો, એ જ ક્ષણે સમય થંભી ગયો હોય એવું, આ નવલકથાના પ્રત્યેક પ્રસંગે અનુભવશો.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



જુદા જ એંગલથી લખાયેલી રોમાંચક અને થ્રિલર કથાઓ


અત્યાર સુધી લખાતા ગુજરાતી વાર્તા સાહિત્યમાં એક જુદા જ પ્રકારની આબોહવા લઈને આવતી આ કથાઓ, તમારા રોમેરોમમાં એક નવો જ રોમાંચ પેદા કરશે!

દિલધડક પ્રસંગો દ્વારા પ્રેમકથા પણ થ્રિલ જન્માવી શકે છે, એમાં પણ ગૂઢ રહસ્ય ધબકતું હોઈ શકે છે. આ દરેક કથા માત્ર નીરસ વર્ણનકથા નહીં બની રહેતાં તમને કોઈક જુદા જ એંગલથી કશુંક પામ્યાનો અહેસાસ કરાવશે.

ગુજરાતી સાહિત્યમાં એક નવી જ ક્ષિતિજ ખોલતી આ કથાઓ તમને કંઈક નોખી, કંઈક અનોખી જરૂર લાગશે! એકવાર આ પુસ્તક વાંચવાનું શરૂ કર્યા પછી તમને મૂકવાનું મન નહીં થાય એવું અમે નહીં, આ કથાઓ જ તમને કહેશે!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



ડોલરિયા ઝગમગાટથી ઝાંઝવાના જળ સુધીની આંખ ખોલતી કથા

દુનિયાના અન્ય દેશોની જેમ ભારતના પણ હજારો લોકો માટે અમેરિકા પૃથ્વી પરનું સ્વર્ગ જ છે - એક એવું સ્થળ જ્યાં ભરપૂર સમૃદ્ધિ અને પરમ સુખની અપાર તકો છે.

એકવાર અમેરિકા પહોંચ્યા પછી આ 'ડૉલર-ઘેલા' લોકોને સમજાય છે કે આ 'સ્વર્ગભૂમિ' તેમની કલ્પનાથી તદ્દન જુદી જ છે! સમૃદ્ધિયાત્રાનો માર્ગ એકલતા અને વિમુખતાનાં ઊંડાં દુ:ખોની ઈંટોથી બન્યો છે.

અમેરિકાની યાત્રા માટે લાગણીની મોટી કિંમત ચૂકવવી પડે છે. પ્રિયજનોનો વિરહ સહેવાનો છે; મિત્રો અજાણ્યા બની જાય છે. પાછળ રહી ગયેલા મધ્યમવર્ગીય કુટુંબીજનોના સંબંધોમાં પણ નાની-મોટી તિરાડો પાડવાની તાકાત આ ડૉલર-મોહમાં છે. જે કૌટુમ્બિક સંબંધો વર્ષોથી ભાવભીના અને ઘનિષ્ઠ રહ્યા હોય, વ્યક્તિગત આર્થિક સ્થિતિની પરવા વિના જ સહુ એકમેકના ટેકારૂપ બનતાં હોય તેવા સંબંધો પણ હવે એક નવા પડકારનો સામનો કરે છે.

ભારતમાં સાસુ-વહુના કડવા સંબંધો અંગે નવાઈ નથી. ઘણી વખત પુત્રવધૂ આવા અનુભવોથી માનસિક હતાશાનો ભોગ બનતી પણ હોય છે. આવા સંબંધોમાંથી પણ અમેરિકામાં મુક્તિ મળી જાય છે અને આપણી સ્ત્રીઓને તે વિચાર જ ત્યાં વસી પડવા માટે પ્રેરે છે, એ વાત પણ વિચારવા જેવી છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



'ઉર્વીઇઇઇ...!' દિલ્હીની ટ્રિપથી પાછા આવતાંની સાથે જ વિદિશાએ ચીસ પાડીને ઉર્વીને બેડ ઉપર ગબડાવી પાડી. સાથે પોતે પણ પડી, ઉર્વીને બે હાથ વડે બાથમાં લેતાં તે બોલી ઊઠીઃ

'ગેસ વૉટ! આઇ એમ ઇન લવ!!'

ઉર્વીની આંખો આનંદ અને આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એ મનમાં જાણતી તો હતી જ કે આવું કંઈક થવાનું છે. છતાં તેણે નટખટ રીતે વિદિશાનો ગાલ ખેંચતાં પૂછ્યું 'કોણ છે? કોણ છે એ?'

'મેહુલ બીજું કોણ!'

વિદિશાએ ઊંડો શ્વાસ લઈને ઉર્વીને દિલ્હીની આખી સફરની તમામ વાતો અણીથી પણી સુધી કરી દીધી. ઉર્વી વિસ્ફારિત આંખો સાથે સાંભળતી રહી. છેવટે જ્યારે વિદિશાનો આનંદનો ઊભરો શાંત થયો ત્યારે એણે પૂછ્યુંઃ

'વિદિ, એણે તને ચોખ્ખા શબ્દોમાં ક્યાં કઈ કીધું છે?'

'ઓ, કમ ઓન ઉર્વી!' વિદિશા બોલી પડી. 'પેલા અજાણ્યા સ્ટેશને, મધરાતે પ્લેટફોર્મના બાંકડા ઉપર એણે મને શું કહ્યું? મૅડમ, તમને હું ક્યારેય રડવા નહીં દઉં... ભલે ને પછી મારે જિંદગીભર સાથે કેમ ના રહેવું પડે! ઉર્વી, આનો બીજો અર્થ શું થાય?'

ઉર્વીએ વિદિશાના ગાલ ઉપર હળવી ટપલી મારી. 'તું પણ બહુ લુચ્ચી છે હોં! તેં એકેય વાર એને આઇ લવ યુ કહ્યું?'

'કહ્યું તો નથી પણ...'

વિદિશાના ગાલ લાગણીના ઉછાળાથી ગુલાબી ગુલાબી થઈ રહ્યા હતા. ઉર્વીએ તેને પાસે ખેંચીને ધબ્બો મારતાં કહ્યું. 'કહી દે ને! રાહ શેની જુએ છે?'

- એ તો વિદિશાને ય ખબર નહોતી. આમ જ કહી દેવાનું? આઇ લવ યુ? કોઈ મોકો, કોઈ સરસ મજાની પળ, કોઈ સુંદર માહોલ, કોઈ લાગણીથી છલકતો પ્રસંગ... કશાની રાહ નહીં જોવાની?



શનિ-રવિ કૉલેજમાં રજા હતી. સોમવારે કૉલેજ ખૂલતાંની સાથે જ તે મેહુલને કોઈ બહાને પોતાની પાસે બોલાવીને આ વાત કહી દેશે એમ વિચારતી હતી ત્યાં એનાં મમ્મી-પપ્પા વડોદરાથી આવી પહોંચ્યાં.

વડોદરાનો સ્પેશિયલ લીલો ચેવડો, ભાખરવડી અને મમ્મીના હાથની ત્રણ જાતની વાનગીના ડબ્બા એમની સાથે હતા. વિદિશાના ચહેરા ઉપર ખાસ જાતની ચમક જોઈને મમ્મીએ તો પૂછી જ લીધું. 'શું વાત છે વિદિ? કંઈ બહુ મૂડમાં લાગે છે ને!'

વિદિશાએ જરા અચકાતાં જરા શરમાતાં, મમ્મી-પપ્પા આગળ મેહુલની વાત કરી જ દીધી.

મમ્મી તો ખુશ થઈ ગઈ. એની આંખોમાં હરખનાં આંસુ આવી ગયાં. 'હાશ... આખરે અભિજાતની જગ્યા લે એવું તને કોઈ મળ્યું ખરું! બસ, હવે અમને બહુ રાહ ના જોવડાવીશ.'

'ના, રાહ જોવી પડશે...' મમ્મીના ઉત્સાહને પપ્પાએ જરા ગંભીર અવાજથી અટકાવી દીધો. તેમણે વિદિશાને પોતાની પાસે બેસાડી. તેના ખભે પ્રેમાળ હાથ મૂકતાં કહ્યું:

'બેટા, આપણે બે વાતનો વિચાર કરવાનો છે. એક તો તારી ઉંમર એના કરતાં કમસે કમ ચાર વર્ષ વધારે છે. એ તો જાણે ઠીક છે, પણ બીજી મહત્ત્વની વાત એ છે કે અત્યારે તું એની ટીચર છે. એ તારો સ્ટુડન્ટ છે. કૉલેજના વાતાવરણમાં એ સંબંધ ગુરુ-શિષ્યનો જ રહેવો જોઈએ, નહીંતર કૉલેજની પ્રેસ્ટિજના સવાલો ઊભા થાય...'

'હા, એ વાત બરોબર પણ અંકલ-' ઉર્વીને અટકાવતાં પપ્પાએ કહ્યું 'આમેય મેહુલનું હવે આ વર્ષ પછી છેલ્લું વરસ છે ને! એને એકવાર ગ્રેજ્યુએટ થઈ જવા દો, પછી...'

'પછી?' વિદિશાના એ સવાલ પર પપ્પા ખડખડાટ હસી પડ્યા. 'પછી લગ્ન! બીજું વળી શું?'

એક ક્ષણ માટે વિદિશાને અભિજાતની યાદ આવી ગઈ. જો એ હોત તો હમણાં જ એણે વાટકો ભરીને ગોળ-ધાણા ખાવાની ફરમાઇશ કરી હોત! નહીં?



વિદિશાને પપ્પાની વાત બરોબર લાગી. આમ જોવા જાવ તો માંડ સવા વરસનો જ સવાલ હતો ને! વળી, મેહુલ ક્યાં ભાગી જવાનો હતો? વિદિશાને થયું 'સવા વરસ તો આમ ચપટીમાં નીકળી જશે...'

ચપટી શું, સમય જાણે પલકારામાં વીતી રહ્યો હતો. દિલ્હીના યુથ ફેસ્ટિવલમાંથી પાછા આવીને હજી માંડ સેટલ થયાં ત્યાં તો કૉલેજનો એન્યુઅલ-ડે આવી પહોંચ્યો! આ વખતે આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણે ફેકલ્ટીની તમામ જવાબદારી વિદિશાને માથે જ આવી પડી. વિદિશાને પણ ખૂબ મઝા આવી રહી હતી.

સવારે કૉલેજ, બપોર પછી એક્ટિવિટિઝ, રિહર્સલો, પ્રેક્ટિસ, તૈયારીઓ... વિદિશાએ એન્યુઅલ ડેના રાત્રિના ત્રણ કલાકના પ્રોગ્રામમાં બીજા ત્રણ કલાક ઉમેરી દીધા. વિદિશાએ ફંક્શનના સવારના સેશનમાં સ્ટુપિડ અને ફની ટાઇપની ડઝનબંધ કોન્ટેસ્ટો ગોઠવી દીધી! લીંબુ-ચમચો, લોટમાંથી લખોટી શોધવાની, બે પાર્ટનરોના એક એક પગ એકબીજા સાથે બાંધીને મોટા મોટા પ્લાસ્ટિકના બોલ દૂર ગોઠવેલા ખોખામાં નાખી આવવાના, એક પહોળા પાટિયા ઉપર પગની આંટીઓ ભિડાવીને સામસામા બેસવાનું અને પછી રૂ ભરેલા તકિયા વડે મારામારી કરવાની! (તકિયાનો માર વાગતો નથી પણ પાટિયા ઉપરથી બેલેન્સ જતાંની સાથે છ ફૂટ ઊંચીથી ભોંયભેગા થવું પડે!)

આટલું જાણે ઓછું હોય તેમ વિદિશાએ ત્રણે ફેકલ્ટીની 'પોસ્ટર વોર' શરૂ કરાવી! કૉલેજની દિવાલો ઉપર જાતજાતનાં પોસ્ટરો લાગવા માંડ્યાં. 'કોમર્સવાલે, તુમ માઇનસ મેં જાઓગે...' 'સાયન્સવાલોં કા સડેલા ફોર્મ્યુલા... ફિઝિક્સ મેં સે કેમિસ્ટ્રી ગઈ તો બચા ક્યા? મેથ્સ કા ઝીરો...' 'આજ કે આર્ટ્સવાલે કલ હોંગે ફાર્ટ્સવાલે!'

રોજ સવાર પડે ને કૉલેજમાં નવી મસ્તી શરૂ થઈ જતી. વિદિશાની પોપ્યુલારિટી ત્રણે ફેકલ્ટીમાં ફેલાઇ ગઈ હતી. છોકરા-છોકરીઓનાં ઝૂમખાં સતત તેની આસપાસ વીંટળાયેલાં રહેતાં હતાં છતાં મેહુલની એમાં એક ખાસ જગા હતી. રોજ રાત્રે આઠેક વાગે બધું પતે પછી મેહુલ પોતાની કારમાં તેને ઉર્વીના ઍપાર્ટમૅન્ટ સુધી મૂકવા આવતો હતો.

તૈયારીનો મહિનો ક્યાં વીતી ગયો ખબર પણ ના પડી. એન્યુઅલ-ડેના દિવસે સવારની ફન-કોમ્પિટિશનોમાં સૌ પેટ પકડી પકડીને હસ્યાં. રાત્રે મનોરંજન કાર્યક્રમો અને મ્યુઝિક, ડાન્સ, સ્કીટ વગેરેની હરીફાઇઓમાં આખું

ઓડિટોરિયમ તાળીઓ અને વ્હીસલોથી ગુંજતું રહ્યું. મેહુલે જીદ કરીને આ વખતે પણ વિદિશા પાસે એક ખાસ ગાયન રજૂ કરાવડાવ્યું. શબ્દો ગુલઝારના, ફિલ્મ ખામોશી...

'હમ ને દેખી હૈં ઉન આંખો કી મહેકતી ખુશ્બુ, હાથ સે છૂ કે ઇસે રિશ્તોં કા ઇલ્જામ ન દો...'

ઉત્સાહથી છલકાતા અવાજે જ્યારે વિદિશાએ એ ગાયન સ્ટેજ ઉપરથી પૂરું કર્યું ત્યારે હોલમાં તાળીઓના ગડગડાટ સાથે 'વન્સ મોર... વન્સ મોર...'ના પોકારો થયા, આખરે રાત્રે સાડા બાર વાગે પ્રોગ્રામ પૂરો થયો.

સૌ વિખેરાઈ રહ્યાં હતાં પણ મેહુલ વિદિશાને મદદ કરવા રોકાયો હતો. સ્ટેજની સાફસૂફી, હોલની સોંપણી, બેનરો અને પોસ્ટરોનાં બોક્સ, ગુલદસ્તાઓનો વહીવટ, વધી પડેલી ટ્રોફીઓ અને સર્ટિફિકેટો... બધું પતાવતાં એક વાગ્યો.

'હાશ...!' કરીને વિદિશા મેહુલની કારમાં લગભગ ફસડાઈ જ પડી. થોડીવાર ચૂપચાપ ડ્રાઇવ કર્યા પછી મેહુલે કહ્યું 'મૅડમ, જરા મ્યુઝિક પ્લે કરું?'

થાકેલી વિદિશાએ માત્ર પાંપણ હલાવીને હા પાડી. થોડી ક્ષણો પછી એમાં એ જ ગીત વાગવા લાગ્યું, એ જ ખામોશીનું... 'પ્યાર કોઈ બોલ નહીં, પ્યાર આવાઝ નહીં, એક ખામોશી હૈ સુનતી હૈ, કહા કરતી હૈ...'

વિદિશાને નવાઈ લાગી. 'અરે? આ તો મારો અવાજ છે!'

મેહુલના ચહેરા ઉપર સ્મિત રમી રહ્યું હતું.

'મારો અવાજ આ રેડિયોમાંથી શી રીતે આવી રહ્યો છે?'

જવાબમાં મેહુલે હાથથી ઇશારો કરીને બતાડ્યું. 'રેડિયો નથી, પેન-ડ્રાઇવ છે... તમે પરફોર્મ કરતાં હતાં ત્યારે મેં હોલની સાઉન્ડ સિસ્ટમમાં રેકોર્ડ કરી લીધું હતું! સમજોને, આજની સક્સેસ માટે મારા તરફથી આ બે સેન્ટિમીટરની નાનકડી ગિફ્ટ છે!'

વિદિશા ડ્રાઇવિંગ કરી રહેલા મેહુલને જોતી જ રહી ગઈ. કેટલો અલગ છે આ છોકરો! ઊછળતાં મોજાં જેવો તોફાની છતાં સમુદ્ર જેવો ઊંડો, ખળખળ વહેતા ઝરણા જેવો તરખાટી અને સતપતિયો છતાં છેક તળિયા સુધી બધું સ્પષ્ટ જોઈ શકાય એવો ભોળો! કંઈક તો એવું હતું મેહુલમાં, જે અભિજાતમાં પણ હતું. છતાં કંઈક એવું પણ હતું જે માત્ર મેહુલમાં જ હતું...

ઍપાર્ટમૅન્ટની નીચે આવીને મેહુલે કાર ઊભી રાખી. ડેકીમાંથી નાનો-મોટો સામાન કાઢીને તે દાદરા ચડીને વિદિશાને ફર્સ્ટ ફ્લોર સુધી મૂકવા આવ્યો. ફ્લેટનો દરવાજો ખોલીને સામાન હાથમાં લેતાં વિદિશાએ તેને 'થેન્ક્યુ' કહ્યું.

'એક સવાલ પૂછું? જો તમે ખોટું ના લગાડો તો...' મેહુલની આંખોમાં આજે કંઈ જુદી જ ચમક હતી.

વિદિશાએ કહ્યું 'પૂછ ને...'

'મૅડમ, તે દિવસે તમારી બર્થ-ડે હતી ત્યારે તમે એક પત્ર વાંચીને રડવા જેવાં થઈ ગયાં હતાં. દિલ્હીમાં તમે એક ગીત ગાતાં-ગાતાં લગભગ રડી પડ્યાં હતાં... મારે બસ, એક જ વાત પૂછવી છે, આ સ્ટોરી શું છે?'

'સ્ટોરી...' વિદિશા કંઈ કહેતાં કહેતાં અટકી ગઈ. પછી પેલા રેલવે પ્લેટફોર્મ ઉપર જે રીતે મેહુલના વાળમાં આંગળાં ફેરવીને ગાલ ઉપર હથેળી થપથપાવી હતી એ જ રીતે થપથપાવતાં આંગળીઓના ટેરવે એટલો જ પ્રેમ આવીને અટકી ગયો.

તેણે કહ્યું. 'સ્ટોરી! ક્યારેક જરૂર કહીશ... અને તને જ કહીશ.'



કહેવાની જરૂર જ ક્યાં હતી? જે કહેવાનું હતું એ તો બંને વચ્ચે જાણે કહેવાઈ ચૂક્યું હતું. છતાં જરૂરી હતું... મેહુલ આગળ પોતાના પ્રેમનો એકરાર કરતાં પહેલાં તેને અભિજાતની સ્ટોરી કહેવી જરૂરી હતી.

વિદિશાને લાગ્યું કે તેના દિલના દરિયામાં એક સમો બંધાઈ ગયો હોય તેવી સ્થિતિ હતી. હા, દરિયામાં

પૂનમની ભરતી આવે છે ત્યારે થોડી મિનિટો એવી હોય છે જ્યાં ભરતીનાં મોજાં ઊછળતાં પણ નથી અને ઓસરતાં પણ નથી. બસ, ત્યાં જ અટકી ગયાં હોય છે. લહેરોમાં હળવી હલચલ તો ખરી, પણ ન ઉતાર, ન ચઢાવ... ઘડીકમાં લાગે કે આ કોઈ બંધિયાર સ્થિતિ છે, તો ઘડીકમાં લાગે કે અદ્ભુત શાસ્ત્રીય ગાયનની મહેફિલમાં આનંદની ક્ષણો હવામાં થંભી ગઈ છે. નથી ઘટતી, નથી વધતી... જાણે સમો, યાને સમય, બંધાઈ ગયો છે! વિદિશા આખી રાત એ બંધાઈ ગયેલા સમાને માણતી રહી.



'તારે પેલી સ્ટોરી સાંભળવી હતી ને?' એક્ઝામ પતી ગયા પછીના એક દિવસે વિદિશાએ મેહુલને ફોન કરીને કીધું. 'કાલે બપોરે એક વાગે ઉર્વીના ઍપાર્ટમૅન્ટ પાસે આવી જજે. આપણે અમદાવાદ જઈએ છીએ, ઉર્વીની કારમાં...'

કાર ઉર્વી ચલાવતી હતી. વડોદરા આવ્યું પણ વિદિશાએ બાયપાસ રોડ ઉપરથી કાર અમદાવાદ તરફ લેવડાવી. અમદાવાદ આવ્યું ત્યારે કહ્યું 'અડાલજની વાવે લઈ લે...' આખા રસ્તે વિદિશા ખાસ્સી ચૂપ હતી. વિદિશાને ચૂપ જોઈને મેહુલ પણ જરા શાંત બની ગયો હતો.


સાંજના સમયે કાર અડાલજની વાવ પાસે આવીને ઊભી રહી. દરવાજો ખોલીને વિદિશા કારમાંથી ઊતરી. આકાશનો સૂરજ ધીમે ધીમે લાલાશ પકડી રહ્યો હતો. આસપાસ નજર નાંખતાં વિદિશાએ થોડી ઠંડક પકડી રહેલી હવામાંથી એક ઊંડો શ્વાસ ભરી લીધો.

આ એ જ જગ્યા હતી, જ્યાં અભિજાત તેને એક વાર અચાનક રાતના સમયે તાણી લાવ્યો હતો. ચોકીદારને 500નું પત્તું પકડાવીને તેણે સુમસામ અડાલજની અંધારી વાવના એક ઝરુખામાં 100 રૂપિયાની મીણબત્તીઓ સળગાવીને એક અદ્ભુત મુલાકાતની ક્ષણો ઊભી કરી હતી.

એક ક્ષણ માટે તે વખતે મોબાઇલ ફોનમાં લીધેલી સેલ્ફીઓ વિદિશાની નજરો સામે ઝબકી ગઈ. તેણે મેહુલ સામે જોઈને કહ્યું, 'સાંભળ, એક ભોળી ગામડાની યુવતીની આ વારતા છે...'



પુસ્તક પરિચય



સુખી લગ્નની સરળ ફોર્મ્યુલા

લગ્ન વિશેના ખ્યાલો આપણે ત્યાં ખાસ્સા દઢ અને પરસ્પર વિરોધી માન્યતાઓ ધરાવતા રહ્યા છે.

પ્રેમમાં પડેલી દરેક વ્યક્તિ લગ્નને જ જીવનનું અંતિમ ધ્યેય સમજે છે. બીજા લોકોનાં લગ્ન 'અમારાં લગ્ન બીજા કરતાં જુદાં જ હશે!'


કોઈપણ સંબંધને સાદી માવજતની જરૂરિયાત હોય છે. લગ્ન જેવો નાજુક સંબંધ માવજતના અભાવે જ તદ્દન ભાંગી પડતો હોય છે.

જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડાં સમાધાનની.

ગઈકાલ સુધીની તમામ ભૂલોને ઓળખી લઈને આજથી જ તમારા જીવનમાંથી એ ભૂલોની બાદબાકી કરશો તો જ તમને એક આદર્શ સંબંધ મળશે.

માણસમાત્રને સુખ અને સ્વીકારની શોધ હોય છે. શાંતિ એનું પરમ ધ્યેય હોય છે.

પુસ્તક પરિચય




એક ક્યુટ-સ્વીટ લવસ્ટોરી

જેણે જિંદગીમાં સ્વપ્નમાં પણ છોકરી સાથે રોમાન્સ નથી કર્યો, અરે, જેણે કલર ટી.વી. પર એકેય રંગીન રોમાન્ટિક ફિલ્મ સુધ્ધાં નથી જોઈ, એવા ભોળાભટાક ગામડિયા બકાની જિંદગીમાં કૉલેજની એક ઝક્કાસ બ્યુટીક્વીન વાવાઝોડાની જેમ ધસી આવે છે! બચ્ચારા બકાની તો વાટ લાગી જાય છે! યાર, આ ચક્કર શું છે...

આ વિભાવરી વર્મા કોણ છે? એનો ક્યારેય ફોટો પણ કેમ નથી દેખાતો? એનો ફેસબુક એકાઉન્ટ કેમ નથી? આ બધા સવાલો છોડો. હકીકત એ છે કે આજના મૉડર્ન જમાનાના યુવાનોની દુનિયાની વાતોમાં તથા એમના કૉમ્પ્યૂટરોમાં, સ્માર્ટ ફોનોમાં, કૉલેજ કૅન્ટીનોમાં અને યંગ-યંગ દિલોમાં જે ફિલિંગ્સ ધબકે છે એની સાથે તાલ મિલાવતી આ એક સાવ નવી ફ્રેશ કલમ છે, જેને લાખો વાચકોએ ખુલ્લા દિલે આવકારી છે! નોટ જસ્ટ ધેટ, યંગ એર હાર્ટ હોય એવાં સિક્સ્ટી પ્લસ સજ્જન સન્નારીઓ પણ વિભાવરી વર્માને નિયમિત વાંચે છે કારણકે વિભાવરી વર્માની વાર્તાઓમાં ઉપરછલ્લો છીછરો રોમાન્સ નથી, એક મિનિંગફુલ ઊંડાણ પણ છે...

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



શું તમે અને તમારા પ્રિયજન એક જ ભાષામાં વાત કરો છો?

ડૉ. ગેરી ચેપમૅન એવું અદ્‌ભુત રહસ્ય ખોલી આપે છે કે વ્યક્તિઓ કઈ અલગ અલગ રીતે પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરે છે. જોકે પ્રેમની અભિવ્યક્તિની પાંચ અદ્‌ભુત રીતો છે.

* લાગણીના શબ્દો
* પ્રતિબદ્ધ સમય
* ભેટ
* સેવાનાં કાર્યો
* શારીરિક સ્પર્શ

આ ભાષાઓના અમલથી તમે તમારા પ્રિયજન સાથેના સંબંધમાં એક નવી જ સુગંધ અનુભવશો. તમને તમારા પ્રેમની યોગ્ય અભિવ્યક્તિનું સુખ તો મળશે જ. સાથે જ તમારા પ્રિયજનનો મૂલ્યવાન પ્રેમ પણ મળશે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...





'સાંભળ, એક ભોળી ગામડાની યુવતીની આ વારતા છે.'

વિદિશાએ અડાલજની વાવ પાસે એક વારતા માંડી હતી. આ વારતા કહેવા માટે તે મેહુલને છેક સુરતથી અહીં લઈ આવી હતી. 'એ યુવતીનું નામ રૂખી.' વિદિશાએ કહેવા માંડ્યું:

'આ રૂખી અહીંના ચોકીદારની પત્ની છે. એ અહીં પરણીને આવી એ પહેલાં એનાં લગ્ન ક્યાંક બીજે થવાનાં હતાં. એ જુવાન જોડે રૂખીના રૂદિયાના તાર એવા જોડાઈ ગયા હતા કે જાણે એ સાત-સાત જનમનો સાથ હશે... પણ કિસ્મતને કંઈ જુદું જ મંજૂર હતું. એ જુવાન અચાનક કોઈ કારણસર મરી ગયો. રૂખીનાં લગ્ન અહીંના ચોકીદાર ભીખુ સાથે થયાં. ભીખુ બિચારો દિલનો સાફ, સાવ ભોળો હતો. એ રૂખીની કહાણી જાણતો હતો પણ બિચારી રૂખીને જ એના થનારા જીવનસાથીનો ખાલીપો એવો ખટકતો હતો કે તે ભીખુને પોતાના દિલમાં જગા આપી જ શકતી નહોતી.'

મેહુલ સાંભળી રહ્યો હતો. ઉર્વીને સમજાતું નહોતું કે વિદિશા ક્યાંની વારતા ક્યાં માંડીને બેઠી છે? વિદિશાએ વાત આગળ ચલાવી.

'એક દિવસ અહીં, આ વાવ ઉપર એક હસતો રમતો યુવાન આવ્યો. તેને તો રૂખીની વારતાની કશી ખબર નહોતી. છતાં એણે ભીખુને થોડા પૈસા આપીને કહ્યું, લે આમાંથી થોડી મીણબત્તીઓ લાવજે અને રાત પડે આ વાવના ઝરૂખામાં મીણબત્તીઓ ગોઠવીને એમાં તારી ઘરવાળીને બેસાડજે. પછી તને આવડે એ રીતે તારું હૈયું ખોલજે, બસ?'

વિદિશાના અવાજમાં ભીનાશ આવી ગઈ. 'શી ખબર, એ યુવાનની મીણબત્તીઓમાં કંઈ જાદુ હતું કે પછી એના શબ્દોમાં, પણ એ રાતથી રૂખી કદી ઉદાસ રહી નથી. એણે ભીખુને અપનાવી લીધો છે. ભલે સાત જનમ માટે નહીં, તો કમસે કમ આ જનમ માટે.'

વિદિશાની વારતા પૂરી થઈ. તેણે જોયું કે ડૂબતા સૂરજના અજવાળામાં વાવનો ચોકીદાર અને તેની પત્ની આવીને ઊભાં હતાં. રૂખીની આંખો ભીની થઈ ગઈ હતી. તે નજીક આવીને વિદિશાને ભેટી પડી. વિદિશા પ્રેમથી તેની પીઠ પસવારતી રહી.

વાતાવરણ બોઝિલ થઈ ગયું હતું. ઉર્વી સમજી ગઈ કે વિદિશાએ રૂખીની વારતા મેહુલને શા માટે કરી, પણ મેહુલ કદાચ હજી સમજી શક્યો નહોતો. એ ચૂપ હતો.

'ચાલો, જઈશું?' એટલું કહીને વિદિશા કારની પાછલી સીટ પર બેસી ગઈ.

ઉર્વીએ કાર સ્ટાર્ટ કરી. દસેક મિનિટ પછી કાર હાઇવે ઉપર હતી. વિદિશાએ પર્સમાંથી એક મોટી સાઇઝનું

'ટેબ' કાઢીને મેહુલના હાથમાં આપતાં કહ્યું, 'મેહુલ, આમાં એ યુવાનના ફોટા, વિડિયો ક્લિપ્સ, ડાયરીનાં પાનાં, પત્રો બધું જ છે. તું નિરાંતે જોજે. બસ, એક જ રિક્વેસ્ટ છે, આ સ્ટોરી તું તારી ફેસબુકમાં ન લખતો.'

શી ખબર શા માટે, પણ ત્યાં ને ત્યાં ટેબ ઓપન કરીને બધું જોવાને બદલે મેહુલ એ ટેબને પોતાની છાતી સરસું ચાંપીને, અદબ વાળીને બેસી રહ્યો.

વિદિશાના દિલનો એક બહુ મોટો બોજ હળવો થઈ ગયો. તેણે પપ્પાને પ્રોમિસ આપ્યું હતું કે જ્યાં સુધી મેહુલ ગ્રેજ્યુએટ ન થઈ જાય ત્યાં સુધી તે તેની આગળ પોતાના પ્રેમનો એકરાર નહીં કરે. આજે એ પ્રોમિસ પાળવા છતાં તેને જે કહેવું હતું તે રૂખીની વારતા દ્વારા કહી દીધું. હવે મેહુલ જાણે.



પંદર દિવસ પછી વિદિશા તેનાં મમ્મી-પપ્પા સાથે બે મહિના માટે યુરોપની ટૂરમાં જવા માટે નીકળી ગઈ. વિદિશા હવે ખૂબ જ ખુશ હતી. આલ્પ્સના પહાડો જોતાં, પિઝાનો મિનારો જોતાં કે એફિલ ટાવર સામે ઊભાં રહીને સેલ્ફી લેતાં તે સતત મેહુલને જ યાદ કરી રહી હતી. દિલમાં સતત પેલું ગુલઝારનું ગીત રમતું હતું, 'પ્યાર કો પ્યાર હી રહને દો, કોઈ નામ ન દો.' કોઈ જાતનું નામ પાડ્યા વિના વિદિશાએ તેનો પ્રેમનો સંદેશો પાઠવી દીધો હતો. મનમાં નક્કી કરીને રાખ્યું હતું કે જેવી કૉલેજ ખૂલે કે તરત તે મેહુલને પૂછી લેશેઃ 'કેવી લાગી સ્ટોરી? એનો એન્ડ તેં વિચાર્યો છે?'

પણ વિદિશાને સહેજ પણ અંદાજ નહોતો કે સમુદ્રમાં આવનારી હવે પછીની ઓટ તેનું સર્વસ્વ તાણી જશે.



વિદિશા યુરોપથી પાછી આવી તેના અઠવાડિયા પહેલાં કૉલેજ સ્ટાર્ટ થઈ ચૂકી હતી. ફ્રેન્કફર્ટથી મુંબઈ આવતી ફ્લાઇટ લેટ હતી. મુંબઈથી સુરત આવતાં પણ મોડું થયું, છતાં વિદિશાએ નક્કી કર્યું હતું કે કૉલેજ તો જવું જ છે. ભલે છેલ્લો પિરિયડ ચાલતો હોય.

હજી તે સ્ટાફ-રૂમમાં જરા ઠરીઠામ થઈ ત્યાં તો એને બહારથી મેહુલની ચીસ સંભળાઈ, 'મૅડમ! જુઓને, વિદિશા મૅડમ! આને કંઈ કહો ને!'

વિદિશાએ જે દૃશ્ય જોયું તેનાથી તે આખેઆખી હલબલી ગઈ. એક ટી-શર્ટ જિન્સ પહેરેલી છોકરી મેહુલનો કોલર પકડીને તેને ખેંચી રહી હતી. મેહુલ ખડખડાટ હસી રહ્યો હતો. પેલી છોકરીના ચહેરા ઉપર ગુસ્સો હતો.

'બોલ, ક્યાં છે તારાં મૅડમ? યાર, અઠવાડિયાથી મૅડમ... મૅડમ... સાંભળીને મારા તો કાન પાકી ગયા છે!'

'અરે! શું છે આ બધું?' વિદિશાએ બહાર આવીને પૂછ્યું. મેહુલ કંઈ જવાબ આપે એ પહેલાં પેલી છોકરીએ મેહુલનો કોલર પકડીને આગળ હડસેલી દીધો. 'આ મેહુલિયો છોકરો છે એટલે શું થયું? હવે છોકરાઓની દાદાગીરી નહીં ચાલે આ કૉલેજમાં!'

'અરે, પણ વાત શું છે?'

'જુઓ મૅડમ, હું ઝરણા છું. સ્ટેટ લેવલની બાસ્કેટબૉલ ચેમ્પિયન છું. સ્કૂલમાં હતી ત્યાં સુધી એકેય ટુર્નામેન્ટ હારી નથી. નેશનલ ટીમમાં કેપ્ટન હતી, અને હવે યુનિવર્સિટી ચેમ્પિયન પણ થઈને બતાડીશ! પણ આ ગધેડાઓ એમનું ફાલતુ ટાઇપનું બેડમિંગ્ટન ટીચ્યા કરે છે અને અમને બાસ્કેટબૉલની પ્રેક્ટિસ કરવાની જગ્યા જ નથી આપતા!'

'પણ ઝરણા, જરા સમજ, આપણી કૉલેજમાં બાસ્કેટબૉલની ટીમ જ નથી!' વિદિશા એને સમજાવવા માગતી હતી, પણ એ છોકરીએ મેહુલનો કોલર છોડીને સીધી વિદિશા સામે આંગળી ચીંધી.

'ટીમ ન હોય એટલે ટીમ બનાવાય જ નહીં? મેં બનાવી લીધી છે! હવે અમારે પ્રેક્ટિસ કરવી છે.'

'હા, પણ કૉલેજમાં બાસ્કેટબૉલનો કોર્ટ પણ ક્યાં છે?'

'એ બને ત્યાં સુધી અમારે બેસી રહેવાનું? અઠવાડિયાથી ઝઘડો ચાલે છે! આ મેહુલ કહે છે કે સ્પોર્ટ્સનું બધું વિદિશા મૅડમ સંભાળે છે. એ કહે તો માનું. હવે તમે મેહુલને મનાવો છો કે પછી હું એને –'

ઝરણાએ તો ફરી મેહુલનો કોલર પકડીને તેને ફેંટ મારવા માટે હાથ ઉગામી લીધો. વિદિશા હસી પડી. 'ઓ છોકરી! તું જબરી છે હોં? ચાલ, મેહુલ તમને ગ્રાઉન્ડ ખાલી કરી આપશે. અને હું પણ પ્રોમિસ કરું છું કે કૉલેજમાં બાસ્કેટબૉલનો કોર્ટ તૈયાર કરવા માટે ટ્રસ્ટીઓ આગળ રજૂઆત કરીશ, બસ?'

'ઓ.. મૅડમ, મૅડમ, મૅડમ. આઈ લઓઓવ યૂ!' કરીને ઝરણાએ વિદિશાનો ચહેરો પકડીને એના ગાલ ઉપર જોરથી એક બકી કરી દીધી!

વિદિશા તો ડઘાઈ જ ગઈ! હજી એ કંઈ કહે એ પહેલાં તો ઝરણા કોઈ વાવાઝોડાની જેમ દોડીને જતી રહી.

'કોણ છે આ છોકરી?' વિદિશાએ પૂછ્યું.

મેહુલ હસીને કહે, 'છોકરી? મૅડમ, છોકરો છે છોકરો! જોયું નહીં, મને કેવો ઘેંઘલો કરી નાંખ્યો? ચાલો, પછી મળું છું, નહીંતર એ વાવાઝોડું અમારા બેડમિંગ્ટનની નેટના લીરેલીરા ઉડાડી મૂકશે.'



હજી એ વાતને માંડ દસેક દિવસ પણ નહીં થયા હોય ત્યાં તો ઝરણા ફરીથી ખાબકી, કૉલેજનો છેલ્લો પિરિયડ ચાલી રહ્યો હતો. વિદિશા અમેરિકન પ્લે-રાઇટ ટોમ્સ સ્ટોપાર્ડનાં નાટકો વિશે કંઈક સમજાવી રહી હતી ત્યાં એ છોકરી ક્લાસના બારણે આવીને ઊભી રહી. પછી કોઈ જ ચેતવણી વિના એણે મોંમાં બે આંગળી ખોસીને સીટી વગાડતાં મોટા અવાજે એલાન કર્યું: 'કમ ઓન બોય્ઝ! કબડ્ડી પ્રેક્ટિસમાં કોણે કોણે નામ લખાવ્યાં છે?'

ક્લાસમાંથી ચાર છોકરા ઊભા થઈ ગયા. એમાં મેહુલ પણ હતો. વિદિશા ચોંકી ગઈ. 'કબડ્ડી પ્રેક્ટિસ? અત્યારે? અને કોઈ કહેશો, મેચ કોની સાથે છે? અને ક્યારે?'

'મેચ ગોલવડ એરિયાના રાઉડી રાસ્કલ છોકરાઓ જોડે છે અને એ પણ નેક્સ્ટ સન્ડે!'

ઝરણાએ ટી-શર્ટના કોલર અધ્ધર કરતાં કહ્યું, 'મૅડમ, એમાં શું થયું, કે હું કાલે મારું બાઇક લઈને ગોલવડ બાજુથી નીકળી, તો ત્યાં રસ્તામાં આઠ-દસ જંગલી ટાઇપના છોકરાઓ કબડ્ડી રમતા હતા, એમાંનો એક મારી બાઇક જોડે અથડાયો. ઝઘડો થઈ ગયો. મારામારી જ થવાની હતી પણ મેં કહ્યું, મરદ હો તો મેચમાં હરાવી બતાડો? બસ, એટલે મેચ છે.'

વિદિશા તો દંગ થઈ ગઈ! કમાલની છોકરી છે! મેહુલ સાચું જ કહેતો હતો, છોકરી નહીં, આ તો છોકરો છે! હા, માથે વાંકડિયાં લાંબા-સરખા વાળ ખરા, એમ તો ફિગર પણ ભરાવદાર, પરંતુ આખો એટિટ્યૂડ જુઓ તો બસ છોકરો જ જોઈ લો.

'ઓ હલો? મારા કબડ્ડીવાળાઓને પરમિશન તો આપો?'

વિદિશાએ હસીને કહ્યું, 'ઓકે, આપી પરમિશન, પણ મારા ક્લાસના છોકરાઓ ગોલવડના છોકરાઓ સામે હારી ગયા તો?'

'અરે, હારવાનો સવાલ જ ક્યાં છે?' ઝરણાએ વાળની લટ ઉછાળતાં કહ્યું, 'સવાલ તો ઝરણાની ઇજ્જતનો છે! વૉટ ડુ યુ સે, ગાય્ઝ એન્ડ ગર્લ્સ?'

આખા ક્લાસમાંથી ચિચિયારીઓ ઊડી. જવાબમાં સૌને ફ્લાઇંગ આપતાં ઝરણા બોલી ઊઠી, 'આઈ લઓ...ઓ...વ... યૂ! આઈ રિયલી લઓ...ઓ...વ... યૂ ઑલ!'

વિદિશા હસવા લાગી. 'આ લઓઓવ યૂ શું છે?'

ઝરણાએ કહ્યું, 'અમારી સ્કૂલમાં અર્ચન ત્રિવેદી નામના એક એક્ટર થિયેટર વર્કશોપ કરાવવા આવ્યા હતા.

એમની પાસેથી હું શીખી છું. બધાને કહેવાનું, આઈ લઓ...ઓ...ઓ...વ યૂ! તમને પણ કહું છું, આઈ લઓ...ઓ...ઓ...વ યૂ! અને ક્લાસના તમામ બોય્ઝ, તમને પણ... આઈ લઓ...ઓ...ઓ...વ યૂ!'

આખો ક્લાસ ફરી ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો. ઝરણા નામનું ઝરણું ધમાલ મચાવીને ઝડપથી ઊછળતું ગ્રાઉન્ડમાં વહી ગયું. સાથે ચાર છોકરાઓને લેતું ગયું, જેમાં મેહુલ પણ હતો.



'પછી શું થયું પેલી કબડ્ડીની મેચમાં?'

વિદિશાનાં મમ્મી-પપ્પા શનિ-રવિમાં વડોદરાથી સુરત આવ્યાં હતાં. એમની સાથે બહાર ડિનર કરવા જવાનો પ્રોગ્રામ હતો એટલે વિદિશા પેલી 'ગોલવડ રાઉડીઝ' વર્સિસ 'ઝરણા ઝન્નાટ'વાળી કબડ્ડી મેચ જોવા જઈ શકી નહોતી. આખરે સોમવારે કૉલેજ પહોંચતાંની સાથે તેણે મેહુલ અને ઝરણાને મેચ વિશે પૂછ્યું.

'મૅડમ, વાત જ જવા દો ને!' મેહુલે કહેવા માંડ્યું, 'ગોલવડવાળા તો એમની ટીમ લઈને આવી ગયેલા પણ આ ઝરણાએ જીદ કરી કે કૉલેજની ટીમ તરફથી એ તો રમવાની જ! મૅડમ, તમે જ કહો આટલા બધા છોકરાઓ વચ્ચે એક છોકરી કબડ્ડી રમતી હોય એ કેવું લાગે? પણ ઝરણા માને તો ને?'

'હાસ્તો! પણ પછી રિઝલ્ટ શું આવ્યું એ કહો ને?'

'હારી જ જવાના હતા!'

ઝરણાએ ટી-શર્ટની બાંયો ચડાવતાં અહેવાલ આપ્યો. 'છેલ્લી એક મિનિટ બાકી હતી એ પહેલાં આપણી કૉલેજના પપલુઓ તો બધા આઉટ! ફક્ત આ મેહુલ બચેલો. એ કબડ્ડી-કબડ્ડી કરતો ગયો પણ બેટમજીનો ટાંટિયો ઝલાઈ ગયો! બહુ જોર કરે, પણ ગોલવડના છ સાંઢિયા એને ચોંટી પડેલા!'

'પછી?' વિદિશા ઉત્તેજિત થઈ ગઈ.

'પછી વળી શું?' ઝરણાએ કહ્યું, 'મેહુલની આંખોમાં આંખો પરોવીને મેં કહેવા માંડ્યું. કમ ઓન મેહુલ, આઈ લઓ...ઓ...વ યૂ! આઈ લઓ...ઓ...ઓ...વ યૂ! યૂ કેન વિન ઇટ. મારી ઇજ્જતનો સવાલ છે, જાનુ! આઈ લઓ...ઓ...ઓ...વ યૂ... અને વુડ યૂ બીલિવ ઇટ? આ મેહુલિયાએ એવું જોર લગાવ્યું કે આખરી પાંચ સેકન્ડ બાકી હતી ત્યારે ટચલાઈન સુધી હથેળી પહોંચાડી દીધી!'


'વાઉ!' વિદિશા હર્ષથી નાચી ઊઠી. 'મતલબ કે મેચનો હીરો તો મેહુલ કહેવાય, નહીં?'

'ના મૅડમ!' મેહુલ હસવા લાગ્યો. 'હીરો તો 'લવ' કહેવાય. સાલું, લવમાં દુનિયાને ઝુકાવવાની તાકાત છે એવું તો સાંભળ્યું હતું પણ આઈ.. લવ.. યૂ.. આ ત્રણ શબ્દોમાં કબડ્ડીની કોઈ મેચ જિતાડવાની તાકાત હશે એ તો ઝરણાને લીધે ખબર પડી!'

ઝરણા અને મેહુલ એકબીજાના ખભે હાથ મૂકીને ખુલ્લા દિલે હસી રહ્યાં હતાં. આ તરફ વિદિશાના દિલમાં હળવો સરખો ધ્રાસકો પડી ગયો. શું મેહુલ ઝરણાના પ્રેમમાં પડી રહ્યો છે?



પુસ્તક પરિચય



જેનીફર પાર્કર પોતાની વકીલાતની કારકિર્દીમાં આગળ ધપી રહેલી સુંદર અને તેજસ્વી યુવતી છે. મેનહટ્ટનના ડિસ્ટ્રિક્ટ એટર્નીની ઑફિસમાં જોડાયાના ચોવીસ કલાકની અંદર એક માફિયા શહઝાદાના કારણે જેનીફરની કારકિર્દી જોખમમાં મુકાઈ જાય છે.


માઇકલ મોરેટ્ટી સોહામણો અને માથાભારે માફિયા છે. પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા તે કોઈ પણ હદ વટાવવા તૈયાર છે. તેના માર્ગમાં આવનારનું કાસળ કાઢતા તેને વાર નહીં લાગે... પછી ભલે તે સુંદર હોય કે મહત્ત્વાકાંક્ષી.

આમ શરૂ થાય છે સ્ફૂર્તિથી તરબતર બે ખેલંદાઓની જકડી રાખનારી કહાણી જેઓ દુનિયાના શ્રેષ્ઠ શહેરમાં અંતિમ સત્તા માટે સંઘર્ષ કરે છે.

આ ખતરનાક યુદ્ધમાં નફરત કરતાં પ્રેમ વધારે ઘાતક સાબિત થાય છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય




આવેશના આફ્ટરશોક વચ્ચે ધબકતી જિજીવિષાની કથા!

''મારી કથા તો રોલર કોસ્ટર જેવી છે'' એમ કહીને ધ્રુવી પોતાના જીવનમાં અનેક પુરુષોએ આચરેલા નકલી પ્રેમના અસલી ઉઝરડાની વાત કરે છે, શિવાની અને ભાવના જેવી યુવતીઓ પુરુષોની ઝાંઝવા જેવી લાગણીમાં છુપાયેલા બળબળતા લાવાથી દાઝી ગયાની વાત કહે છે તો બીજે છેડે પૂજા નામની યુવતી સાવ સૂકોભટ વગડો બનવા જઈ રહેલી પોતાની જિંદગી, વૃંદાવન બનીને ઝળહળે છે એની વાત કરે છે. ત્યારે પહેલો પ્રશ્ન એ થાય કે પૂજાના જીવનમાં એ અજવાળું કોણે પ્રગટાવ્યું? કોણ છે, જે પૂજાના અસ્થિર જીવનને સ્થિર બનાવે છે? એ જાણવા માટે તમારે આ નવલકથા વાંચવી જ રહી!

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



સ્વયંને શોધવા નીકળેલી સ્ત્રીની કથા

ભારતીય સાહિત્યનું સર્વશ્રેષ્ઠ સર્જન એટલે મહાભારત...

સદીઓ સુધી વિશ્વને મોહિત કરનાર આ કથાની નાયિકા એટલે દ્રૌપદી.

પહેલ પાડેલાં હીરાની જેમ પાસાંદાર અને ઝગમગતું વ્યક્તિત્વ ધરાવતી દ્રૌપદી ગમે તેટલી તેજસ્વી, ગમે તેટલી બુદ્ધિશાળી અને વેરના અગ્નિમાં પ્રજ્વલિત 'યાજ્ઞસેની' હોય તો પણ ભીતરથી એ એક સ્ત્રી હતી. સ્ત્રીનાં ઋજુ સંવેદનો હંમેશાં એની અંદર જીવ્યાં હશે, ક્યારેક સળવળ્યાં હશે એ સત્યને કોઈ નકારી શકે તેમ નથી!

વિશ્વની કોઈ પણ સફળ, સુંદર અને બુદ્ધિશાળી સ્ત્રીએ પોતાના વ્યક્તિત્વને અકબંધ રાખવા સંઘર્ષ કરવો જ પડે છે.

પ્રશ્ન પૂછવાનો અધિકાર એ કાળમાં પણ સ્ત્રી પાસે નહોતો અને આજે પણ પ્રશ્નનો પ્રતિઉત્તર મેળવવા માંગતી સ્ત્રીએ સમાજ સાથે સંઘર્ષમાં ઊતરવું જ પડે છે.

એક સ્ત્રીનાં લોહીમાં વહેતી, એના મનમાં ઊગેલી, એના હૃદયમાં ધબકતી અને મસ્તિષ્કમાં રહીને સતત એના અસ્તિત્વને તહસનહસ કરતી એક સર્વાંગ સંપૂર્ણ, સંવેદનશીલ નારીની આ કથા છે.

Listen 2 Dil આગળ વાંચો...



વિદિશાના મનમાં ઘમસાણ મચ્યું હતું. શું મેહુલ ઝરણાના પ્રેમમાં પડી રહ્યો હતો? પાછો એ બોલ્યો પણ કેવું? 'આઇ...લવ...યુ... આ ત્રણ શબ્દોમાં કબડ્ડીની કોઈ મેચ જિતાડવાની તાકાત હશે એ તો ઝરણાને લીધે ખબર પડી!'

શું પોતે પપ્પાને આપેલું પ્રોમિસ પાળવા જતાં મેહુલને ખોઈ બેસશે? છેક અડાલજની વાવ પાસે જઈને પેલા ચોકીદારની પત્નીની આખી વારતા કરી એમાંથી મેહુલે કંઈ જ હિન્ટ નહીં લીધી હોય? અરે, મેહુલને જે 'ટેબ' આપ્યું હતું એમાં તો અભિજાત અને વિદિશાના ઢગલાબંધ ફોટા હતા. એ તો ઠીક, અભિજાતનો પેલો પત્ર પણ હતો જેમાં એણે ધ્રૂજતા અક્ષરે લખેલું કે 'મારી ખાલી પડેલી જગા પૂરી શકે એવું કોઈ મળે તો તેને અપનાવી લેજે... લિસન ટુ દિલ...'

છતાં મેહુલ કંઈ સમજ્યો જ નહીં હોય? એક ક્ષણે તો વિદિશાને થઈ આવ્યું કે ભલે કૉલેજમાં બદનામી થતી હોય તો થાય, પણ મેહુલને એકવાર સામે બેસાડીને પોતાના દિલની વાત કહી જ દેવી જોઈએ. બીજી ક્ષણે મનમાં થતું હતું કે શું મેહુલના મનમાં એના માટે ખરેખર 'પ્રેમ' હશે? કે માત્ર સહાનુભૂતિ?



'હેલો ગાય્ઝ એન્ડ ગર્લ્સ! આઇ લઓ...ઓ...ઓ...વ યુ!!'

કૉલેજમાં ઇલેક્શનો આવી પહોંચ્યાં હતાં. કૉલેજ શરૂ થતાં પહેલાં, રિસેસમાં અને કૉલેજ પતે પછી ઝરણાનો આ બુલંદ અવાજ આખી કૉલેજમાં ગુંજી ઊઠતો હતો.

હા, ઝરણા LR યાને કે લેડીઝ રિપ્રેઝેન્ટેટિવ તરીકે ચૂંટણીમાં ઊભી રહી હતી. તેની જોડે મેહુલ તો હોય જ? એ ES યાને કે એન્ટરટેઇનમેન્ટ સેક્રેટરી માટે ઊભો હતો. મેહુલ, ઝરણા અને બીજા છ ઉમેદવારોએ એમની પેનલ બનાવી હતી. એનું નામ રાખ્યું હતું 'પેનલ દિલ સે...' ગુલાબી રંગનાં હાર્ટ ચીતરેલાં બેનરો અને પોસ્ટરો વચ્ચે ઝરણા એકાદ ખુરશી ઉપર કે ખોખા ઉપર ચડી જતી અને તેના મસ્તીથી છલકતા અંદાજમાં સ્પીચ આપતી.

'દોસ્તો, એ કહેવત ખોટી છે કે એવરીથિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર... હું કહું છું કે એવરીથિંગ 'મસ્ટ બી' ફેર ઇન લવ એન્ડ વોર! દોસ્તો, જે ઇજ્જત આપણે આપણા પ્રિય પાત્રને આપીએ છીએ એટલી જ ઇજ્જત આપણા હરીફને, આપણા દુશ્મનને પણ આપવી જોઈએ! એ લોકોને અમારા વિશે જે કહેવું હોય તે ભલે કહેતા પણ અમે તો એમને પણ કહીએ છીએ કે... વિ લઓ...ઓ...ઓ...વ યુ!'

કૉલેજના સ્ટુડન્ટોએ ચૂંટણીની આવી સ્ટાઇલ કદાચ પહેલી જ વાર જોઈ હતી. મોટેભાગના સ્ટુડન્ટો ઝરણાની આ સ્ટાઇલ ઉપર ફિદા હતા. ઝરણા કહેતી હતી. 'ફ્રેન્ડ્ઝ, લવ તો અમૃત છે અને વોર એ ઝેર છે. લવ ઇઝ પ્યૉર એન્ડ વોર ઇઝ સો ડર્ટી!'

વિદિશાને પણ ઝરણાની આવી તોફાની સ્પોન્ટેનિયસ સ્પીચો સાંભળવાની બહુ મઝા આવતી હતી. તે અવારનવાર સ્ટુડન્ટોનાં ટોળાં પાછળ દૂર ઊભી રહીને ઝરણાને સાંભળતી રહેતી હતી. મનમાં થતું હતું કે કેવી પાણીના ઝરણા જેવી તરખાટી છોકરી છે! બે ઘડી માટે એ ભૂલી જતી હતી કે મેહુલને આ જ છોકરી તેનાથી દૂર ખેંચી જશે.



જોકે ઝરણાનું આ 'લઓ...ઓ...ઓ...વ યુ' વાળું સ્લોગન કૉલેજના પ્રોફેસરો અને ફેકલ્ટી મેમ્બરોને પસંદ નહોતું. એટલું જ નહીં, વિદિશા ઝરણા-મેહુલ અને તેમની ગેન્ગ સાથે વધારે હળતીમળતી હતી એ વાત પણ એમને પસંદ નહોતી. આફ્ટર ઓલ, વિદિશાને કૉલેજમાં આસિસ્ટન્ટ ફેકલ્ટી તરીકે જોડાયાને હજી એક વરસ પણ પૂરું થયું નહોતું. વિદિશાની વધતી જતી પોપ્યુલારિટી પણ એમની ઇર્ષ્યાનું કારણ હતી.

'વૉટ ડુ યુ થિંક મિસ વિદિશા, કૉલેજમાં આ ઇલેક્શનો ચાલી રહ્યાં છે કે રોમાન્સ?'

વિદિશા એક બપોરે જ્યારે લન્ચ ટાઇમ માટે સ્ટાફ-રૂમમાં દાખલ થઈ ત્યારે એક પ્રોફેસરે તેની તરફ જોઈને આ સવાલ ફેંક્યો. વિદિશાએ સહેજ હસીને કહ્યું. 'રોમાન્સ? પ્રોફેસર સાહેબ, આમાં તમને રોમાન્સ ક્યાં દેખાયો?'

'રોમાન્સ નહીં તો શું! આખો દહાડો લઓઓવ યુ... લઓઓવ યુની બૂમો પડ્યા કરે છે! કંઈ સારું લાગે છે?'

વિદિશા ઉત્તેજિત થઈને એ પ્રોફેસરને ચોપડાવવા જતી હતી ત્યાં વાઇસ પ્રિન્સિપાલ મિસિસ પંડ્યા સ્ટાફ-રૂમમાં આવતાં દેખાયાં. વિદિશાએ વાતને જુદી રીતે વાળી.

'પ્રોફેસર સાહેબ, લવનો એકમાત્ર અર્થ રોમાન્સ નથી. પ્રેમની અનેક પરિભાષાઓ છે. મિત્રો વચ્ચેનો પ્રેમ, મા-બાપ માટેનો પ્રેમ અને અહીં તો આ છોકરી દુશ્મનો માટે પણ પ્રેમની વાત કરી રહી છે! આજે ભલભલા, કેમ્પસો ઝેરી પોલિટિકલ પ્રચારની લેબોરેટરી બની ગયાં છે. એના બદલે ઝરણા અને મેહુલ જેવા સ્ટુડન્ટો જો કાલે ઊઠીને પોલિટિક્સમાં એન્ટ્રી લેશે તો યુવા નેતાઓ કંઈક તો નવી પોઝિટિવિટી લઈને આવશે ને!'

પ્રોફેસર સાહેબનું મોં સિવાઇ ગયું. મિસિસ પંડ્યા વિદિશાની દલીલથી ખુશ થયાં, 'વિદિશા, તારે ઇંગ્લિશ લિટરેચરને બદલે પોલિટિકલ સાયન્સના ક્લાસ લેવા જેવા છે!'



કૉલેજના ઇલેક્શનમાં ઉમેદવારી અને વોટિંગ વચ્ચે માત્ર પંદર જ દિવસનો ગાળો હતો. એ દિવસોમાં આખી કૉલેજમાં એવો જબરદસ્ત ધમધમાટ હતો કે વિદિશા મેહુલને અલગ બેસાડીને પોતાના દિલની વાત કરી શકે એવો માહોલ જ ક્યાં હતો! એમાં વળી ઝરણા અને મેહુલ સતત વિદિશાની આસપાસ વીંટળાયાં કરતાં હતાં. 'મૅડમ, આ પોસ્ટર કેવું લાગે છે? આ બેનર ક્યાં લગાડવા જેવું છે?'

ઝરણા તો વિદિશાને 'વિદિ-દીદી' કહેતી થઈ ગઈ હતી. 'ઓ વિદિદીદી! વિદિદીદી! વિદિદીદી! આ મેહુલિયાને કંઈ કહો ને? જ્યાં ને ત્યાં એની ગિટાર ખખડાવવા બેસી જાય છે! અલ્યા, અહીં ઇલેક્શનને ખાલી ત્રણ જ દહાડા બાકી રહ્યા છે. આપણે વન-ટુ-વન બધાને મળવાનું હોય, એના બદલે ભાઈસાહેબ કોન્સર્ટ કરવા બેસી જાય છે! મને તો ટેન્શન થઈ રહ્યું છે...'

'કશું ટેન્શન કરવાની જરૂર નથી.' વિદિશાએ ઝરણાનો ગાલ થપથપાવીને કહ્યું 'ઇલેક્શન તો તું જ

જીતવાની છે! તારું જે આ આઇ લઓ...ઓ...ઓ...વ યુ છે ને, એ બધાને બહુ ગમી ગયું છે. ઇન ફેક્ટ, મેં તો સ્ટાફ-રૂમમાં બધા આગળ કહી દીધું કે દેશના ભવિષ્યના લીડરો તારા જેવા હોવા જોઈએ!'

'ઓ, રિયલી! આઇ લઓ...ઓ...ઓ...વ યુ વિદિદીદી!' ઝરણાએ તેના ગાલ ઉપર જોરથી બકી કરી લીધી. એ સતત ખિસકોલીની માફક ઊછળી રહી હતી.

મેહુલે તરત એના વાળ ખેંચ્યા. 'આ શું માંડ્યું છે દીદીદીદી... દીદીદીદી...? એ આપણાં મૅડમ છે, જરા રિસ્પેક્ટથી વાત કર!'

'ના હોં? કશી જરૂર નથી. ઝરણા મારી નાની બહેન હોય એ જ બરોબર છે! અલ્યા મૅડમ તો હું તારી છું કારણ કે હું તને ભણાવું છું. ઝરણા ક્યાં મારી સ્ટુડન્ટ છે? એ તો સાયન્સમાં છે.'

'યસ્સ વિદિદીદી! આઇ લઓ...ઓ...ઓ...વ યુ!' ગાલ ઉપર વધુ એક બકી!

ઝરણાની હાજરીમાં જ કંઈક એવું હતું કે વિદિશા બધું જ ભૂલી જતી હતી. એક તો શરીરે મજબૂત, મનથી મસ્તીખોર અને ઉપરથી સાવ નાની બેબલીઓ જેવી ભોળી અને નાદાન! ઝરણા કોને ના ગમી જાય? વાંક મેહુલનો પણ ક્યાં હતો!



'વિદિશા પ્લીઝ કમ ટુ માય કેબિન. ધેર ઇઝ વન સિરિયસ મેટર...'

વિદિશા બીજા દિવસે સવારે કૉલેજમાં આવી કે તરત મિસિસ પંડ્યાએ તેને ફોન કરીને કેબિનમાં બોલાવી. અંદર દાખલ થતાં જ વિદિશાએ જોયું કે મિસિસ પંડ્યાએ તેમનું લેપટોપ ખોલીને રાખ્યું હતું. એમાં વિદિશાનો એક વિડિયો હતો. મિસિસ પંડ્યાનો અવાજ ગંભીર હતો.

'વિદિશા, સ્ટુડન્ટ્સ સાથે ફ્રેન્ડલી થવું એ અલગ વાત છે, પણ ઇલેક્શન માટે એમનો પ્રચાર કરવો એ કૉલેજના એથિક્સની વિરુદ્ધ છે. એક ફેકલ્ટી મેમ્બર થઈને તમે એવું ના કરી શકો.'

વિદિશા ડઘાઈ ગઈ. 'મૅડમ, મેં ક્યારે કોઈનો પ્રચાર કર્યો?'

જવાબમાં મિસિસ પંડ્યાએ વિડિયો ચાલુ કર્યો. જસ્ટ આગલા જ દિવસે વિદિશાએ ઝરણાને જે કહ્યું હતું કે 'ઇલેક્શન તો તું જ જીતવાની છે...' તે આખેઆખું મેહુલે તેના મોબાઇલમાં રેકોર્ડ કરીને ઝરણા-મેહુલની પેનલના ફેસબુક પેજમાં મૂકી દીધું હતું!

વિદિશા ચોંકી ગઈ. 'મૅડમ, આ વિડિયો મેહુલે મારી જાણ બહાર ઉતાર્યો છે. તમારી વાત સાચી છે. આ તો હરગિજ ચલાવી લેવાય નહીં! મિસિસ પંડ્યા, હું તો કહું છું કે હમણાં ને હમણાં મેહુલને બોલાવીને એને કૉલેજમાંથી સસ્પેન્ડ કરી દો! ધીસ ઇઝ ચીટિંગ!'



મેહુલને તાત્કાલિક કેબિનમાં બોલાવવામાં આવ્યો. વિદિશાએ તેને એવો ખખડાવી નાખ્યો કે બિચારાનો ચહેરો રીતસર ફિક્કો પડી ગયો. વિદિશાનો રોષ હજી શમ્યો નહોતો. 'મૅડમ, આ છોકરાને અત્યારે ને અત્યારે સસ્પેન્શન લેટર આપી દો! આઇ ઇન્સિસ્ટ!'

મેહુલ સતત મોં નીચું રાખીને 'આઇ એમ સૉરી' બોલતો રહ્યો પણ વિદિશા ટસથી મસ ના થઈ. બહાર જઈને તેણે ટાઇપિસ્ટને ડિટેક્શન આપીને સસ્પેન્શન લેટર પણ ટાઇપ કરાવી નાખ્યો. વિદિશાને ગુસ્સો એટલા માટે આવી રહ્યો હતો કે મેહુલે તેના પર્સનલ ફ્રેન્ડલી વર્તનનો ખોટી જગ્યાએ મિસ-યુઝ કર્યો હતો. મેહુલની હાલત તો જનમટીપની સજા સંભળાવેલા કોઈ કેદી જેવી થઈ ગઈ હતી. વિદિશા એના મોં ઉપર લેટર ફેંકીને બહાર નીકળી ગઈ.



એ ઘટનાને બે કલાક વીતી ચૂક્યા હતા છતાં વિદિશાના મગજનો ધમધમાટ હજી શાંત થયો નહોતો. કૉલેજ પતી ગયાનો બેલ વાગી ગયો, સ્ટાફ-રૂમમાંથી બધા જતા રહ્યા, છતાં વિદિશા ત્યાં જ બેઠી હતી. 'મે આઇ કમ ઇન, મૅડમ?'

વિદિશાએ જોયું તો ઝરણા સ્ટાફ-રૂમના દરવાજે ઊભી હતી. બિચારી સાવ નીચોવાઇ ગયેલી લાગતી હતી. વિદિશાને પણ નવાઈ લાગી. ક્યાં સતત ખિસકોલીની માફક ઊછળતી ઝરણા અને ક્યાં આ ચકલીના માળામાંથી પડી ગયેલા કોઈ બચ્ચા જેવી ગભરુ ઝરણા? વિદિશાએ સહેજ હળવાશ લાવવા કહ્યું:

'મૅડમ મૅડમ શેની કરે છે? વિદિદીદી નથી કહેવાતું?'

આટલું સાંભળતાં જ ઝરણાની આંખો ચમકી. કોઈ હરણીની જેમ ઊછળતી તે વિદિશા પાસે આવી પહોંચી. તેના બંને હાથ પકડીને તે કહેવા લાગી. 'પ્લીઝ, દીદી, હવે તો મેહુલને માફ કરી દો?'

'શી રીતે કરાય?' વિદિશા બોલી 'શું મેં તમારો પ્રચાર કર્યો છે? તમને કોઈ મદદ સુધ્ધાં કરી છે? તમે જ મારી આસપાસ વીંટળાતાં રહેતાં હતાં... અને, પેલો પેલો વિડિયો? કોને પૂછીને શૂટ કર્યો? કોને પૂછીને અપ-લોડ કર્યો? આજે આવો વિડિયો છે, કાલે ઊઠીને શી ખબર કેવો વિડિયો-' વિદિશા અટકી ગઈ.

'મેહુલને આટલો નાદાન નહોતો ધાર્યો! એને એની સજા મળવી જ જોઈએ.'

'સજા તો દીદી, મળી ગઈ છે.'

ઝરણા બોલી કે તરત વિદિશાના કાન અધ્ધર થઈ ગયા. 'શું સજા મળી?'

ઝરણાએ નજર નીચી કરતાં કહ્યું 'મારી અને મેહુલની આખી પેનલ ઇલેક્શનમાંથી બહાર નીકળી ગઈ છે. મિસિસ પંડ્યા તો મેહુલને કૉલેજમાંથી કાઢી મૂકવાના મૂડમાં હતાં, પણ એમણે જ કહ્યું કે વિદિશા મૅડમની પર્સનલ રિક્વેસ્ટને એમણે ધ્યાનમાં લીધી છે, એટલે...'

વિદિશા સમજી ગઈ કે મિસિસ પંડ્યાએ તેનું નામ આગળ ધરીને મેહુલને બચાવી લીધો હતો પણ મેહુલ તો આખી વાત જાણતો હતો! એ બીજાઓ આગળ કંઈ બોલ્યો જ નહીં હોય? અને આ તેની નાદાનીનું લક્ષણ હતું કે મેચ્યૉરિટીનું?



ઇલેક્શનો પતી ગયાં. ઝરણા-મેહુલની પેનલ જ બહાર નીકળી ગઈ એટલે સ્પર્ધા જેવું કંઈ રહ્યું જ નહીં, પરંતુ એ પછી મેહુલ સતત વિદિશાથી દૂર રહેવા લાગ્યો. એ ક્લાસ એટેન્ડ કરતો, એસાઇનમેન્ટો બહુ રસપૂર્વક સબમિટ કરતો, ક્લાસમાં ડિસ્કશનોમાં પણ પૂરેપૂરો ભાગ લેતો પણ જેવો વિદિશાનો ક્લાસ પતે કે તરત જાણે પોતાના કોચલામાં પાછો સંતાઈ જતો હતો. વિદિશાને મનમાં થતું હતું કે તેણે મેહુલ માટે વધારે પડતી સખ્તાઈ બતાડી. નાનકડી ભૂલ માટે સજા તો મેહુલને થઈ ગઈ પણ અંદરોઅંદર ભોગવવાનું વિદિશાને આવી રહ્યું હતું.



સમય સરકી રહ્યો હતો. ચોમાસું બેસી ગયું.

એક દિવસે કૉલેજ છૂટવાના સમયે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. વરસાદ ઓછો થાય તેની રાહ જોતાં વિદિશા સ્ટાફ રૂમમાં બેસી રહી. લગભગ બધા જતા રહ્યા પછી તે નીકળી. આછો આછો વરસાદ હજી ચાલુ હતો. છત્રી ખોલીને વિદિશા તેની પાર્ક થયેલી કાર તરફ જતી હતી ત્યાં તેને ઝરણાનો અવાજ સંભળાયો:

'લુક ઇન ટુ માય આઇઝ એન્ડ ટેલ મી, ધેટ યુ લવ મી!' ઝરણાએ મેહુલને તેના શર્ટના કોલર ખેંચીને પકડી રાખ્યો હતો. મેહુલને તેણે અચાનક ઝાટકો માર્યો. ઝાટકા સાથે જ મેહુલનું બેલેન્સ ગયું. તે ઝરણા ઉપર પડ્યો. એ જ વખતે ઝરણાનો પગ લપસ્યો... બંને ખડખડાટ હસી રહ્યાં હતાં.

વિદિશાને લાગ્યું કે તેના દિલમાં ક્યાંક બહુ મોટું ધોવાણ શરૂ થઈ ગયું છે.



પુસ્તક પરિચય

આવતીકાલની શોધમાં નીકળેલી 'આજ'ની જિંદગી...

ક્રાન્તિકારી ચિંતક અને વિચારક ઓશોનું એક વિધાન છે...

Life is a long way with so many unseen diversions!

*


સ્થૂળ રસ્તામાં આવતા વળાંકો તો જોઈ શકાય છે
પણ જિંદગીના રસ્તામાં આવતા સૂક્ષ્મ વળાંકો જોઈ નથી શકાતા,
એ તો માત્ર અનુભવી જ શકાય.

*

માત્ર વીસ વર્ષની ચંચળ અને ઊછળકૂદ કરતી એક છોકરી,
લગ્ન કર્યા પહેલાં જ એક ગંભીર અને ઠરેલ સ્ત્રી
કેવી રીતે બની જાય છે?
માનસિક અપંગ સમાજની કઈ દગાબાજીને કારણે
ગઈકાલ વગરની છોકરી પોતાની આવતીકાલને શોધતી શોધતી
'આજ'ની વ્હીલ ચેર સુધી પહોંચી ગઈ?

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.


પુસ્તક પરિચય



પ્રેમની સંવેદનશીલ કથા

અમેરિકન લેખક ઍરિક સેગલની આ નવલકથા 'લવ સ્ટોરી' પ્રકાશિત થઈ ત્યારથી આજ સુધી દુનિયાભરના વાચકોનાં મન પર છવાયેલી રહી છે. આ બેસ્ટ સેલર નવલકથાનો વિશ્વભરની તેત્રીસથી વધારે ભાષાઓમાં અનુવાદ પ્રગટ થયો છે.

આ એક સામાન્ય કથા નથી... આ એક અદ્‌ભુત લવ સ્ટોરી છે. જે વ્યક્તિ આ પુસ્તક વાંચશે તે વાચક તરીકે પોતાનું અસ્તિત્વ ભૂલીને પોતે આ કથાનું જ એક પાત્ર છે તેવું અનુભવશે... તમે આ 'લવ સ્ટોરી'ના માત્ર વાચક નહીં રહી શકો.





'લુક ઇન ટુ માય આઇઝ એન્ડ ટેલ મી ધેટ યુ લવ મી!'

વરસતા વરસાદમાં કૉલેજના કમ્પાઉન્ડમાં વિદિશાએ એ દશ્ય જોયું અને એને લાગ્યું કે તેના દિલમાં ક્યાંક બહુ મોટું ધોવાણ થઈ રહ્યું છે. ઝરણાએ ઝાટકો મારીને મેહુલનું શર્ટ ખેંચીને પોતાની તરફ ગબડાવી પાડ્યો. મેહુલ ઝરણાની ઉપર પડ્યો. બંને ખડખડાટ હસી રહ્યાં હતાં...

'વૉટ નોન્સેન્સ...' વિદિશા બબડી ઊઠી. તે ઝડપથી પોતાની કાર તરફ ચાલવા લાગી. પાછળથી મેહુલનો અવાજ આવ્યો.

'વિદિશા મૅડમ, પ્લીઝ...' એ દોડતો આવીને કહેવા લાગ્યો. 'મૅડમ, તમે સમજો છો એવું કશું નથી!'

'શટ અપ! એન્ડ ગેટ આઉટ!' વિદિશા તમતમી ઊઠી. 'કૉલેજનો આ ગાર્ડન આવા તમાશા કરવા માટે બનાવ્યો છે? શરમ આવવી જોઈએ તમને! જસ્ટ લીવ ધ કૉલેજ કેમ્પસ ઇમિજિએટલી બિફોર આઇ ડુ એનીથિંગ...'

વિદિશાનું તમતમી ગયેલું મોં જોઈને મેહુલ છોભીલો પડી ગયો. તે 'સૉરી' કહેવા પણ ન રોકાયો. ઝરણા તેની પાછળ પાછળ ગઈ કે નહીં તે જોવાની પરવા કર્યા વિના વિદિશા કારમાં જઈને બેસી ગઈ. તેનું મગજ ફાટફાટ થઈ રહ્યું હતું.

આ શું થવા બેઠું છે? જે મેહુલને પોતે અભિજાતનું સ્થાન આપવાનું નક્કી કરીને બેઠી હતી એ આવો નીકળ્યો? એને છેક અડાલજની વાવ સુધી લઈ જઈને આખી વારતા સંભળાવવાનો કંઈ અર્થ જ ન રહ્યો? અભિજાતના ફોટા અને પત્રોથી ભરેલું આખેઆખું 'ટેબ' જોયા પછી યે મેહુલે કંઈ હિન્ટ ન લીધી? અને આ ઝરણા... એ અચાનક ક્યાંથી ફૂટી નીકળી?

ધોધમાર વરસાદ ફરીથી તૂટી પડ્યો... વિદિશા ક્યાંય લગી કારમાં જ બેસી રહી. મનનો ધૂંધવાટ કેમે કરી શમતો નહોતો. કારનાં વાઇપર્સ ડાબે-જમણે ફરીને કાચ સાફ કરવાના પ્રયાસ કરી રહ્યાં હતાં પણ વરસતા વરસાદમાં કાચ વધુ ને વધુ ધૂંધળો બની રહ્યો હતો...

આખરે વરસાદ થોડો ધીમો પડ્યો ત્યારે વિદિશાએ કાર સ્ટાર્ટ કરી. સુરતના રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં હતાં. ચારેબાજુ જળબંબાકાર જઈ ગયું હતું. છેલ્લા બે કલાકથી સતત વરસતા વરસાદમાં કયા રોડ ઉપર કેટલું પાણી ફરી વળે છે તેની સુરતના લોકોને તો ખબર હોય, પણ વિદિશાને તેનો કોઈ અંદાજ નહોતો. એમાં જ એણે વધુ એક ભૂલ કરી....



વિદિશા ફસાઈ ગઈ હતી...

એક ઠેકાણે રસ્તા ઉપરના પાણીમાંથી બે-ચાર બાઇકોવાળાને ધમધમતી સ્પીડે નીકળી જતાં જોયા એટલે વિદિશાએ પણ કારને એ રસ્તે ઘુસાડી હતી. પણ થોડે આગળ જતાં જ તેની કાર પાણીમાં ફસાઈને બંધ પડી ગઈ.

વિદિશાએ ચોથી વાર ઇગ્નિશનની ચાવી ઘુમાવી... એક વિચિત્ર અવાજ પછી કાર સાવ બંધ પડી ગઈ. એ પછી વારંવાર ચાવી ઘુમાવવાથી કશું થતું જ નહોતું! અચાનક વિદિશાની નજર ડેશબોર્ડના ડિસ્પ્લે ઉપર પડી. એમાં બતાડતું હતું કે 'બેટરી' સાવ ઊતરી ગઈ છે! હવે?

વિદિશાનો ગભરાટ વધવા લાગ્યો. કારની અંદરની લાઇટો પણ ચાલુ નહોતી થતી. વાઇપર અટકી ગયાં હતાં. વિદિશાએ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો... પણ દરવાજો ચસક્યો નહીં. કાર 'સેન્ટ્રલી લૉક' થઈ ગઈ હતી!

વિદિશાએ છાપાંઓમાં વાંચ્યું હતું કે 2005ના મુંબઈના પૂરમાં આ જ રીતે કાર સેન્ટ્રલી લૉક થઈ જવાથી એમાં બેઠેલા મુસાફરો ગૂંગળાઇને મરી ગયા હતા! વિદિશાએ ફરીવાર દરવાજા ખોલવા માટે ધમપછાડા કરી જોયા. દરવાજાએ જરાય મચક ન આપી. કાચમાંથી બહાર જોતાં પૂરેપૂરો સન્નાટો દેખાતો હતો. કોઈ કહેતાં કોઈ વાહન આ તરફથી ફરકી રહ્યું નહોતું. એવામાં વિદિશાને અચાનક ભાન થયું કે કારના નીચલા ભાગમાં પાણી ભરાવા માંડ્યું છે! તેના સેન્ડલ પાણીમાં ડૂબી ગયાં હતાં! વિદિશાને પરસેવો વળી ગયો.

'ટ્રીન... ટ્રીન...' અચાનક વિદિશાની પર્સમાં મૂકેલા ફોનમાં રિંગ વાગી.

પર્સ બાજુની સીટ ઉપર પડ્યું હતું. વિદિશા ફટાફટ પર્સ ખોલીને ઝડપથી મોબાઇલ બહાર કાઢવા ગઈ એમાં મોબાઇલ હાથમાંથી છટકીને સીટ નીચે સરકી ગયો!

'ઓહ ગોડ...' ઝૂકીને વિદિશાએ મોબાઇલ શોધવા હાથ વડે ફાંફાં માર્યાં. જેમ તેમ કરીને મોબાઇલ પાણીમાંથી બહાર કાઢ્યો ત્યારે જોયું કે પાણી ભરાવાથી તે સાવ 'ડેડ' થઈ ગયો હતો!

હવે? વિદિશા સુરતના પાણીથી ઉભરાતા રોડની વચ્ચોવચ જાણે કાળકોટડીમાં કેદ થઈ ગઈ હતી.

તેણે ચીસો પાડવા માંડી. બારીના કાચ ઉપર હાથ પછાડવા માંડ્યા પણ અહીં આસપાસ જોનાર કે સાંભળનાર કોઈ હતું જ નહીં... વિદિશા હતાશ થઈને રડવા લાગી. શું અભિજાત સાથે તેને મિલાવવાની કુદરતે આ જ રીત શોધી રાખી હતી? તે સ્ટિયરિંગ પર માથું નાંખીને ડૂસકાં ભરવાં લાગી...

એક તરફ બહાર ધોધમાર વરસાદ અને બીજી તરફ લોક થઈ ગયેલી કારની અંદર વિદિશાનું રૂદન... ન વરસાદ વિદિશાને સાંભળી શકતો હતો કે ન વિદિશા વરસાદને... ખાસ્સીવાર સુધી રડ્યા પછી વિદિશાને ગળે ડૂમો ભરાઈ આવ્યો. તેનો શ્વાસ પણ રૂંધાઈ રહ્યો હતો. એક ક્ષણે તો લાગ્યું કે બસ, હવે આ કદાચ છેલ્લા જ શ્વાસો છે. અને જો એમ હોય તો તેના માટે જવાબદાર કોણ?

ઝરણા? મેહુલ? કે તેની પોતાની તકદીર? વિદિશાને કંઈ જ સમજાતું નહોતું.

અચાનક વિદિશાને એક કડાકો સંભળાયો! પહેલાં તો લાગ્યું કે વીજળીનો ભયંકર કડાકો છે પણ પછી ખ્યાલ આવ્યો કે તેની કારના કાચ ઉપર કોઈ લોખંડી વસ્તુથી ભારે પ્રહાર થયો છે! વિદિશાના ગરમાગરમ ઉચ્છ્‌વાસોથી કારના કાચ અંદરથી ધૂંધળા થઈ ચૂક્યા હતા. બહાર કોણ છે તે દેખાતું જ નહોતું. ધડાધડ અનેક પ્રહાર થયા પછી કારનો 'અનબ્રેકેબલ' ગ્લાસ આખરે તૂટ્યો. તૂટેલા ભાગમાંથી એક અવાજ સંભળાયો. 'મૅડમ! ડરશો નહીં! હું આવી ગઈ છું!!'

એ અવાજ ઝરણાનો હતો!



'... પણ તું ત્યાં પહોંચી શી રીતે? તને શી રીતે ખબર પડી કે હું કારમાં ફસાઈ ગઈ છું?'

વિદિશાના હાથે અને ખભા ઉપર તૂટેલા કાચના થોડા ઘસરકા થયા હતા. ઝરણાએ તેને ઉર્વીના ઘરે સહીસલામત પહોંચાડી હતી. વિદિશાના સવાલનો જવાબ ઝરણા સીધી રીતે આપે તો ઝરણા શાની? એ પોતાના ટીશર્ટની બાંય ખસેડીને બાવડું ફુલાવતાં બોલી 'મૅડમ! આઇ એમ ધ સુપરવુમન ઑફ સુરત!'

'બેસ બેસ દોઢ ડાહી!'

ઉર્વી હસવા લાગી. 'વિદિ, તું કૉલેજ છૂટ્યાના બે કલાક પછીયે ન આવી ત્યારે મેં તને ફોન કર્યો પણ થોડી રિંગ વાગ્યા પછી ફોન જ ડેડ થઈ ગયો! હું ગભરાઈ ગઈ. પહેલાં મેં મેહુલને ફોન કર્યો. એનો નંબર બિઝી આવતો હતો એટલે મેં ઝરણાને ફોન કર્યો.'

'અને ઝરણા તો નવરી જ હોય ને? સુપરવુમનનાં પરાક્રમો કરવા માટે! કારણ કે આ સુપરવુમનને ખબર હતી કે વિદિદીદીનો કૉલેજથી ઘરે જવાનો રસ્તો કયો છે. સુપરવુમને તરત જ શોધી કાઢ્યું કે દીદીએ ક્યાં ડૂબકી મારી હશે!'

'બેસ બેસ મોટી સુપરવુમન ન જોઈ હોય તો!' ઉર્વીએ ઝરણાના માથે ટપલી મારતાં કહ્યું. 'વિદિશા, એ તને બચાવવા માટે બીજા બે-ત્રણ જણાને લઈને પહોંચી હતી.'

ઝરણાએ મોં ફુલાવ્યું. 'લો! મારી વિદિદીદીને બચાવવા સુપરમેને એકાદ બે બેટમેન-રોબિનની મદદ તો લેવી જ પડે ને?'

ખિલખિલાટ હસી રહેલી ઝરણા વિદિશાને બાઝી પડી. વિદિશાને થયું, અરેરે, આ જ છોકરી માટે એકાદ કલાક પહેલાં હું કેવું વિચારતી હતી? વિદિશાએ એને બાથમાં લઈને તેના ગાલ ઉપર વહાલથી બકી કરતાં કહ્યું, 'આઇ લઓ...ઓ...ઓ...વ યુ, હોં!'

'જોયું આવી ગયાને મારી લાઇનમાં!' ઝરણા ખડખડાટ હસી પડી. હા, વિદિશાને હજી એક વિચાર સતાવતો હતો કે મેહુલ કેમ ક્યાંય દેખાયો નહીં?



'વિદિદીદી... વિદિદીદી! તમારી જોડે એક ખાસ વાત કરવી છે.'

ઝરણા ત્રણ દિવસથી વિદિશાની પાછળ પડી હતી. આમ તો ઇલેક્શનમાં ઝરણાની આખી પેનલ ડિસ્ક્વૉલિફાય થવાથી તે LR નહોતી બની શકી પરંતુ કૉલેજની તમામ એક્ટિવિટિઝમાં ઝરણા જ આગળ આવીને બધો કારોબાર સંભાળતી હતી. આખું ઇલેક્શન 'વૉર'ને બદલે 'લવ' ઉપર આધારિત હતું એટલે જીતેલી પેનલના મેમ્બરોને પણ એનો કોઈ ખાસ વાંધો નહોતો. એના કારણે ઝરણાની સાથેસાથે મેહુલ પણ તમામ એક્ટિવિટીમાં સતત જોડાયેલો રહેતો હતો.

કૉલેજની આ બધી પ્રવૃત્તિઓની જવાબદારી હરીફરીને વિદિશા પાસે જ આવતી હતી એટલે મેહુલ સતત તેના ટચમાં તો રહેતો હતો. બસ, તેના વર્તનમાં કંઈક ફરક પડી ગયો હતો. અગાઉ તેની વાતોમાં જે તોફાન અને નટખટપણાની છાંટ રહેતી હતી તે ગાયબ હતી.

'વિદિદીદી, આજે તો ટાઇમ કાઢવો જ પડશે.' ઝરણા તેને કૉલેજની લૉબીમાં આંતરીને ટ્રાફિક પોલીસની જેમ બે હાથ પહોળા કરીને ઊભી થઈ ગઈ.

વિદિશા હસી પડી. 'બોલ, શું હતું?'

'અહીં લૉબીમાં નહીં...' ઝરણા તેને કૉલેજના ગાર્ડનની બેન્ચ પાસે લઈ ગઈ. એના ચહેરા ઉપર કંઈ જુદા જ પ્રકારના હાવભાવ સંતાકૂકડી રમી રહ્યા હતા.

'ઓકે, બોલ, શું કહેવું છે?'

વિદિશાએ આવું પૂછ્યું કે તરત ઝરણા ખસીને તેની પાસે આવી ગઈ. વિદિશાનો હાથ પોતાના બંને હાથમાં પકડીને જાણે કેટલા દિવસથી ગોખી રાખ્યું હોય તેમ પટપટ બોલવા લાગી.

'વિદિદીદી... પેલો મેહુલ છે ને, એ માત્ર ને માત્ર તમારું જ કહ્યું માને એવો છે, તમે એને મળીને પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ, એકવાર સમજાવોને કે હું એને સખ્ખત સખ્ખત સખ્ખત પ્રેમ કરું છું!'

આ સાંભળતાં જ વિદિશાનો ચહેરો ફિક્કો પડી ગયો. હૃદય બે ધબકારા ચૂકી ગયું. આખરે જે વાતનો ડર હતો તે સાચો પડ્યો. જે હકીકતથી તે અત્યાર સુધી આંખ આડા કાન કરી રહી હતી તે સામે આવીને ઊભી હતી. વિદિશાની જીભ થોથવાઈ ગઈ.

'પ- પણ એ મેહુલ છે ક્યાં? બે દિવસથી દેખાયો પણ નથી.'

'ભાઈસાહેબને અહીંનું ભણવાનું પૂરું થાય કે તરત ફોરેનની કોઈ યુનિવર્સિટીમાં એડમિશન લેવું છે એટલે એ પાસપોર્ટ વિઝા માટે મુંબઈના આંટા મારી રહ્યો છે.' ઝરણા ફરી ખિસકોલીની જેમ ઊછળી 'વિદિદીદી... આ મેહુલિયો અહીંથી ફોરેન ભાગી જાય એ પહેલાં મારે એની જોડે પરણી જવું છે.'

વિદિશાના દિલમાં ચીરા પડી રહ્યા હતા છતાં તેણે માંડમાંડ સ્વસ્થ ચહેરો રાખતાં કહ્યું. 'ઝરણા, તેં તો એને કીધું જ છે ને, કે યુ લવ હિમ? તે દિવસે અહીં વરસાદ પડતો હતો ત્યારે જ તો તેં-'

'બસ, એ જ પ્રોબ્લેમ છે ને!' ઝરણાએ બનાવટી રડતલ મોં કરતાં કહ્યું. 'એ ગધેડો કહે છે કે તું તો આખા ગામને કહેતી ફરે છે કે આઇ લઓ...ઓ...ઓ...વ યુ! પણ ડોબો સમજતો જ નથી કે એ લવ અને આ લવમાં ફરક છે! તમે એને સમજાવજોને? એ તમારું કહ્યું જરૂર માનશે.'

વિદિશા ઝરણાના ચહેરા સામે જોતી જ રહી ગઈ. કેવી પતંગિયા જેવી છોકરી છે! એ બિચારીને તો સહેજે અંદાજ પણ ક્યાંથી હોય કે પોતે જ મેહુલ માટે શુંનું શું વિચારીને બેઠી છે, બીજી બાજુ, મેહુલના મનમાં શું ચાલી રહ્યું છે એ પણ ક્યાં કળાઇ રહ્યું હતું? આખરે પોતાના દિલ પર પથ્થર મૂકીને તેણે હળવેથી ઝરણાના ગાલે હાથ ફેરવતાં સ્માઇલ આપ્યું. 'તું ચિંતા ન કરીશ હોં? હું જરૂર મેહુલને સમજાવીશ...'

'દીદી, આઇ લવ યુ, લવ યુ, લવ યુ... લઓ...ઓ...ઓ...વ યુ!' કરતી ઝરણા તેને બાઝી પડી.



ઘરે પાછા ફરતાં વિદિશાના મનમાં સતત વિચારોના આટાપાટા ચાલતા રહ્યા. જે કૉલેજના તોફાની અને મસ્તીભર્યા માહોલમાં રહીને તે અભિજાતના મૃત્યુનો આઘાત ખમી શકી, જે મેહુલના લીધે તેના ચહેરાનું સ્મિત 'ડે-વન' યાને કે પહેલાં જ દિવસથી, પાછું આવી ગયું હતું અને જે ઝરણાને લીધે તે ફરી ખડખડાટ હસતી થઈ ગઈ હતી એ ત્રણેયના કારણે ફરીથી હતાશાની ખાઈમાં સરી પડવું પડશે?

કાર પાર્ક કરીને દાદરા ચડીને તે ઉપર આવી ત્યારે ઉર્વી એક ચમકતા સ્માઇલ સાથે તેની રાહ જોતી બારણે ઊભી હતી. તેના હાથમાં એક કવર હતું.

'શું છે આ?' વિદિશએ પૂછ્યું.

'ભૂલી ગઈ?' ઉર્વીએ કહ્યું 'આજે અભિજાતનો બર્થ-ડે છે. ખાસ આજના દિવસે તને મળે એ રીતે અભિજાતે એક પત્ર લખીને એનાં મમ્મી-પપ્પાને આપી રાખ્યો હતો.'

વિદિશાના આખા શરીરમાંથી અભિજાતની યાદોની ઝણઝણાટી પસાર થઈ ગઈ.

'શું લખ્યું છે એમાં?'

'તું જાતે જ ખોલીને જોઈ લેને!'

કવર ખોલતાં પહેલાં વિદિશાના મનમાં વિચારો ઘેરાઈ વળ્યા... કૉલેજ, મેહુલ અને ઝરણાને કારણે એ અભિજાતને તો જાણે ભૂલી જ ગઈ હતી! જોવાની વાત એ હતી કે અભિજાતે એને કેટલી સરસ રીતે યાદ રાખી હતી? વિદિશાએ કવર ખોલ્યું. એમાં અભિજાતના પોતાના, કદાચ અંતિમ ક્ષણો વખતે લખાયેલા, ધ્રૂજતા અને થોડા વાંકાચૂંકા અક્ષરે લખાયેલો એક નાનકડો મેસેજ હતો:

'વિદિશા, તેં તારા દિલમાં કોઈને સ્થાન આપ્યું છે કે નહીં તેની મને ખબર નથી પણ મારી બીજી એક વાત


સમજવાની કોશિશ કરજે... લિસન ટુ સમવન એલ્સીસ દિલ, ઓલ્સો...'

અભિજાત જતાં પહેલાં કેવી અદ્ભુત વાત લખી ગયો હતો! આખી જિંદગી એ કહેતો રહ્યો 'લિસન ટુ દિલ, લિસન ટુ દિલ... અને છેલ્લે સંદેશો આપતો ગયો કે બીજા કોઈના દિલની વાત સાંભળવી પણ એટલી જ અગત્યની છે!'

વિદિશાએ કવરમાં પત્ર પાછો મૂકતાં ઊંડો શ્વાસ લીધો. મનોમન તેણે એક નિર્ણય લઈ લીધો હતો. એ પણ ઉદાસ મનથી નહીં, પૂરેપૂરા ખુશ મનથી...



પુસ્તક પરિચય



ધર્મની રક્ષા કાજે અધર્મના આચરણ
સામે ફૂંકાતા શંખની નવલકથા

અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધી, નેલ્સન મંડેલા, સ્ટીવ જૉબ્સ. દરેક યુગને, દરેક જમાનાને, દરેક પ્રજાને એના હીરો મળે છે – એવા હીરો જે જાતે ઘસાઈને પોતાના સમયની પ્રજાને અને આવનારી પેઢીઓને ઊજળી બનાવે. ઇન્સ્પાયર કરે. ગુજરાતી પ્રજા માટે આવો જ એક મહાનાયક છે કરસનદાસજી મૂળજી. 28 વર્ષનો કપોળ યુવાન. મુંબઈમાં રહેતો. 'સત્યપ્રકાશ' નામનું સાપ્તાહિક ચલાવતો.


આ નવલકથા 'મહારાજ લાયબલ કેસ' અને કરસનદાસ મૂળજીના જીવનની સત્ય ઘટનાઓ પર આધારિત છે.

જે ઘટનાના પોત પર સમયના સળ પડી ચૂક્યા છે તેના પર કલ્પનાની ઇસ્ત્રી ફેરવીને નવલકથા લખવાની શું જરૂર હતી? જરૂર હતી. કારણ કે દોઢસો વર્ષ પહેલાંના એ જમાના પછી ઘણું બધું બદલાઈ ગયું છે. છતાં ઘણું બધું એમનું એમ જ છે. આજે પણ તમે છાપાંમાં ધર્માચાર્યોની લાલસાનો ભોગ બનતી કુમળી કન્યાઓના કિસ્સા વાંચો છો. શ્રદ્ધાની જ્યોત ડગમગતી હોય ત્યારે એને ફરી ઝગમગતી કરવાની કોશિશ 'મહારાજ' નવલકથાના પાને પાને પ્રગટતી તમે જોઈ શકશો.

જેમ રાષ્ટ્રમાં ચાલતા ભ્રષ્ટાચારને ઉઘાડા પાડનારને રાષ્ટ્રપ્રેમી કહેવાય, રાષ્ટ્રદ્રોહી નહીં; એમ ધર્મમાં ચાલતાં દુરાચરણોને ખુલ્લાં પાડનાર ધર્મદ્રોહી નહીં, ધર્મપ્રેમી છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



પુરાણોમાં સુર-અસુર, દેવ-દાનવોની વાતો ખૂબ વાંચી છે, પણ એ તો હજારો વર્ષો જૂની કથાઓ. પણ વીસમી સદીમાં આવા નરપિચાસ હોઈ શકે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. ઇદી અમીન દાદા, જે મુખ્યત્વે અમીનના નામે જ ઓળખાતો એ વીસમી સદીનો યુગાન્ડાનો નરપિચાસ હતો. પુસ્તકમાં આવતો તેનો જીવનકાળ સાવ સત્ય હકીકતો છે.

અંગ્રેજીમાં તો ઇદી અમીન ને ઓબોટે વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે, પણ ગુજરાતીમાં? એમાંય ભારતના ગુજરાતી સમાજને ઇદી અમીન વિષે કેટલી ખબર? ચીલાચાલુ સામાજિક નવલકથાઓને બદલે આ સામાજિક, રાજકીય ને ઐતિહાસિક નવલકથા બની રહેશે તેવું મારું માનવું છે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

પુસ્તક પરિચય



એક સિરિયલ કિલર જે પોતાને
અંતિમ અવતાર માનીને એક પછી એક...

પાંચ હજાર વર્ષ પહેલાં, આ પૃથ્વી પર કૃષ્ણ નામના વ્યક્તિત્વનું આગમન થયું. એમણે માનવજાતનાં કલ્યાણ માટે ચમત્કારોથી ભરેલાં અનેક કાર્યો કર્યાં. એમની વિદાય વખતે તેમણે એવું વચન આપેલું કે કળિયુગમાં જ્યારે પણ પોતાની જરૂર પડશે ત્યારે એ અવતાર ધારણ કરશે.

કૃષ્ણએ માનવજાતને જે અમૂલ્ય વારસો આપ્યો એ શેનો છે અને ક્યાં છે? એ રહસ્ય શોધવા માટે એક સિરિયલ કિલર જે પોતાને અંતિમ અવતાર માને છે તે, ભગવાનના નામે જે યોજનાઓ ઘડે છે, એ થથરાવી દે એવી ભયાનક છે.

સસ્પેન્સ અને થ્રિલરના ચાહકોને તો આ વાર્તા ગમશે જ, સાથે સાથે વેદકાલીન ઘટનાઓનું અહીં નવી દૃષ્ટિએ જે અર્થઘટન થયું છે એ પણ તમને છેલ્લા પાનાં સુધી જકડી રાખશે.

આજે જ વાંચો. દરેક જાણીતા વિક્રેતા
અને Online સ્ટોર પર ઉપલબ્ધ.

Listen 2 Dil આગળ વાંચો...



'લિસન ટુ સમવન એલ્સીસ દિલ...'

અભિજાતના આ વિચારને વાગોળતી વિદિશા બારી પાસે ઊભી હતી. રાતના બે વાગી ગયા હશે. ઉર્વી ઊંઘી ગઈ હતી. બારીમાંથી દેખાતું સુરત કંઈ જુદા જ રંગોથી ચમકતું હતું. હમણાં જ વરસાદ પડી જવાને કારણે આકાશ ખુલ્લું ખુલ્લું લાગતું હતું.

વિદિશાના મનમાં પણ એક ખાસ પ્રકારની ઠંડક હતી. અભિજાત તેની છેલ્લી ઘડીઓમાં કેવું સરસ વિચારી ગયો હતો! જો વિદિશાએ કોઈ સાથે લગ્ન કર્યાં હોત તોપણ આ જ વાક્ય લાગુ પડતું હોત ને! ...'લિસન ટુ સમવન એલ્સીસ દિલ!' અને જો કોઈ સાથે મનમેળ ન થયો હોત તો પણ... લિસન ટુ સમવન એલ્સીસ દિલ! અત્યારે તો સંજોગો એવા હતા કે વિદિશાએ મેહુલ અને ઝરણા બંનેના દિલોની વાત સાંભળવાની જરૂર હતી.

એ જ ઝરણા, જે થોડા જ મહિનામાં એની વહાલી નાનીબહેન જેવી બની ગઈ હતી. એ જ ઝરણા જેણે તેને કારમાં ગૂંગળાઇ મરતી બચાવી હતી. અને મેહુલ? જ્યારે અભિજાતના જવાથી એક ઘેરી ઉદાસીમાં તે ફસાઈ ગઈ હતી ત્યારે મેહુલનાં જ તોફાનો વડે તે હસતી થઈ ગઈ હતી ને! એ જ મેહુલ, જેણે દિલ્હીમાં તેને લોફરોના સકંજામાંથી છોડાવવા પોલીસના ડંડા ખાધા હતા.

બંને સ્ટુડન્ટો તેની જિંદગીના પર્સનલ મેમ્બર બની ગયા હતા. હવે એમને બંનેને મિલાવી દેવામાં પોતે નિમિત્ત બને તો વાંધો શું હતો?

'હા, વાંધો શું હતો?' એ સવાલ જ્યારે વિદિશાના દિલમાં પડઘાયો ત્યારે એને થયું કે દિલમાં ઊંડે ઊંડે કંઈક ઝીણી તિરાડ જેવું પડી રહ્યું છે... શું બધું બરોબર જ હતું?



બીજા દિવસે સવારે કૉલેજમાં જઈને તેણે મેહુલને સમજાવવાનો હતો પણ મેહુલ ક્લાસમાં દેખાયો જ નહીં. રિસેસમાં ઝરણા સામે મળી ગઈ.

વિદિશાએ પૂછ્યું 'મેહુલ ક્યાં છે?'

જવાબમાં ઝરણા ખિસકોલીની જેમ ઊછળતાં બોલીઃ 'લો, ખબર નથી! ગાંધીનગરમાં બેડમિંગ્ટનની ટુર્નામેન્ટ ચાલુ થાય છે ને! મેહુલ મુંબઈથી સીધો ગયો છે ગાંધીનગર... હું પણ કૉલેજ પતે એટલે જઈ રહી છું. એ મારો ડબલ્સમાં પાર્ટનર છે ને! ડબલ્સમાં તો હું એના લીધે હારવાની છું પણ તમે જોજો દીદી, સિંગલ્સમાં તો હું જ ચેમ્પિયન બનવાની છું. બસ, એ બબૂચક પાછો આવે કે તરત એનો કાન પકડીને કહી દેજો કે-'

'એક મિનિટ-'

ઝરણાની જીભ તો પોપકોર્નની ધાણીની માફક ફૂટ્યા જ કરતી હોત પણ વિદિશાએ તેને અટકાવી. લોબીમાંથી સાઇડમાં લઈ જઈને તેને પાળી પર બેસાડી.

'સાંભળ, એમ કોઈને કાન પકડીને ન સમજાવી શકાય. અને તું તો જે રીતે ફેંટ પકડીને આઇ લવ યુ કહેવડાવે છે ને, એ પણ ન ચાલે.'

'તો?' ઝરણાની આંખોમાં તોફાન હતું.

'ગાંડી છોકરી, કોઈના દિલની વાત જાણવી હોય તો ફેંટ પકડીને નહીં, હળવેકથી એનો હાથ પકડીને પૂછવી પડે. સમજી? લિસન ટુ સમવન એલ્સીસ દિલ, ઓલ્સો.'

'વા...ઉ!' ઝરણાની આંખો પહોળી થઈ ગઈ.

એણે ચપટી વગાડી. 'શું ટેક્નિક બતાડી છે, વિદિદીદી! હું ગાંધીનગરમાં ડેફિનેટલી ટ્રાય કરીશ... થેન્કયુ, થેન્કયુ, થેન્કયુ! આઇ લઓ...ઓ...ઓ...વ યુ વિદિદીદી!'

ઝરણા તેના ગાલ ઉપર બકી કરીને ઊછળતી કૂદતી ભાગી ગઈ. વિદિશા તેને જોતી જ રહી... મનમાં થયું, હવે ઝરણા જાતે જ ફોડી લે તો સારું ને! હું મેહુલને શી રીતે સમજાવી શકવાની હતી?



બીજા દિવસે વિદિશા કૉલેજ જવા નીકળી હતી ત્યાં જ ઝરણાનો ફોન આવ્યો. 'વિદિદીદી... વિદિદીદી... વિદિદીદી! તમારી ફોર્મ્યુલા હિટ નીકળી, લિસન ટુ સમવન એલ્સીસ દિલ! મેહુલે એના દિલની વાત મને કરી દીધી છે!'

'ઓહ ધેટ્સ-' વિદિશા જરા થોથવાઈ ગઈ. 'ધેટ્સ ગુડ ઝરણા!'

'ગુડ? અરે દીદી વન્ડરફુલ! બસ, ટુર્નામેન્ટના આજના રાઉન્ડો પતે પછી અમે ડેસ્ટિનેશન વેડિંગ માટે થોડી જગ્યાઓ જોવા જવાના છીએ!'

'ડેસ્ટિનેશન વેડિંગ?'

વિદિશાને રીતસરનો આઘાત લાગી ગયો. બધું આટલું ઝડપથી બની ગયું? સામે છેડે ઝરણાનો કલકલાટ તો જાણે શાંત જ પડતો નહોતો.

'વિદિદીદી! બસ, અમે લોકો બે દિવસ પછી એટલે કે સોમવારે પાછા સુરત આવીએ છીએ. તે વખતે તમે ફોટા જોઈને કહેજો કે મૅરેજ માટે કઈ જગ્યા બેસ્ટ છે... ચલો બાય! પેલો બબૂચક હજી ઊંઘતો હશે. મારે જ જઈને એને ઉઠાડવો પડશે...'

ફોન કટ થઈ ગયો. વિદિશા બારણામાં જ જડાઇને ઊભી રહી ગઈ. ડેસ્ટિનેશન વેડિંગ?

તો પછી, હવે મારી તો જરૂર જ ક્યાં રહી?



વિદિશાનું મન ડહોળાઈ રહ્યું હતું. તે કાર ચલાવી રહી હતી પણ ધ્યાન ક્યાં હતું? ઝીણો વરસાદ સતત વરસી રહ્યો હતો. કારનાં વાઇપર્સ ડાબે-જમણે ફરી રહ્યાં હતાં.

ડેસ્ટિનેશન વેડિંગ... આ શબ્દો વિદિશાના મનમાં પડઘાઈ રહ્યા હતા. અભિજાત પણ બાઇક લઈને તેમના મૅરેજ કોઈ ખાસ ખુલ્લી જગ્યાએ થાય તેની શોધમાં જ નીકળ્યો હતો ને? વડોદરાથી આજવા-નિમેટા રોડ ઉપર તેને પાછળથી આવી રહેલી એક ટ્રકે ટક્કર મારી દીધી હતી... ક્યાંક ઝરણા અને મેહુલ સાથે પણ આવું થઈ જાય તો?

- અને એમાં ક્યાંક ઝરણાને જ- વિદિશાને પોતાની જાત ઉપર જ ગુસ્સો આવી ગયો. દિમાગ કેવા કેવા

વિચારો કરી રહ્યું હતું? ઝરણા? કોઈ નહીં ને મેં ઝરણાનું મોત વિચારી નાખ્યું? હદ થઈ ગઈ...

કારની આગળ જઈ રહેલા સ્કૂટર પર એક યંગ કપલ જઈ રહ્યું હતું. ઝરમર વરસાદમાં બંને મસ્તીએ ચડ્યાં હતાં. વિદિશાને ઈર્ષ્યા થઈ આવી.

અચાનક કોણ જાણે શું થયું તે વિદિશાથી બ્રેક મારવાને બદલે એક્સિલરેટર દબાઇ ગયું! પેલા સ્કૂટરને હળવી ટક્કર વાગી ગઈ. બંને નીચે પડી ગયાં.

'ઓહ ગોડ! આ શું કર્યું મેં?' વિદિશા ડરી ગઈ. ત્યાં તો પેલી છોકરી એનો ડ્રેસ ખંખેરતી કારની બારી પાસે આવીને મોટેથી બોલી 'કેમ આન્ટી? યંગ લોકોના લવથી તમને જલન થાય છે?'

એ છોકરી તો જતી રહી પણ વિદિશા આઘાતથી ત્યાં જ ભાંગી પડી. તેણે કાર સાઇડમાં લઈને ઊભી કરી દીધી. અચાનક એની છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો... તે સ્ટીયરિંગ વ્હીલ પર માથું ટેકવીને ડૂસકાં ભરી ભરીને રડવા લાગી.

શું આ જ હતું ઊંડે ઊંડે એના દિલમાં? શું પોતે જેલસ નહોતી? શું હાલત કરી મૂકી હતી તેણે પોતાની? થોડીવાર રડી લીધા પછી વિદિશાએ બીજો એક નિર્ણય લઈ લીધો...



'રાજીનામું?' વાઇસ પ્રિન્સિપાલ મિસિસ પંડ્યા ટોટલી કન્ફ્યુઝ થઈ ગયાં હતાં. 'પણ શા માટે, વિદિશા?'

'પર્સનલ રિઝન્સ.' વિદિશાએ કહ્યું, 'લેટરમાં મેં એ જ લખ્યું છે. તમે વાંચી લો ને? મેં મહિના પહેલાં નોટિસ નથી આપી તે બદલ મારે કેટલા પૈસા ચૂકવવાના તેનો મને મેઇલ કરી દેજો... અને હા, આમ તો હું સોમવારથી જ નથી આવવાની પણ આજે મારી તબિયત ઠીક નથી એટલે હમણાં જ પાછી જાઉં છું...' બોલતાં બોલતાં વિદિશાનો અવાજ લથડી ગયો. મિસિસ પંડ્યા હજી સ્તબ્ધ હતાં. રેઝિગ્નેશન લેટર એમના ટેબલ પર મૂકીને વિદિશા બહાર નીકળી ગઈ.



ઉર્વી બેન્કમાંથી પાછી આવે ત્યાં સુધી વિદિશા કંઈ ખાધા પીધા વિના સૂનમૂન થઈને બેસી રહી. હવે આ શહેરમાં શી રીતે રહેવાય? આ જ કૉલેજમાં શી રીતે ભણાવાય? અરે, મેહુલ અને ઝરણાના ડેસ્ટિનેશન વેડિંગમાં પણ શી રીતે હસતું મોં રાખી શકાશે?

અભિજાતના મૃત્યુ પછી તે સુરત એટલા માટે આવી હતી કે કૉલેજની જૉબમાં મન હળવું થઈ જાય પણ છેવટે કિસ્મતનું ચક્કર ઘૂમી ઘૂમીને ઉદાસીના ખાનામાં જ અટક્યું. વિદિશાએ નિઃશ્વાસ નાખ્યો, હશે, હવે તકદીર સાથે પનારો પાડતાં પણ શીખી લેવું પડશે, બીજું શું?

ઉર્વી બેન્કથી આવી પછી વિદિશાએ તેને છેક ડેસ્ટિનેશન વેડિંગ સુધીની આખી વાત કહી દીધી. સાંભળીને ઉર્વી પણ ચૂપ હતી, તે વિદિશાની પીઠ પસવારતી રહી. એક શબ્દ આશ્વાસનનો પણ ન બોલી શકી.

'બસ, આજે અને કાલે બધું પેકિંગ પતાવી દઉં. પછી સોમવારે સવારે નીકળી જવું છે.' વિદિશાએ ઉર્વીને કહ્યું, 'તું મને કારમાં મૂકવા આવીશ ને? મારાથી તો ડ્રાઇવિંગ નહીં થાય...'

બે ક્ષણ માટે ઉર્વીને પણ સમજાયું નહીં કે વિદિશાને શું કહેવું? છેવટે તેણે પ્રેક્ટિકલ જવાબ શોધી કાઢ્યો. 'હું આવીશ, પણ આપણે એક ડ્રાઇવરને સાથે લઈ લઈશું. તેં તારાં મમ્મી-પપ્પાને કહી દીધું છે?'

'શું ફરક પડે છે?' વિદિશાએ નિઃશ્વાસ નાખ્યો. 'અમદાવાદ પહોંચીને બધું કહેવાનું જ છે ને...'



સોમવારે સવારે ડ્રાઇવર આવી ગયો. તેણે ઍપાર્ટમૅન્ટમાંથી વિદિશાનો બધો સામાન ડેકીમાં ગોઠવી દીધો હતો. ઉર્વી અને વિદિશા ફ્લેટને તાળું મારીને નીચે ઊતર્યાં ત્યારે વધુ એક આશ્ચર્ય તેમની રાહ જોઈ રહ્યું હતું.

સામે મેહુલ અને ઝરણા ઊભાં હતાં. એમની પાછળ વિદિશાની કૉલેજના તેના મોસ્ટ ફેવરિટ સ્ટુડન્ટોનું નાનકડું ગ્રૂપ પણ હતું. ઝરણા હસી રહી હતી.

'મૅડમ, તમને શું લાગ્યું, અમને છોડીને તમે ચૂપચાપ જતાં રહેશો અને અમે જોતાં રહીશું? નો વે! તમારે ડૅસ્ટિનેશન વેડિંગ પતાવ્યા વિના ક્યાંય જવાનું નથી, સમજ્યાં?'

વિદિશાએ પ્રેમથી ઝરણાને ગાલે હથેળી ફેરવી. 'ચિંતા ન કરીશ ઝરણા, ડેસ્ટિનેશન વેડિંગમાં હું જરૂરથી હાજરી આપીશ, બસ?'

'હાજરી?' ઝરણા હસવા લાગી. 'અરે, વિદિદીદી, હાજર રહ્યા વિના છૂટકો જ ક્યાં છે? પોતાના જ લગ્નમાં દુલ્હન ગેરહાજર રહી શકતી હશે, કદી?'

'વૉટ નોન્સેન્સ!' વિદિશા જરા અકળાઈ ગઈ, 'શું બકવાસ કરે છે ઝરણા?'

'બકવાસ નહીં, સાચું કહું છું!' ઝરણા બોલી ઊઠી, 'લગ્ન તો તમારાં જ થવાનાં છે, મેહુલ સાથે!'

'શું?'

બે ક્ષણ માટે વિદિશાને સમજાયું જ નહીં કે ઝરણા કહેવા શું માગતી હતી. ઝરણા ખિલખિલ હસી રહી હતી.

'વિદિદીદી, તમારી પેલી ફોર્મ્યુલા પરફેક્ટ હતી. ફેંટ ઝાલીને નહીં, હાથ પકડીને પૂછવાનું! મેં એ જ રીતે મેહુલને પૂછ્યું, ત્યારે માંડ માંડ એ શર્મિલી દુલ્હનની જેમ બોલ્યો કે એ તો તમને જ પ્રેમ કરે છે. એ પણ આજકાલનો નહીં... છેલ્લા કેટલાય મહિનાથી!'

વિદિશાને તો આ બધું અનબિલિવેબલ જ લાગી રહ્યું હતું. એણે મેહુલ સામે જોયું. મેહુલ તરત જ આંખો ઝુકાવીને પગના અંગૂઠા વડે ભોંય ખોતરવા લાગ્યો. એના ગાલે રીતસર, ઝરણાએ કહ્યું હતું તેમ, શરમની લાલી ઊપસી આવી હતી!

'પણ તેં મને કોઈ દિવસ કહ્યું કેમ નહીં?'

વિદિશાનો સવાલ જાણે સીબીઆઇની ઇન્ક્વાયરી હોય તેમ મેહુલ ગભરાઈને બોલી ઊઠ્યો, 'મૅડમ, મારી તો હિંમત જ શી રીતે થાય? ઇલેક્શન વખતે મેં તમારો વિડિયો અપલોડ કરવાની ભૂલ કરી એમાં તો તમે મને સસ્પેન્ડ કરાવી નાખવાની વાત કરી નાખી! તો પછી આમાં-'

'આમાં એટલે શેમાં?' ઝરણાએ મેહુલના માથે જોરથી ટપલી મારી 'જોયું? હજી બોલે છે? હજી બોલે છે?'

'વિદિશા મૅડમ...' મેહુલ હવે જરા ખૂલ્યો. 'તમારા પ્રેમમાં તો હું એ જ દિવસે પડી ગયો હતો જે દિવસે તમે મને ઉપર ઍપાર્ટમૅન્ટમાં બોલાવીને ખાંડ વગરની ચા પીવડાવી હતી!'

સૌ ખડખડાટ હસી પડ્યાં.

વિદિશાએ પોતાનું હાસ્ય ઉમેરતાં પૂછ્યું, 'ઇડિયટ! તને હું છેક અડાલજની વાવ સુધી લઈ ગઈ, ચોકીદારની પત્નીની વારતા કીધી, અભિજાતના ફોટા અને લેટર્સવાળું ટેબ તને સોંપી દીધું... છતાં તને ન સમજાયું?'

'એમાં છે ને, ઇંગ્લિશ ગ્રામર નડી ગયું!' મેહુલ હવે સહેજ હસ્યો. 'ગ્રામરમાં પેલું હોય છે ને, એક્ટિવ વોઇસ... પેસિવ વોઇસ... તમે 'ડાયરેક્ટ' સ્પીચને બદલે 'ઇન્ડિરેક્ટ' સ્પીચવાળા વ્યાકરણમાં બધું કીધું ને, એટલે ક્યાંથી ટપ્પી પડે?'

બધાં હસી પડ્યાં. મેહુલે ઉમેર્યું, 'એમાં વળી હું સતત વિચાર્યા કરું કે ક્યાં અમેરિકાની યેલ યુનિવર્સિટીમાં ભણેલો એન્જિનિયર અભિજાત અને ક્યાં હું સુરતનો દેશી ઇંગ્લિશ લિટરેચરવાળો! મારી હિંમત જ ક્યાંથી થાય?'

'વાંક તારા એકલાનો નથી.' વિદિશાએ કહ્યું, 'મેં મારા પપ્પાને પ્રોમિસ આપ્યું હતું કે જ્યાં સુધી તું ગ્રેજ્યુએટ ન થઈ જાય ત્યાં સુધી કૉલેજની ઇમેજ ખરાબ ન થાય એટલા માટે હું કોઈ એકરાર નહીં કરું.'

'પણ હવે તો એકરાર થઈ જ ગયો ને!' ઝરણા બનાવટી રડમસ ડાચું બનાવતાં બોલી. 'અરેરે, હવે કૉલેજની ઇમેજનું શું?'

'કેમ, વિદિશાએ રાજીનામું તો આપી જ દીધું છે ને!' ઉર્વીએ સોલ્યુશન કાઢી આપ્યું. 'બસ, હવે એ કહો કે વેડિંગ માટે ડેસ્ટિનેશન શું શોધી લાવ્યા છો?'

'લો, એ તો અડાલજની વાવ જ હોય ને! વૉટ ડુ યુ સે ગાય્ઝ એન્ડ ગર્લ્સ?' ઝરણાએ બધા સ્ટુડન્ટો પાસે પૂરા જોશથી 'હુરેરેરેરે...' કરાવી નાખ્યું.

'બસ, એક જ રિક્વેસ્ટ છે.' મેહુલે એ ઘોંઘાટની વચ્ચે વિદિશાને પૂછી લીધું. 'મૅરેજ પછી પણ હું તમને 'તમે' કહું તો ચાલશે ને?'

એ સમયે વિદિશાના દિલમાં બે સ્લોગનોના પડઘા પડ્યા... એક, 'લિસન ટુ દિલ' અને 'લિસન ટુ સમવન એલ્સીસ દિલ...' એણે સ્માઇલ કરીને મેહુલનો હાથ પોતાના હાથમાં લેતાં ઇંગ્લિશ લિટરેચરના પ્રાધ્યાપકની શૈલીમાં કહ્યું, 'વિ શેલ સી...'

બસ, આખી વાર્તામાં હજી એક જ ડીટેલ ખૂટે છે. મેહુલ અને વિદિશાએ અડાલજની વાવના પ્રાંગણમાં લગ્ન કરવા માટે પુરાતત્વ વિભાગની પરમિશન માગી તો છે, પણ હજી આવી નથી!

- અને હા, પેલી ઝરણા હવે શોધી રહી છે કે કોની ફેંટ પકડીને કહેવું કે...

●●

આ નવલકથા તમને કેવી લાગી?
તમારા પ્રતિભાવો/કૉમેન્ટ્સ ઇ-મેલ કરો.

email: vibhavari4dil@gmail.com



email: sales@rrsheth.com